શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાળા : ગ્રંથાંક-૮૫

# મહારાજા શુકરાજ-સચિત્ર





સંયોજક-સંપાદક :
શાસન પ્રભાવક - નિડર વક્તા - મરુધર રત્ન
સાહિત્યપ્રેમી મુનિવર્ય શ્રી નિરંજનવિજયજી મ.

રૂા. ૩-૫૦

સં. ૨૦૨૯

# ઉત્તમ દૃષ્ટાંત સંગ્રહ સચિત્ર

વિષમ વાતાવરણમાં જ્યારે ધર્મની ગ્લાનિ થઈ રહી હોય, ત્યારે બાળમાનસને ધર્મપ્રતિ વાળનાર સાહિત્ય વંચાવવું જોઈએ.

ઉત્તમ દૃષ્ટાંત સંગ્રહમાં આબાલવૃદ્ધને ધર્મની પ્રેરણા આપે–માનવતાના પીયૂષ પાય તેવાં પાત્રો છે.

અત્યારે ગમે તેવું સાહિત્ય વાંચવામાં આવે છે, તેથી મનની વૃત્તિ વિકૃત થાય છે. તે વિકૃત થતી વૃત્તિને ધર્મ પ્રત્યે વાળવા આવી વાર્તાઓ જરૂરની છે.

જેમાં ૫૧ જેટલા મનોહર ચિત્રો આવેલાં છે. અને બોધક સુંદર શૈલીમાં આલેખાયેલ ૨૩ જેટલી વાર્તાઓ છે. આ પ્રકારનું પુસ્તક દરેક ઘરમાં હોવું આવશ્યક છે. ઉર્ધ્વ ગતિમાં લઈ જનાર આ પુસ્તક વાંચો અને વંચાવો.

પૃષ્ઠ ૨૮૦ પેઈજ

કિ. રૂા. ૫–૦૦ પોષ્ટેજ જુદુ


મળવાનું ઠેકાણું ટે. નં. ૨૩૧૪૨

**શ્રી. રસિકલાલ અમૃતલાલ શાહ**

ઠે. જ્યોતિ હાઈસ્કૂલ સામે, નગરશેઠનો વંડો, ઘીકાંટા રોડ,

**અમદાવાદ–૧.**

# મહારાજા શુકરાજ સચિત્ર

(મનોહર ૩૫ ચિત્રો સહિત)

લેખક :

શાસનપ્રભાવક - નિડરવક્તા - મરુધરરત્ન

સાહિત્યપ્રેમી પૂ. મુનિવર્ય શ્રી નિરંજનવિજયજી મહારાજ

卐

કિં. સાડાત્રણ રૂપિયા

સુસંસ્કારોને પોષણ આપતી અને આનંદ સાથે જ્ઞાન-બોધ આપતી

# શિશુ—બોધ—સોપાન—ગ્રન્થાવલી

## [ સોપાન પહેલું ]

## અવંતીપતિ મહારાજા વિક્રમાદિત્ય




આ પુસ્તક મા-બાપોએ પોતાનાં બાળકોને ખાસ વંચાવવા યોગ્ય છે. કેમકે તેની લેખનશૈલિ બાળકોને ગમી જાય તેવી છે. સંવતપ્રવર્તક પરદુઃખભંજન વિક્રમરાજાના ધાર્મિક જીવનવૃત્તાંતથી તે ભરપૂર છે, ૧૫ ભાવવાહી સુંદર ચિત્રો સાથે. સુધારાવધારા સાથે બીજી આવૃત્તિ.

**એક નકલના ૫૦ પૈસા**

## [ સોપાન બીજું ] સુપાત્ર-દાનનો મહિમા યાને શ્રેષ્ઠિ ગુણસાર




'કર્મને શરમ નથી' તેનું હૂબહૂ ચિત્ર ખડું કરતી અને સાધુદાનની તાત્કાલિક સફળતાનો ચિતાર રજૂ કરતી રસમય કથા. સુંદર ૧૧ ચિત્રો સહિત આ પુસ્તકમાં છે. જે બાળકોને બોધપ્રદ અને રસ ઉત્પન્ન કરે તેવી છે. ટૂંક સમયમાં ત્રીજી આવૃત્તિ છપાઈ છે.

**એક નકલના ૭૫ પૈસા**

**પ્રાપ્તિસ્થાન : શ્રી રસિકલાલ અ. શાહ**
જ્યોતિ હાઈસ્કૂલ સામે, નગરશેઠનો વંડો,
ઘીકાંટા રોડ અમદાવાદ-૧.

શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન-ગ્રંથમાલા

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ભૂષણ શ્રી આદિનાથાય નમઃ

શત્રુંજય નામ શાથી પડયું ?

તે જણાવતી કથા

# મહારાજા શુકરાજ

લેખક

શ્રી નેમિ—અમૃત—ખાન્તિ ચરણોપાસક :—

શાસનપ્રભાવક, નિડરવક્તા, મરુધરરત્ન સાહિત્યપ્રેમી

પૂજ્ય મુનિવર્ય શ્રી નિરંજનવિજયજી મહારાજ

卐

સંપાદક : શ્રીયુત કૃષ્ણપ્રસાદ ભટ્ટ B. A., સાહિત્યાચાર્ય

પ્રકાશક

શ્રી નેમિ—અમૃત—ખાન્તિ—નિરંજન—ગ્રંથમાલા વતી

શ્રી રસિકલાલ અમૃતલાલ શાહ

ઠે. જ્યોતિ હાઈસ્કૂલ સામે, નગરશેઠનો વંડો, ઘીકાંટા રોડ,

અમદાવાદ-૧. ટે. નં. ૨૩૧૪૨

સંવત ૨૦૨૯ ઈ. સ. ૧૯૭૩

# અમારાં પ્રકાશનો નીચેના જૈન બુકસેલરો પાસેથી પણ મળી શકશે.

પ્રકાશક : **રસિકલાલ અમૃતલાલ શાહ**
ઠે. નગરશેઠનો વંડો, જ્યોતિ હાઈસ્કૂલ સામે, **અમદાવાદ-૧.**

**૧ સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. રતનપોળ હાથીખાના, **અમદાવાદ-૧**

**૨ જસવંતલાલ ગિરધરલાલ શાહ**
**C/o જૈન પ્રકાશન મંદિર**
ઠે. ડોશીવાડાની પોળ, **અમદાવાદ-૧**

**૩ રતિલાલ બાદરચંદ શાહ**
ઠે. ડોશીવાડાની પોળ, **અમદાવાદ-૧**

**૪ સોમચંદ ડી. શાહ**
ઠે. જીવન નિવાસ સામે, **પાલિતાણા** (સૌરાષ્ટ્ર)

**૫ મેઘરાજ પુસ્તક ભંડાર**
ઠે. ગોડીજી બિલ્ડીંગ **મુંબાઇ-૨**

**૬ સેવંતીલાલ વી. જૈન**
ઠે. ૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, **મુંબાઇ-૨**

---

મુદ્રક : ચિનુભાઈ મોહનલાલ, લિપિકા મુદ્રણ : ગાંધીઆશ્રમ સામે,
ચન્દ્રભાગા પુલના નાકે, અમદાવાદ-૧૩.

# પ્રકાશકીય કથન

સમયના આગળ વધવા સાથે વાતાવ[illegible] હોઈ ધાર્મિક પુસ્તકો માર્ગદર્શક નીવડે છે.

આ **શુકરાજ કથા** માનવજીવનને સાર્થક કરવાની દીવાદાંડી રૂપ બની રહે છે.

આ કથા **'કથાભારતી'** માં ક્રમશઃ છપાઈ હતી અને તેનાં વાચકો માટે આકર્ષણનું સ્થાન બની હતી. એ વાર્તા પુસ્તકાકારે છપાય તેવી ભાવના કેટલાય ભાઈઓની હોવાથી આજ તે પુસ્તકાકારે તૈયાર કરી વાચકો સમક્ષ મૂકતાં આનંદ થાય છે.

પૂ. સાહિત્યપ્રેમી મુનિવર્ય **શ્રી નિરંજનવિજયજી મહારાજ સાહેબે** આ અંગેના બે ગ્રંથોનું અવલોકન કરી અતિ શ્રમ લઈ તૈયાર કર્યું છે. પૂ. મહારાજશ્રી આબાલવૃદ્ધોને સહેલાઈથી સમજી શકાય તેવી શૈલીમાં પુસ્તકો લખતા હોવાથી રુચિકર નીવડ્યાં છે. વારંવાર વાંચવાનું મન થાય છે.

આ પુસ્તકનું સંપાદન શ્રી. કૃષ્ણપ્રસાદ ભટ્ટે કર્યું હોઈ સોનામાં સુગંધ ભળવા જેવું થયું છે. પૂ. **આચાર્યશ્રી વિજયચન્દ્રોદયસૂરીજી** મહારાજે મમતાથી આ પુસ્તક અવલોકી જે લખી આપ્યું છે તે બદલ અમે ઋણી છીએ.

આવા પુસ્તકો પ્રત્યેક ઘરમાં હોવાં જોઈએ, જેથી સમયની અનુકૂળતા પ્રમાણે વાંચી શકાય.

આ પુસ્તક સચિત્ર હોઈ વાર્તા રસમાં વધારો કરે છે. ધાર્મિક ભાઈબહેનો આવું પુસ્તક વાંચી જ્ઞાન પ્રાપ્ત કરી આત્મકલ્યાણના માર્ગે આગળ વધે એ આશા.

**પ્રકાશક**

# નિવેદન

રાજા શુકરાજની કથા એટલે મંગળમય મોક્ષ માર્ગ સૂચવતી કથા. શુકરાજની કથામાં ભગવાન આદિનાથ જ્યાં બિરાજ્યા છે તે શ્રી શત્રુંજયગિરિરાજનું માહાત્મ્ય છે. એ ગિરિરાજને જાણે અજાણે સ્પર્શ થતાં પુણ્યશાળી થવાય છે.

**શુકરાજને એ ગિરિરાજથી બાહ્યાભ્યંતર શત્રુ પર વિજય મળ્યો તેથી તે પવિત્ર ગિરિરાજનું નામ 'શત્રુંજય' તેમણે પાડયું અને એ નામથી તે ગિરિરાજ અદ્યાપિ ઓળખાય છે. આ પાવન તીર્થાધિરાજના શ્રી પુંડરીકગિરિ, શ્રી વિમલાચલ વિગેરે અનેક નામો પણ પ્રચલિત છે.**

શુકરાજ કથામાં માનવજન્મ આત્માના ઊર્ધ્વીકરણ માટે છે, તે અનેક પાત્રો દ્વારા–દષ્ટાંતો દ્વારા સમજાવવામાં આવ્યું છે. વળી વધુમાં કોઈક ભવમાં કરેલાં કર્મનાં ફળ કોઈને કોઈ ભવમાં જીવાત્માને ભોગવવાં પડે છે તે સુંદર રીતે કહેવામાં આવ્યું છે.

જિજ્ઞાસુઓને આ કથા વાંચતા કેટલોય ઉપયોગી ઉપદેશ મળી રહેશે. જીવનમાં કેવું આચરણ કરવું તેની પ્રેરણા મળશે. ધર્મમાર્ગે ચાલતાં માનવને અક્ષયસુખ પ્રાપ્ત થાય છે તે જાણી શકાય છે. આ કથા ભાવિકોને જીવનનાવ હંકારવામાં અમૂલ્ય સાધન રૂપ બનશે.

ધર્મેચ્છુ ભાઈઓ આ પુસ્તકનું મનન કરી ધર્મને મહત્ત્વ આપી જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે તે આશા શું વધારે પડતી છે?

જીવનકાળમાં પૂજ્ય ગુરુનું સાંનિધ્ય સદાય મળતું નથી, સત્સંગ થતો નથી, ત્યારે આવા પુસ્તકો માનવને સાચો માર્ગ દર્શાવે છે, તેથી જ આવાં ધાર્મિકદષ્ટિ આપતાં પુસ્તકોનું સેવન કરવું રહયું. આ કથા લખતાં પહેલાં **પરમ પૂજ્ય આચાર્યશ્રી રત્નશેખર સૂરીશ્વરજી** વિરચિત **શ્રાદ્ધવિધિ** અને **પ. પૂ. શ્રી શુભશીલ-ગણિકૃત "વિક્રમ ચરિત્ર"** *અવલોકવામાં આવ્યાં છે ને દષ્ટિ* સમક્ષ રાખવામાં આવ્યાં છે.

ૐ

## કથા અંગે કંઈક

અપૂર્ણ માનવસમૂહને પૂર્ણતા પામવાના પુરુષાર્થ માટે ભારતના સંતો-મહાત્માઓએ, ધર્મસ્થાપકોએ અનેક માર્ગ બતાવ્યા છે. જુદા જુદા માર્ગે ગતિ કરવા છતાં સર્વનું સાધ્ય તો એક જ રહ્યું છે કે અપૂર્ણમાંથી પૂર્ણ બનવું.

જૈનદર્શનમાં પૂર્ણતાની સિદ્ધિ માટે જ્ઞાન અને ક્રિયાનો માર્ગ મુખ્ય ગણ્યો છે. જ્ઞાનમાર્ગમાં દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગને સંબંધ છે. જ્યારે ચરણ-કરણાનુયોગનો ઘનિષ્ઠ સંબંધ ક્રિયામાર્ગ સાથે છે. પણ તે માર્ગે ગતિ કરવા સાધકને ઉત્તેજિત કરનાર સુષુપ્ત ચેતનાને સજાગ બનાવનાર કથાનુયોગ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પણ તે કથા વિકથા-વિકૃત ન હોવી જોઈએ. વિકૃત કથાઓ સાધકને સાધનાથી ચલિત કરી સાધ્ય ભ્રષ્ટ કરે છે.

તે સુકથા કે ધર્મકથા હોય અને કથાકાર પણ તે ધર્મકથાને સુચારુ પદ્ધતિથી કહે, જેથી અબુધ પણ બોધ પામે. કથાકાર અને શ્રોતા બંનેને પ્રસન્નતા પ્રાપ્ત થાય.

બહુજન સમાજને પણ કથા પ્રત્યેની પ્રીતિ-લગન કોઈ જુદી જ હોય છે. બાળ-યુવક, પ્રૌઢો તેમ વૃદ્ધોને સુચારુ કથાઓ એક આહ્લાદક વાતાવરણમાં મૂકી દે છે.

આવી એક તરણતારણ- શ્રી સિદ્ધગિરિ મહાતીર્થના અનેક નામાભિધાનમાંથી એક નામ માટે નિમિત્ત બનનાર શુકરાજની કથા છે. જૈન શ્વેતામ્બર સંપ્રદાયમાં આ મહાતીર્થ અંગે શ્રદ્ધાભક્તિ કોઈ અનોખી છે. જેના નામરટણથી પણ ભાવિકો પોતાની જાતને ધન્ય માને છે. અરે, એ વાત અહીંથી ન અટકતાં તે પવિત્ર ક્ષેત્રમાં પોતાનો વાસ થાય તેની ઝંખના-ભાવના રાખે છે.

કારણ એ કે તે પાવન ગિરિરાજના કણકણમાં અનંત પૂર્ણ પુરુષોની સાધનાની પ્રેરણા પડી છે. તે કણ સ્પર્શ થતાં સાધક સાધનાની ઉત્કટ ગતિ પકડે છે અને વધતા વીર્યોલ્લાસ દ્વારા કોઈ અગમ્ય ભાવને પામી શકે છે.

**આ નક્કર હકીકતની રજુઆત સાહિત્યપ્રેમી મુનિ શ્રી નિરંજનવિજયજી મહારાજે સુંદર શૈલીથી રજૂ કરી છે.**

પ્રૌઢાવસ્થાએ પહોંચેલા આ મુનિશ્રીનો બાળજીવો પ્રત્યે સંસ્કાર સિંચન કરવાની લગનીનો પરિચય કથાની-પંક્તિ દ્વારા મળી શકે તેમ છે.

પ્રાન્તે આવી ધર્મકથા–સુકથાઓ નાના યા મોટા બુધ કે અબુધ સર્વ માનવસમૂહના કલ્યાણ માટે બનતી આવી છે અને વિશેષ બને એ જ મનીષા.

શ્રા. સુદ–૧૪, તા ૨–૮–૭૩
ઠે. પાંજરાપોળ જૈન ઉપાશ્રય
અમદાવાદ.

—વિજયચંદ્રોદયસૂરિ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રકાશકીય કથન .... .... .... | ૩ |
| | લેખકનું નિવેદન .... ... .... | ૪ |
| | કથા અંગે કંઈક .... .... .... | ૫ |
| | અનુક્રમણિકા .... ... .... | ૬ |
| ૧. | પ્રભાવી પોપટ .... .... .... | ૧૧ |
| ૨. | મૃગધ્વજ રાજાનો પુનઃ નગરપ્રવેશ .... | ૧૯ |
| ૩. | શ્રી દત્તકેવલીનું આગમન .... .... | ૨૩ |
| ૪. | શ્રી વિમલાચળ માહાત્મ્ય .... .... | ૩૦ |
| ૫. | જિતારિ રાજા મરીને પોપટ થયા .... | ૩૪ |
| ૬, | શ્રી દત્તકેવલીનું વિસ્મયકારક વૃત્તાન્ત .... | ૪૦ |
| ૭. | પેટીમાંની કન્યા કોણ હતી ? .... .... | ૪૭ |
| ૮. | શ્રીદત્તને શૂળીની શિક્ષા .... .... | ૫૫ |
| ૯. | શ્રીદત્તની દીક્ષા અને કેવળ જ્ઞાન .... | ૬૩ |
| | —( શુકરાજ ચરિત્ર આરંભ ) .... | ૬૭ |
| | —( રાજસભામાં ગાંગલિઋષિનું આગમન ) | ૬૮ |
| ૧૦. | શુકરાજની આશ્રમરક્ષા .... | ૭૧ |
| | ( પદ્માવતી મન્દિરમાં કેવી રીતે આવી ? ).. | ૭૬ |
| | ( શુકરાજને અનેક વિદ્યાઓની પ્રાપ્તિ.).... | ૭૭ |

૧૧. શુકરાજની શાશ્વત જૈન ચૈત્યોની યાત્રા.... ૮૦
(હંસકુમાર અને સૂરકુમારનું યુદ્ધ) .... ૮૪
૧૨. સૂરકુમાર પોતાનો પૂર્વભવ જણાવે છે. .... ૮૯
(ચન્દ્રશેખરે કરેલી યક્ષની સાધના) .... ૯૬
૧૩. મૃગધ્વજ રાજાની ચારિત્ર લેવાની ભાવના... ૧૦૧
(મૃગધ્વજ રાજાને કેવલજ્ઞાન) .... ૧૦૩
૧૪. ચન્દ્રશેખર શુકરાજનું રાજ્ય પચાવે છે .... ૧૦૭
(શાશ્વતા તીર્થોની યાત્રા માટે શુકરાજનું પ્રયાણ) ૧૦૯
૧૫. શુકરાજને પાછું કેમ જવું પડયું ? .... ૧૧૨
૧૬. શુકરાજે રાજ્ય પાછું મેળવ્યું ... ૧૧૬
(મૃગધ્વજ રાજર્ષિ દ્વારા પૂર્વભવ વૃત્તાન્ત) ૧૧૯
૧૭. રાજા શુકરાજની દીક્ષા અને મોક્ષગમન .... ૧૨૫
૧૮. શત્રુંજય મહિમા અને ઇતિહાસ .... ૧૩૧
(શત્રુંજય મહાતીર્થના થયેલા ઉદ્ધારો) .... ૧૩૫
(શત્રુંજય ગિરિરાજની ઊંચાઈ અને પહોળાઈ) ૧૩૭


સેવાભાવી
મુનિવર્ય
શ્રી ખાન્તિવિજયજી
શાસન પ્રભાવક
પૂ. આ. શ્રી વિજય
અમૃતસૂરીશ્વરજી
શાસન
સમ્રાટ
પૂ. આ. શ્રી
વિજય નેમિસૂરીશ્વરજી
મહારાજ
સાહિત્ય પ્રેમી
મુનિશ્રી
નિરંજનવિજયજી
સ્વાધ્યાય પ્રેમી
મુનિ શ્રી
ઉત્તમવિજયજી

ૐ

શત્રુંજય નામ શાથી પડ્યું ? તે જણાવતી

# શુકરાજ—કથા

"નથી ચૌદ ક્ષેત્રે, ત્રણુ ભુવનમાં તીર્થ સમ એ,
ગવાયો તેથી એ, સુગિરિ મહિમા વિશ્વભર એ;
ગુણો ગાવે સ્નેહે, જગત જનતા નિત્ય દિલથી.
સ્તવે વંદે પૂજે, મન વચન કાયા હરખથી."

—પૂ. આ. શ્રી વિજયસુશીલસૂરિજી મ. સા.



( ગિરિવર દર્શન વિરલા પાવે )

સંયોજક—લેખક

શાસનપ્રભાવક—નિડરવક્તા—મરૂધર રત્ન—
પ.પૂ. સાહિત્યપ્રેમી મુનિશ્રી નિરંજનવિજયજી મ.સા.

# શ્રી શત્રુંજય તીર્થે જનારાઓના પાપોનો પોકાર

शत्रुंजयं यांति जना यदा यदा,
रुदन्ति पापानि वदन्ति चाप्रियः
अरे कृतघ्ना नितरां नराधमाः
स्वयं समुत्पाद्य निहन्तुमुद्यताः ॥१॥

ત્રણ લોક પ્રસિદ્ધ–આના જેવું બીજું કોઇ મહા-તીર્થ વિશ્વભરમાં નથી, તે સોરઠ દેશમાં આવેલા પરમ પવિત્ર તીર્થાધિરાજ શ્રી **શત્રુંજય** ગિરિરાજ પ્રત્યે માણસો જ્યારે જ્યારે યાત્રાર્થે જાય છે, ત્યારે ત્યારે તેમનાં પાપ કર્મના સમૂહો–એક સાથે રડવા લાગે છે, અને ગમે તેવા અપશબ્દોથી ગાળો દેવા લાગે છે. યાત્રાએ જનારાઓને તેમનાં પાપો કહે છે, "અરે કૃતઘ્ન પુરુષો ! તમે સાવ નરાધમ કોટિના છો, કારણ કે અમને તમોએ જાતે જ ઉત્પન્ન કર્યાં છે અને ગિરિવર પ્રત્યે જઈને અમારા નાશનો જ તમો ઉદ્યમ–પ્રયત્ન કરો છો, પોતે જ પેદા કરેલાને પોતે નાશ કરવો શું ઉચિત છે ? विषवृक्षोऽपि संवर्ध्य स्वयं छेत्तुमसांप्रतम् । કહ્યું પણ છે કે–જાતે ઉછેરેલું જો વિષવૃક્ષ હોય તો પણ પોતે જ છેદી નાંખવું યોગ્ય નથી.

–શ્રી મણિરત્ન

ૐ અર્હમ્ નમઃ ૐ હ્રીં શ્રીં ઐં નમઃ

શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-સદ્ગુરુભ્યો નમોનમઃ

શત્રુંજય નામ શાથી પડયું? તે જણાવતી

# શુકરાજ-કથા


લેખકઃ

શાસનપ્રભાવક-મરુધરરત્ન-નિડર વક્તા પ. પૂ.
સાહિત્યપ્રેમી મુનિવર્ય શ્રી નિરંજનવિજયજી મહારાજ


卐

"એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન,
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન."

## : ૧ : પ્રભાવી પોપટ

**ભ**રતક્ષેત્રમાં **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામનું મોટું નગર હતું. તે નગરમાં **મૃગધ્વજ** નામનો ન્યાયી રાજા રાજ્ય કરતો હતો, પ્રજા ઘણી સુખી હતી.

એક વાર વસન્ત ઋતુ આવી. તે વખતે ઉદ્યાનપાલે આવીને રાજાને તે બાબત જણાવી. એટલે રાજા પોતાના અન્તઃપુરની સ્ત્રીઓ સાથે વનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં વનની શોભા જોઈએ રાજા આનંદ પામ્યો. પછી વાવમાં સ્નાનક્રીડા કરીને રાજા પત્નીઓ સાથે વનમાં ફરવા લાગ્યો.

વનમાં ફરતાં ફરતાં રાજાએ એક વિશાળ અને મહોરેલી મંજરીઓથી શોભાયમાન તથા સુંદર છાયાવાળું આમ્રવૃક્ષ જોયું. તેથી તે વૃક્ષ નીચે જ પરિવાર સાથે રાજાએ મુકામ કર્યો.

આંબા નીચે બેઠેલા રાજાએ પોતાની સુંદર મૃગલોચની સ્ત્રીઓને જોઇને હૃદયમાં આ પ્રમાણે અભિમાન કરીને વિચાર્યું: ' આ જગતમાં મારી સ્ત્રીઓ સરખી લાવણ્યમયી સ્ત્રીઓ કોઈને ત્યાં હશે જ નહિ, કારણ કે પૃથ્વી ઉપર કલ્પલતા સર્વત્ર–સઘળે ઠેકાણે હોતી નથી. "

એટલામાં તો આંબાની ડાળીએ એક પોપટ બેઠેલો હતો. તેણે રાજાના આ અભિમાનને ઉતારવાને માટે સંસ્કૃત *શ્લોકમાં કહ્યું: 'આ જગતમાં પોતે કલ્પેલો ગર્વ કોના હૃદયમાં નથી ? ટીંટોડી પણ પૃથ્વી ઉપર આકાશ પડશે તો પૃથ્વીનો નાશ થશે. એવા ભયથી આકાશને પડતું રોકવા પગ ઊંચા રાખીને સૂઈ રહે છે."

પોપટનો ઉપરના ભાવાર્થવાળો શ્લોક સાંભળીને રાજાએ વિચાર કર્યો, 'આ પોપટ ગર્વ કરતા એવા મને શા માટે રોકે છે ? શું પોપટ આ વચન અણધાર્યો બોલ્યો છે કે ઈરાદાપૂર્વક ?' આ પ્રમાણે રાજા હૃદયમાં વિચાર કરી

---

* स्वचित्तकल्पितो गर्वः कस्य नाम न विद्यते ।
उत्क्षिप्य टिट्टिभः पादौ शेते भंगभयाद् भुवः ॥३३॥

રહ્યો છે, તેવામાં પોપટે નીચેના ભાવાર્થવાળો બીજો શ્લોક કહ્યો.

'કોઈ એક કૂવાની અંદર એક દેડકો રહેલો હતો. તેણે કૂવાના કાંઠે આવેલા રાજહંસને પૂછ્યું: 'હે પક્ષી! તું અહીં ક્યાંથી આવ્યો છે?' રાજહંસે કહ્યું 'માન-સરોવરથી.' 'તે કેવડું છે?' રાજહંસે કહ્યું: 'ઘણું મોટું.' ફરી દેડકે પૂછ્યું: 'શું મારા કૂવાથી પણ મોટું?' જવાબમાં રાજહંસે કહ્યું: 'આનાથી તો ઘણું મોટું.' આ સાંભળીને કૂવામાં રહેલો દેડકો કહેવા લાગ્યો: 'તું ખોટું બોલ નહિ. મારા કૂવાથી કોઈ મોટું હોય જ નહિ.' હે રાજન્! જેઓએ આ વિશાળ પૃથ્વી જોઈ નથી, તેઓ આ કૂવાના દેડકાની જેમ અજ્ઞાનથી ગર્વિષ્ઠ થાય છે તેથી તેઓ કૂપમંડૂક કહેવાય છે.'

આ ભાવાર્થનો શ્લોક સાંભળીને **મૃગધ્વજ** રાજા વિચારવા લાગ્યો, 'આ પોપટ મને કૂપમંડૂક કેમ કહે છે?' તે વખતે પોપટે ફરીથી કહ્યું. 'હે રાજન્! તમે કૂપમંડૂક તુલ્ય જ છો.' આથી રાજાએ વિચાર્યું, 'આ કોઈ જ્ઞાની પોપટ લાગે છે.'

પોપટને પોતે જ્ઞાની માનતો હોવા છતાં પોતાનો ગર્વ મૂક્યો નહિ. ત્યારે પોપટે ફરીથી કહ્યું: 'હે રાજન્! તમારા અંતઃપુરની સ્ત્રીઓ કરતાં **ગાંગલી** ઋષિની પુત્રી **કમલમાલા** ઘણી રૂપવાળી છે. માટે જો તેને જોવાની ઇચ્છા

હોય તો, તમે મારી પાછળ પાછળ ચાલ્યા આવો.'

આ પ્રમાણે કહીને તે પોપટે ત્યાંથી ઊડવાની તૈયારી કરી.

પોપટે કહેલ કમલમાલાના સૌંદર્યથી આકર્ષાઈને રાજાએ પોપટની પાછળ જવા માટે નોકર પાસે વાયુ સમાન વેગવાળો પોતાનો ઘોડો મંગાવ્યો અને તેના ઉપર સવારી કરીને જલદી તે પોપટની પાછળ ચાલ્યો.

રાજાનો પરિવાર રાજાની પાછળ દોડયો. પરંતુ ઘોડા ઉપર બેઠેલો રાજા થોડા જ વખતમાં દૂર દૂર ઝાડીમાં અદૃશ્ય થયો. સૈન્ય-પરિવાર ચિંતાતુર થઈને પાછો આવ્યો. અને નગરમાં ગયો.

હવે આગળ પોપટ ઊડે છે અને તેની પાછળ ઘોડા ઉપર બેઠેલ મૃગધ્વજ રાજા વાયુવેગે ચાલ્યો જાય છે. એ પ્રમાણે ચાલતા ચાલતા સો યોજન ઓળંગ્યા ત્યારે પોપટ અને રાજા એક મોટી અટવીમાં આવી પહોંચ્યા.

તે અટવીમાં રાજાએ એક મનોહર જિનાલય જોયું. તેના શિખર ઉપર સુવર્ણના દંડ તથા કલશથી યુક્ત ધજા ફરકતી હતી. તે જિનાલયના શિખર ઉપર પોપટ બેઠો અને રાજાને કહ્યું: ' હે રાજન્! તમે આ જિન પ્રાસાદમાં રહેલ યુગાધિશ **શ્રી આદિનાથ**ને પ્રણામ કરીને મનુષ્યજન્મને સફળ કરો.'



સેવક પાસે મૃગધ્વજરાજાએ વાયુવેગ ઘોડો મંગાવી તે ઘોડા ઉપર સવારી કરીને પોપટની પાછળ પાછળ ચાલ્યો જાય છે. શ્રી શુકરાજ કથા...(પેજ નં. ૧૪)

તે વખતે પોપટ ઊડીને ચાલ્યો જશે, એવા ભયથી રાજાએ ઘોડા ઉપર બેઠા બેઠા જ શ્રી જિનેશ્વરદેવને પ્રણામ કર્યા. આથી પોપટ ઊડીને જિનાલયમાં ગયો અને ભક્તિ-પૂર્વક શ્રી જિનેશ્વરદેવને પ્રણામ કરીને પ્રભુની સુંદર સ્તુતિ કરવા લાગ્યો.

પોપટને સ્તુતિ કરતો સાંભળીને રાજા પણ ઘોડા ઉપરથી ઊતરીને જિનાલયમાં ગયો, અને પ્રભુની ભાવથી સુંદર રાગથી સ્તુતિ કરવા લાગ્યો.

પોપટ અને મૃગધ્વજ રાજાએ કરેલી સુંદર સ્તુતિ સાંભળીને જિનાલયની નજીકમાં આવેલા આશ્રમમાં રહેતા ગાંગલી ઋષિ–તાપસ આશ્ચર્ય પામતા ત્યાં આવ્યા અને તેમણે પણ ભાવથી પ્રભુની સ્તુતિ કરી.

સ્તુતિ કરી બહાર આવીને ગાંગલી ઋષિએ કહ્યું: 'ઋતુધ્વજ મહારાજાના કુલને વિષે ધ્વજ જેવા હે મૃગધ્વજ રાજન્! તમે અમારા ઓચિંતા આવેલા અતિથિ છો, તમારા જેવા અતિથિ તો ભાગ્યમાં હોય તો જ મળે છે. હવે તમે મારો આશ્રમ પાવન કરો.' ઋષિના મુખથી પોતાનું નામ સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યો. અને મનમાં વિચારવા લાગ્યો: 'આ ઋષિ કોણ છે? મને ઘણા આગ્રહ–બહુમાનથી શા માટે બોલાવે છે? પરિચય નહિ છતાં મારું નામઠામ શી રીતે જાણે છે?' પછી

રાજા ઋષિના આશ્રમમાં ગયો અને ઋષિએ તેમનો સત્કાર કર્યો.

ગાંગલી ઋષિએ કહ્યું: 'તમારાં દર્શનથી અમે કૃતાર્થ થયા છીએ. મહાભાગ્યના યોગે તમારા જેવાનું દર્શન થાય છે.' કહી ઋષિએ પાસેના બગીચામાં ફૂલ વીણતી પોતાની દીકરી કમલમાલાને ત્યાં બોલાવી. કમલમાલાનું રૂપ જોઈને રાજા પણ ખૂબ આશ્ચર્ય પામ્યો.

આશ્ચર્ય પામેલા રાજા સાથે આગ્રહ કરીને ઋષિએ પોતાની પુત્રી પરણાવી. પછી ઋષિએ પુત્રીને પુત્રની ઉત્પત્તિ કરનાર વિધિપૂર્વક એક મંત્ર આપ્યો. ઋષિ પાસે બીજું આપવા લાયક શું હોય !

બીજે દિવસે મૃગધ્વજ રાજાએ કહ્યું : 'મને જવાની રજા આપો, કારણ કે હું રાજ્ય સૂનું મૂકીને આવ્યો છું.' ઋષિએ કહ્યુ : 'મારી પાસે વલ્કલ (છાલનાં વસ્ત્ર) છે, બીજું કાંઈ આપવા લાયક નથી.' તેટલામાં નજીકના વૃક્ષની બખોલમાંથી રેશમી વસ્ત્રો તથા આભૂષણો કમલમાલાના પુણ્યોદયથી પ્રગટ થયાં.

પુણ્યોદયના પ્રભાવથી પૃથ્વી ઉપર જે અસંભવિત લાગતું હોય તે પણ ક્ષણવારમાં જ પ્રાપ્ત થાય છે.

કમલમાલાએ તે સુંદર રેશમી વસ્ત્રો તથા આભૂષણો ધારણ કર્યાં, તેથી તેનાં સૌંદર્યમાં ખૂબ વધારો થયો.



ઋષિએ કહ્યું :- મારી પાસે વલ્કલ છે, બીજું કાંઇ આપવા લાયક નથી. ઋષિ અને કનકમાલાના પુણ્યોદયથી વૃક્ષની બખોલમાંથી રેશમી વસ્ત્રો તથા આભૂષણો પ્રગટ થયાં. શ્રી શુકરાજ કથા...

(પેજ નં. ૧૬)

ત્યાર પછી કમલમાલાએ જિનાલયમાં જઈને શ્રી આદિનાથ પ્રભુને ભાવથી દર્શન-વંદન કર્યું અને મૃગધ્વજ રાજાએ પણ પ્રભુનાં દર્શન કરીને મંદિર બહાર આવી ગાંગલી ઋષિની રજા માંગતા પોતાની નગરીનો માર્ગ તેમને પૂછયો.

ઋષિએ કહ્યું: 'હું તમારી નગરીનો માર્ગ જાણતો નથી.'

મૃગધ્વજ રાજાએ પૂછયું: 'તો પછી તમે મને તમારી પુત્રી શાથી આપી?'

ઋષિએ કહ્યું: 'રાજન્ તમને પુત્રી આપવાનું કારણ સાંભળો:-પુત્રીને પરણાવવા લાયક થયેલી જોઈને, કાલે હું આ કન્યાને કોની સાથે પરણાવવી તેની ચિંતા કરતો હતો, તેવામાં આ આંબા ઉપર બેઠેલા પોપટે કહ્યું: 'હે ઋષિ! તમે આ બાબતની ચિંતા કરશો નહિ આવતી કાલે જ હું ઘોડા ઉપર બેઠેલા મૃગધ્વજ રાજાને અહીં લાવીશ. તેને તમે તમારી વહાલી પુત્રી આપજો.' આમ કહીને પોપટ તરત જ ઊડી ગયો. પોપટના કહેવા પ્રમાણે મેં બીજે દિવસે તમને આવેલા જોયા, તેથી મેં મારી પુત્રી તમને આપી.'



પોપટ અને ઋષિ

હવે રાજા કયા માર્ગે જવું તેની ચિંતામાં પડયો, તેવામાં પોપટે આવીને કહ્યું: 'હે મૃગધ્વજ રાજા ! તમે મારી પાછળ પાછળ આવો; હું મારા આશ્રિતની કદી ઉપેક્ષા કરતો નથી.'

પોપટનાં વચનથી રાજાએ ગાંગલી ઋષિની રજા લીધી અને પોપટની પાછળ ઘોડો ચલાવતો ચલાવતો તે પોતાના નગરની પાસે આવી પહોંચ્યો. એટલે પોપટ ઝાડની ડાળીએ બેઠો.

રાજાએ પોપટને કહ્યું: 'હે પોપટ ! તું આગળ કેમ જતો નથી ?' ત્યારે પોપટે કહ્યું: 'હે રાજન્ ! આગળ નહિ જવાનું કારણ સાંભળો:

તમે કોઈ ઠેકાણે ચાલ્યા ગયા છો, એવું તમારી રાણી ચંદ્રાવતીએ જ્યારે જાણ્યું, ત્યારે તેણે તમારું રાજ્ય લેવાના ઈરાદાથી પોતાના ભાઈ ચંદ્રશેખરને બોલાવ્યો. ચંદ્રશેખર લશ્કર લઈને આવતાં નગરીમાં રહેલા તમારા સુભટો તેની સાથે યુદ્ધ કરી રહ્યા છે. આથી કોઈ રીતે નગરીમાં જઈ શકાય તેમ નથી.'

---

## : ૨ : મૃગધ્વજરાજાનો પુનઃ નગરપ્રવેશ

પોપટનાં વચનથી મૃગધ્વજ રાજા ચિંતાતુર થઈને વિચારવા લાગ્યોઃ 'આ સંસાર અસાર છે, મારી પત્ની પણ આવા પ્રકારની છે. અથવા આ બાબતમાં મારો જ વાંક છે, કારણ કે હું નગરીને સૂની મૂકીને પોપટના કહેવાથી વગર વિચારે એની પાછળ દોડયો. વળી રાજ્ય, ભોજન, ઘર, સુંદર સ્ત્રી, ધન વગેરે માલિક વિનાનાં હોય તો બીજાઓ તેનાં માલિક બની બેસે છે.'

રાજા જયારે આ પ્રમાણે વિચાર કરે છે, ત્યારે પોપટ ત્યાંથી ઊડીને ચાલ્યો ગયો. થોડી વારમાં રાજાએ સામેથી લશ્કર આવતું જોયું, તેથી તેને ભય લાગ્યો. 'આ દુશ્મનના લશ્કર સામે હું એકલો આ મારી પત્નીનું રક્ષણ કેવી રીતે કરીશ ?' રાજા આ પ્રમાણે આકુળવ્યાકુળ થઈ ગયો, તેવામાં 'હે મૃગધ્વજ રાજા ! તમે જય પામો.' એવો જયધ્વનિ તેણે સાંભળ્યો. અને પોતાના જ પરિવારને જોઈને રાજા એકાએક આશ્ચર્ય પામ્યો.

રાજાએ તેમને પૂછયું: 'તમે હમણાં અહીં કયાંથી આવ્યા ?' ત્યારે તેઓ પણ બોલ્યાઃ 'ગુપ્ત માર્ગ વડે અમને અહીં કોણ લાવ્યું તે અમે પણ જાણતા નથી.'

ત્યાર પછી મૃગધ્વજ રાજા વાજિંત્રના જયઘોષ શબ્દ સાથે નગરી તરફ જવા લાગ્યો. તે વખતે ચન્દ્રશેખરના

મંત્રીઓએ ચંદ્રશેખરને કહ્યું: ' રાજા નક્કી તમને મારશે માટે તમારે તમારા રક્ષણનો કોઈ ઉપાય શોધી કાઢવો જોઇએ.'

આથી પોતાના બચાવનો મનમાં કોઇ ઉપાય શોધીને તે ચંદ્રશેખર મૃગધ્વજ રાજાની પાસે જઈને કહેવા લાગ્યો : 'તમે કોઇ દૂરના સ્થાને ગયા છો એવી હકીક્ત લોકોના મુખે મેં સાંભળી; તે વખતે તમારા સૂના રાજ્યનું રક્ષણ કરવા માટે હું ભક્તિપૂર્વક આવ્યો. પરંતુ આ હકીકતને નહિ જાણનારા તમારા સુભટો મારી સાથે યુદ્ધ કરવા લાગ્યા. હવે તમે પધારી ગયા છો એમ જાણીને હું તમારી સેવામાં હાજર થયો છું.'

કપટી ચંદ્રશેખરના મધુર વચન સાંભળી રાજાએ તેનો યોગ્ય સત્કાર કર્યો. ત્યાર પછી ઋષિપુત્રી–કમલમાલા સાથે મોટી ધામધૂમથી રાજાએ પોતાના નગરમાં પ્રવેશ કર્યો.

કમલમાલાના શીલ,વિનય આદિ ગુણોથી રાજી થઇને રાજાએ તેને પટ્ટરાણીપદે સ્થાપી.

ન્યાયથી પ્રજાનું પુત્રની જેમ પાલન કરતા કરતા રાજાનો કેટલોક સમય પસાર થયો.

એક વાર કમલમાલાએ પોતાને ઋષિએ પુત્રપ્રાપ્તિ માટે આપેલો મંત્ર મૃગધ્વજ મહારાજાને આપ્યો. રાજાએ પુત્રપ્રાપ્તિ માટે તે મંત્રનો વિધિપૂર્વક જાપ શરૂ કર્યો.

એક દિવસે કમલમાલાએ રાજાને કહ્યું કે, આજે ઊંઘમાં સુખે સૂતેલી મેં એક સુંદર સ્વપ્ન જોયું છે.

જાણે 'મારા પિતાના આશ્રમ પાસે આવેલા જિનાલયમાં હું શ્રીઋષભદેવને ભક્તિપૂર્વક વંદન કરવા ગઈ ત્યારે જિનેશ્વર દેવે મને કહ્યું: ' હે ભદ્રે ! હું તને આ એક 'પોપટ' આપું છું તું લે અને કેટલાક કાળ પછી હું તને બીજો 'હંસ' આપીશ.' માટે હે સ્વામી ! આ સ્વપ્નનું શું ફળ મળશે તે જણાવવા કૃપા કરશો.'

આથી રાજાએ સ્વપ્નપાઠકોને રાજસભામાં માનપૂર્વક બોલાવી રાણીને આવેલ સ્વપ્નનું ફળ પૂછ્યું, પ્રત્યુત્તરમાં સ્વપ્નપાઠકોએ કહ્યું: ' જેમ દેવતાનાં દર્શન દુર્લભ હોય છે, તેમ આવાં સ્વપ્નોનાં દર્શન પણ દુર્લભ છે, જો કોઈ સ્વપ્નમાં રાજા, હાથી, ઘોડા, સુવર્ણ, બળદ અથવા ગાય જુએ તો તેના કુટુંબની વૃદ્ધિ થાય છે. જો કોઈ સ્વપ્નમાં દીપક, અનાજ, ફળ, કમળ, કન્યા, છત્ર કે ધ્વજ જુએ અથવા મંત્ર પ્રાપ્ત કરે તો તે હંમેશા સુખ પ્રાપ્ત કરે છે. જો કોઇ સ્વપ્નમાં ગાય, ઘોડો, રાજા, હાથી અને દેવ સિવાય બીજી બધી કાળી વસ્તુઓ જુએ તો તે અશુભ સૂચક છે એમ જાણવું. કપાસ અને મીઠું એ બે સિવાય બીજી સફેદ વસ્તુઓ જુએ તો તે શુભસૂચક છે. દેવતા, ગુરુ, ગાય, માતા–પિતા સંન્યાસી અથવા રાજા સ્વપ્નમાં જે કાંઈ કહે તે જ પ્રમાણે તેનું ફળ મળે છે.'

પછી રાજાએ રાણીવાસમાં જઇ રાણીને સઘળી હકીકત કહી સંભળાવી અને કહ્યું: ' હે પ્રિયે ! તારા આ સ્વપ્નના ફળરૂપે તને બે પુત્રો થશે.'

# ૨૨) પ્રકરણ—૨ | શત્રુંજય નામ શાથી પડયું ? તે જણાવતી શુકરાજ-કથા

ત્યાર પછી કમલમાલાએ ગર્ભ ધારણ કર્યો. ઉત્તમ ગર્ભના પ્રભાવથી રાણીને સારા સારા દોહદ ઉત્પન્ન થયા અને રાજાએ તે સઘળા પૂરા કર્યા.

ગર્ભકાળ પૂરો થયો એટલે કમલમાલાએ શુભ દિવસે અને શુભ મુહૂર્તે ચંદ્ર સમાન કાંતિવાળા પુત્રરત્નને જન્મ આપ્યો. રાજાએ પુત્રનો મોટો જન્મ મહોત્સવ કર્યો. ત્યાર પછી સ્વજનોને આમંત્રણ આપીને સ્વપ્નના અનુસારે પુત્રનું **શુકરાજ** નામ પાડયું.

પાંચ ધાવમાતાઓથી લાલનપાલન કરાતો તે શુકરાજ વૃદ્ધિ પામવા લાગ્યો. અનુક્રમે તે પાંચ વર્ષનો થયો ત્યારે એક વખત વસંત ઋતુમાં મૃગધ્વજ રાજા પત્ની અને પુત્રને લઈને પરિવાર સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયો. ત્યાં આંબાનાં વૃક્ષ નીચે રાજા મહારાણી સાથે પુત્રને ખોળામાં લઈને બેઠો. પછી કમલમાલાને કહ્યું: 'હે પ્રિયા ! આ તે જ આંબાનું વૃક્ષ છે જેની નીચે હું બેઠો હતો અને પોપટના મુખથી તારા રૂપનાં વખાણ સાંભળીને હું પોપટની પાછળ ઘોડા ઉપર બેસીને નીકળ્યો હતો અને તે વનમાં આવીને તને પરણીને હું તને લઇને નગરમાં પાછો આવ્યો હતો.'

રાજાના ખોળામાં બેઠેલો પાંચ વર્ષનો શુકરાજ આ વચન સાંભળીને મૂર્છા પામી એકદમ જમીન પર પડયો.



રાજાના ખોળામાં બેઠેલો પાંચ વર્ષનો શુકરાજ, રાજાના વચન સાંભળીને મૂર્છા પામી, એકદમ જમીન પર પડયો. ચંદન વગેરે ઘસીને શીતલ ઉપચાર કરે છે. શ્રી શુકરાજ કથા...

( પેજ નં. ૨૨-૨૩ )

## : ૩ : શ્રી દત્તકેવલીનું આગમન

પોતાના વહાલસોયા પુત્રની આવી મૂર્છિત અવસ્થા જોઇને રાજા રાણીએ મોટો કોલાહલ કર્યો. એટલામાં નોકરો વગેરે દોડી આવ્યા અને ચન્દન વગેરે ઘસીને શીતલ ઉપચારો કરી શુકરાજની મૂર્છા ઉતારી.

મૂર્છા દૂર થતાં શુકરાજે આંખો ઉઘાડી. પોતાની આસપાસ એકઠા થયેલા માતા-પિતા વગેરે લોકોને જોયાં, છતાં તે કાંઈ જ બોલ્યો નહિ. રાજા રાણીએ તેને બોલાવવાને ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ શુકરાજકુમાર એક અક્ષર પણ બોલ્યો નહિ.

જે બાળક કાલુંઘેલું બોલીને માતાપિતાને આનંદિત કરતો, તે પુત્રને આમ એકાએક મૂંગો થવાથી રાજારાણી શોક કરવા લાગ્યાં, ને દુઃખી થતાં તેઓ નગરમાં આવી તેને બોલતો કરવા માટે ઘણા ઘણા ઉપચારો કર્યા. અનેક સારા વૈદ્યોને દૂર દૂરથી બોલાવ્યા, મંત્ર તંત્ર જાણનારાઓને બોલાવ્યા; પરંતુ તેની કાંઈ અસર થઈ નહિ. એ પ્રમાણે છ મહિના પસાર થઈ ગયા.

હવે કૌમુદી મહોત્સવ આવ્યો ત્યારે મંત્રી વગેરેના આગ્રહથી રાજા રાણી-પુત્રને લઇને પરિવાર સાથે વનમાં ગયો, તે વખતે દૂરથી તે આંબાના વૃક્ષને જોઇને રાજાએ કહ્યું: ' હે પ્રિયા ! આ તે જ આંબો છે કે જેની નીચે કોઇએ

આપણા પુત્રને છળ્યો છે, માટે આ વૃક્ષનો આપણે દૂરથી ત્યાગ કરવો જોઈએ.' આ પ્રમાણે કહી રાજા પોતાની પત્નીને જ લઈને આગળ તે વૃક્ષથી દૂર ચાલ્યો.

થોડીવારમાં જ તે વૃક્ષ નીચે જ દુન્દુભી વાગવા લાગી. તેથી રાજાએ સેવકોને દુન્દુભી વાગવાનું કારણ પૂછ્યું. તેમણે જણાવ્યું: 'હે રાજન્ ! શ્રીદત્ત નામના મુનિરાજને તે વૃક્ષ નીચે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી દેવતાઓ સ્વર્ગમાંથી આવીને સુવર્ણ કમલની રચના કરીને તેમનો કેવલજ્ઞાનનો મહોત્સવ કરે છે. તેથી આ દુન્દુભી વગેરે વાંજિત્રો વાગે છે.'

આ હકીકત સાંભળી કમલમાલાએ રાજાને કહ્યું : 'આપણે તે કેવલી ભગવાન પાસે જઈને પુત્રના મૂંગા થવાનું કારણ પૂછીએ.'

આથી મૃગધ્વજ રાજા રાણી, પુત્રને લઈને પરિવાર સાથે કેવલી ભગવાન પાસે આવ્યા. અને વિધિપૂર્વક વંદન કરીને ધર્મની દેશના સાંભળવા બેઠા.

કેવળજ્ઞાની ગુરુએ અસરકારક શૈલીએ ધર્મનો ઉપદેશ આપ્યો. જ્યારે ધર્મદેશના પૂરી થઈ. ત્યારે રાજાએ બે હાથ જોડીને કેવળજ્ઞાની ગુરુને વિનંતી કરીને કહ્યું : 'હે પ્રભુ ! આ મારો પુત્ર આ જ વૃક્ષની નીચે આવ્યા પછી શા કારણથી મૂંગો થયો છે તેનું કારણ જણાવવા કૃપા કરશોજી.'



આંબા નીચે શ્રીદત્ત કેવલીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ, કેવલી ભગવંત પાસે આવીને મૃગધ્વજરાજા કેવલીભગવંતને પૂછે છે, 'મારો પુત્ર શાથી બોલતો બંધ થઇ ગયો હતો. તેનું કારણ મને જણાવશો ?' શ્રી શુકરાજ કથા... (પેજ નં. ૨૪-૨૫)

તે વખતે શ્રીદત્ત કેવલી ભગવંતે કહ્યું : 'હે રાજન્! આ તમારો પુત્ર હમણાં બોલતો થશે.'

જ્ઞાની ભગવંતનું વચન સાંભળી રાજાએ કહ્યું: 'મારા ઉપર કૃપા કરી તેને બોલતો કરો.'

ત્યાર પછી કેવલી ભગવંતે શુકરાજકુમારને કહ્યું : 'હે શુકરાજ! તું અમને વિધિપૂર્વક ઉચ્ચારથી વંદન કર.'

તે વખતે શુકરાજે ઊઠીને સ્પષ્ટ અક્ષરે કહ્યું : 'अणुजाणह पसाउ करी'—'કૃપા કરી મને આજ્ઞા આપો.' ગુરુએ કહ્યું : 'अनुजाणामि' હું આજ્ઞા આપું છું.'

ત્યાર પછી શુકરાજે—'इच्छामि खमासमणो वंदिउं' એ સૂત્ર બોલવાપૂર્વક સુખશાતા પૂછીને જ્ઞાની ગુરુ મહારાજને વંદન કર્યું. આ પ્રમાણે કુમારને બોલતા-વર્તતા જોઈને સાંભળીને બધા લોકો આશ્ચર્ય પામ્યા.

તે વખતે રાજાએ પૂ. ગુરુમહારાજને પૂછ્યું: 'હે ભગવન્! મારો પુત્ર શાથી બોલતો બંધ થઈ ગયો હતો? અને આપની આજ્ઞાથી એકદમ શાથી બોલવા લાગ્યો, તે કૃપા કરીને મને જણાવશો.'

કેવલી ભગવંતે તેનું કારણ જણાવતાં કહ્યું : 'હે રાજન્! તેનું પૂર્વ વૃત્તાંત કહું છું તે તમે સાવધાન મને સાંભળો.

## શત્રુંજય નામ શાથી પડ્યું ? તે જણાવતી શુકરાજ-કથા

પૂર્વકાળે મલય દેશમાં અતિ પ્રસિદ્ધિને પામેલ **શ્રીભદ્દિલપુર** નામના નગરમાં ચાતુર્ય, ઔદાર્ય, શૌર્ય, વિગેરે ગુણોથી શોભતા, તેમ જ આશ્ચર્યકારી છે ચરિત્ર જેનું એવા **જિતારિ** નામે રાજા રાજ્ય કરતા હતા. એક વાર રાજા સભામાં બેઠા હતા. તે વખતે પ્રતિહારે આવીને હાથ જોડીને વિનંતી કરીને કહ્યું, 'હે મહારાજ ! આપને મળવા માટે બહારગામથી એક દૂત આવેલો છે, માટે આજ્ઞા હોય તો અહીં લાવું.' રાજાએ હા કહેવાથી પ્રતિહાર તે દૂતને સભામાં લાવ્યો.

રાજાએ દૂતને આગમનનું કારણ પૂછવાથી તેણે કહ્યું: 'પૂર્વ દિશામાં **લક્ષ્મીવતી** નામની નગરી આવેલી છે. તે નગરીમાં **વિજયદેવ** નામના રાજાની **પ્રીતિમતી** નામની રાણીની કૂખે ચાર પુત્રો ઉપર **હંસી અને સારસી**+ નામની બે પુત્રીઓ અવતરી. અનુક્રમે વૃદ્ધિ પામતી તે બંને પુત્રીઓ પંડિત પાસે સઘળી કલાઓ શીખીને હોંશિયાર થઈ. હાલમાં તે બંને સ્વરૂપવતી કન્યાઓને પરણાવવા લાયક ઉંમરવાળી જાણીને રાજાએ તેમને પૂછ્યું: 'હું તમને કોની સાથે પરણાવું ?'

તે વખતે બંને બહેનોએ લજ્જાસહિત નીચું મુખ કરી જણાવ્યું: 'હે તાત ! અમે બંને એક બીજા ઉપર ઘણો સ્નેહ રાખીએ છીએ. અમો બંને શરીર અને પડછાયાની

+ હંસી અને સારસી ઓરમાન બેનો છે. શ્રાદ્ધવિધિના મતે.

જેમ જુદી રહી શકીએ તેમ નથી, માટે અમો બન્ને એક જ સ્થળે રહી શકીએ તેમ કરો તો સારું.'

રાજાએ તેમની વાત કબૂલ રાખી, અને સ્વજનોની સાથે મંત્રણા કરી, બંને માટે સ્વયંવર મંડપ રચવાનું નક્કી કર્યું. તે માટે મહા સુદ આઠમની તિથિ નક્કી કરી છે. ઘણા દેશોમાં કંકોત્રીઓ મોકલાવી છે. આપને કંકોત્રી આપવા માટે રાજાએ મને મોકલ્યો છે. આપ જરૂર સપરિવાર પધારવા કૃપા કરશો.'



જિતારિ રાજા અને દૂત

આ પ્રમાણે કહી તે દૂતે રાજાને કંકોત્રી આપી. કંકોત્રી વાંચીને દૂતનું સન્માન કરી તેને રજા આપી. પોતાના પરિવાર સાથે જિતારિ રાજા લક્ષ્મીવતી નગરીમાં આવ્યા. વિજય રાજાએ અદ્ભુત સ્વયંવર મંડપની રચના કરાવી છે. તે સ્વયંવરમાં અંગ, વંગ, તિલંગ વગેરે ઘણા દેશના રાજકુમારો અને રાજાઓ દૂર દૂરથી બન્ને રાજકન્યાઓને પરણવાની ઇચ્છાથી ત્યાં આવ્યા હતા.

સ્વયંવર મંડપમાં બધા રાજાઓ આવીને બેઠા એટલામાં હંસી અને સારસી બંને કન્યાઓ ઉત્તમ વસ્ત્રો પહેરીને મંડપમાં આવી અને બીજા રાજાઓને છોડીને જિતારિ



બન્ને રાજકુમારી સ્વયંવર મંડપમાં

રાજાના ગળામાં બંનેએ વરમાળા પહેરાવી. રાજા વિજયદેવે મોટા ઉત્સવપૂર્વક બંને કન્યાઓ જિતારિ રાજા સાથે પરણાવી. પછી પહેરામણીમાં રાજાએ જમાઈને ઘણા હાથી, ઘોડા, વસ્ત્રાલંકાર વગેરે આપ્યા.

રાજા બંને પત્નીઓ સાથે ભદ્દિલપુરમાં આવ્યા. મંત્રીઓ વગેરેએ રાજાનો મોટો પ્રવેશ મહોત્સવ કર્યો.

એક વાર શ્રીધર નામના આચાર્ય મહારાજ તે નગરના ઉદ્યાનમાં પધાર્યા. રાજા બંને પત્નીઓ સાથે ગુરુ મહારાજને વંદન કરવા ગયા. ત્યાં જીવદયા મૂળ ધર્મને સાંભળીને રાજાએ તથા બંને રાણીઓએ ભાવથી જૈન ધર્મ અંગીકાર કરીને તેમજ પૂજ્યપાદ ગુરુ મહારાજને વંદન



જિતારિરાજા મહેલના ઝરૂખામાં બેઠા હતા તે વખતે રાજમાર્ગ ઉપરથી પસાર થતા લોકોના સમૂહને જોઈને રાજાએ 'આ લોકોનો સમૂહ ક્યાં જાય છે' ? એવું સેવકને પૂછે છે ? (પેજ નં. ૨૯)

કરીને તેઓ પોતાના રાજમહેલમાં આવ્યા. ક્રમે જૈન ધર્મનો અભ્યાસ કર્યો, મુખ્ય મુખ્ય વ્રત નિયમો સમજીને પાળવા લાગ્યા.

એકવાર જિતારિ રાજા મહેલના ઝરૂખામાં બેઠા હતા તે વખતે રાજમાર્ગ ઉપરથી પસાર થતા લોકોના સમૂહને જોઈને રાજાએ 'આ લોકોનો સમૂહ કયાં જાય છે ?' તેની તપાસ કરી લાવવાને પોતાના સેવકને મોકલ્યો.

સેવકે તપાસ કરી આવીને કહ્યું: 'શંખપુર નામના નગરમાંથી નીકળેલો આ યાત્રિક સંઘ શ્રી વિમલાચળ મહાતીર્થને વિષે પ્રથમ જિનેશ્વર યુગાધિશ શ્રી ઋષભદેવને વંદન–યાત્રા કરવા પગપાળો જાય છે.

તે ચતુર્વિધ સંઘે આજે આપણી નગરીની બહારના ઉદ્યાનમાં મુકામ કર્યો છે. તે સંઘના યાત્રિક જનો નગરના જિનમંદિરે પ્રભુજીનાં દર્શન કરવા નગરમાં આવી રહ્યા છે.'

સેવકનું વચન સાંભળી જિતારિ રાજા સંઘના મુકામે ગયા, સંઘની સાથે રહેલા શ્રી શ્રુતસાગર નામના પૂજ્ય આચાર્ય મહારાજને વંદન કરીને પૂછ્યું: 'આપ વિમલાચળ તીર્થે શા માટે જાઓ છો ?'

## :૪: શ્રી વિમલાચળનું માહાત્મ્ય

પૂજ્ય આચાર્ય મહારાજે જણાવ્યું : 'હે રાજન્ ! આ મહાતીર્થનો ઘણો મોટો મહિમા છે. આ તીર્થને વિષે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન પૂર્વે નવાણુંવાર સમોસર્યા છે. તે તીર્થને વિષે તેમના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામીજી વગેરે અનેક મુનીવરો સાથે મોક્ષે ગયા છે. તેમજ નમિ, વિનમિ, દ્રાવિડ, વારિખિલ્લજી, શ્રી કૃષ્ણના પુત્રો શાંબ, પ્રદ્યુમ્ન, પાંચ પાંડવો, દશરથ રાજાના પુત્ર–રામ, ભરત વગેરે અનેકાનેક મહાપુરુષો અનેક મુનીવરોની સાથે મોક્ષે ગયા છે ત્રણ ભુવનમાં અને પંદર કર્મ ભૂમિમાં આ વિમલાચળ સમાન કોઈ મહાતીર્થ નથી. એથી આ તીર્થનો અપૂર્વ મહિમા છે. આ તીર્થના ભાવથી દર્શન–વંદન કરનાર આત્માઓનું અવશ્ય કલ્યાણ થાય છે. હે રાજન્ ! આ વિમલાચળ મહાતીર્થના એકવીસ નામ અનુક્રમે પ્રસિદ્ધ થશે. તેમાં '**શત્રુંજય**' એ નામ ભવિષ્યમાં તમારા વડે પ્રસિદ્ધિને પામશે.'

આ પ્રમાણેનું પૂ. ગુરુમુખે શ્રી વિમલાચળનું માહાત્મ્ય સાંભળીને જિતારિ રાજાએ નગરમાં આવીને ભાવથી અભિગ્રહ કર્યો : 'પગે ચાલીને શ્રી વિમલાચળ મહાતીર્થ ઉપર શ્રી ઋષભદેવ પ્રભુને વંદન કર્યા સિવાય હું અન્નપાણી ગ્રહણ કરીશ નહિ.' કહી જિતારિ રાજા પોતાની બંને પત્નીઓ તથા મંત્રી અને કેટલાક પરિવારને સાથે લઇને

ચતુર્વિધ સંઘ સાથે પગે ચાલીને જતાં અનુક્રમે સાત દિવસ થયા, તે વખતે શ્રી સંઘ એક મોટી અટવીમાં આવી પહોંચ્યો હતો.

જિતારિ રાજાએ સાત દિવસથી અન્નપાણી લીધું ન હતું, આથી મંત્રી વગેરે ચિંતાતુર થઈને, પૂ. ગુરુ મહારાજને પૂછવા લાગ્યા: 'હવે વિમલગિરિ કેટલે દૂર છે?' ગુરુ મહારાજે કહ્યું: 'આ કાશ્મીર દેશ છે, હજી વિમલગિરિ અહીંથી ઘણો દૂર છે. તે મહાતીર્થ સૌરાષ્ટ્રમાં છે.'

મંત્રીએ કહ્યું: 'જિતારિ રાજાએ દુષ્કર અભિગ્રહ લીધો છે. તેથી રાણીઓ વગેરે સઘળો પરિવાર ચિંતાતુર થયો છે.' મંત્રીના વચનથી પૂ. આચાર્ય મહારાજે જિતારિ રાજાને બોલાવીને કહ્યું, 'હે રાજન્! પૂર્ણ વિચાર કરીને જ કોઈ પણ પ્રતિજ્ઞા કે અભિગ્રહ લેવો જોઈએ, 'તમે આ અભિગ્રહ સહસા–એકદમ વગર વિચારે લીધો છે શ્રી 'ભદ્દિલપુર ક્યાં? અને વિમલાચલ તીર્થ ક્યાં? બન્ને સ્થાનોમાં ઘણું અંતર રહેલું છે માટે સહસાગારેણનો ઉપયોગ કરી સમય પ્રમાણે પારણું કરી લેવું યોગ્ય લાગે છે. **આમાં હઠાગ્રહ** કરવા જેવું નથી. કારણ કે પાછળથી **આર્તધ્યાન** થવું ન જોઈએ, **આર્તધ્યાનથી અશુભ કર્મ બંધાય છે.'**

પૂજ્ય ગુરુ મહારાજે આ પ્રમાણે માર્ગ સમજાવ્યો, છતાં જિતારિ રાજાએ અભિગ્રહ મૂકયો નહિ. દૃઢ મનવાળા

કદિપણ આગારોનો ઉપયોગ કરતા નથી. તેઓ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. તેથી હંસી, સારસી તથા મંત્રી વગેરે પરિવાર ઘણો ચિંતાતુર થયો.

જ્યાં અડગ નિશ્ચય હોય અને દૃઢ શ્રદ્ધા હોય ત્યાં કાર્ય સફળ થયા વગર રહેતું નથી. રાજાના આ ભીષ્મ—પ્રતિજ્ઞા જેવા અભિગ્રહને જાણીને શ્રી વિમલાચળ મહાતીર્થના રક્ષક **ગોમુખ યક્ષે** મંત્રીને સ્વપ્નમાં કહ્યું: 'હે મંત્રીશ્વર, તમે ચિંતા કરશો નહિ. હું સવારે પ્રયાણ કરતા સંઘની સન્મુખ શ્રી વિમલગિરિને લાવીશ, તો રાજાનો અભિગ્રહ પૂરો કરાવશો.'

આ જ પ્રમાણે તે યક્ષે રાજા, પૂ. આચાર્ય, વગેરે યાત્રિક જનોને પણ સ્વપ્નમાં કહ્યું. સવારે રાજા, મંત્રી, આચાર્ય વગેરેએ મળીને રાત્રીનું સ્વપ્ન પરસ્પરનું એક બીજાને કહ્યું.

હવે સંઘે સવારે આગળ પ્રયાણ કર્યું, માર્ગમાં તેમણે શ્રી વિમલગિરિરાજનું દર્શન થયું. પછી જિતારિ રાજા વગેરેએ પ્રભુની પૂજા ચૈત્યવંદનાદિ કર્યું ને રાજાએ પોતાનો અભિગ્રહ પૂરો કર્યો.

જિતારિ રાજા ત્યાંથી પાછા વળીને ચાલવા લાગ્યા. થોડું ચાલીને અટકીને પાછા વિમલગિરિ તરફ જવા લાગ્યા. આ પ્રમાણે સાત વાર કરવાથી સિંહ મંત્રીએ આમ કરવાનું કારણ પૂછયું. અને રાજાએ કહ્યું, 'જેમ બાલક માતાને છોડી

શકતો નથી તેમ હું પણ આ તીર્થરાજને છોડી આગળ વધી શકતો નથી. આમાં શું કારણ છે તે હું જાણતો નથી.'

રાજાનું વચન સાંભળી મંત્રીએ કહ્યું: 'આપની ઈચ્છા હોય તો આપણે અહીં જ નગરી વસાવીને રહીએ.' રાજાને આ વાત ગમી,તેથી તેમના કહેવાથી મંત્રીએ **વિમલા** નામની નગરી વસાવવા વિચાર કર્યો અને ધર્મધ્યાન કરતા રાજા ત્યાં જ સુખે રહેવા લાગ્યા.

એવામાં એક દિવસે શ્રી ગોમુખ યક્ષે જિતારિ રાજા પાસે આવીને કહ્યું: 'આ વિમલગિરી સાચો વિમલગિરિ નથી, આ વિમલગિરિ તો મેં તમારી દૃઢ આસ્થાને લીધે, તમારો અભિગ્રહ પૂરો કરાવવા માટે દેવશક્તિથી વિકુર્વ્યો-બનાવ્યો હતો. દેવોએ વિકુર્વેલી-વક્રિય લબ્ધિથી બનાવેલી-કોઈ પણ વસ્તુ પંદર દિવસથી વધારે વખત ટકી શકતી નથી.'

આથી રાજાએ પૂછ્યું:-' સાચો વિમલગિરિ કયાં છે ?'

જવાબમાં ગોમુખ યક્ષે કહ્યું. ' તે વિમલગિરિ સૌરાષ્ટ્ર દેશમાં આવેલો છે, માટે ત્યાં જઈને તેની ભાવપૂર્વક યાત્રા કરી મનુષ્યજન્મ સફળ કરો.'

આથી જિતારિ રાજાએ સંઘ સાથે ત્યાંથી પ્રયાણ કર્યું, અને સૌરાષ્ટ્રમાં આવેલ મહાતીર્થ શ્રી વિમલગિરિનાં દર્શન-વંદન યાત્રા કરીને વિમલા નગરીમાં પાછા આવ્યા; ત્યાં કેટલાક દિવસ રહીને અનુક્રમે ભદ્દિલાનગરીમાં પાછા ફર્યા.

## ૩૪) પ્રકરણ-૫ | શત્રુંજય નામ શાથી પડ્યું ? તે જણાવતી શુકરાજ-કથા

### : ૫ : જિતારિ રાજા મરીને પોપટ થયા.

જિતારિ રાજાની હંસી તથા સારસી બંને રાણીઓ પરસ્પર ખૂબ સ્નેહવાળી હતી, તો પણ તેમાં હંસી સરળ સ્વભાવવાળી હતી, અને સારસી માયાવી ને કપટી સ્વભાવવાળી હતી, તેથી કેટલોક સમય આનંદમાં વીત્યા પછી તે કુટિલ સ્વભાવવાળી સારસી હંસી સાથે વારંવાર કજિયો કરતી હતી. કારણ કે બંને બહેનો હોવા છતાં શોકયો પણ હતી, આમાં



હંસી સરળ સ્વભાવવાળી હોવાથી તેણે પુરુષવેદનો બંધ કર્યો અને સારસી કપટી હોવાથી સ્ત્રીવેદ બાંધ્યો.

હવે જિતારિ રાજા જન ધર્મનું પાલન કરતા દયા, દાન વગેરે ધર્મકાર્યો કરતા હતા અને પ્રજાનું ન્યાયથી પાલન કરતા હતા.

એક વખત જિતારિ રાજાએ પોતાનો અંતસમય

નજીક જાણીને હર્ષથી અનશન તપ કર્યું, તે વખતે રાણીઓ વગેરે તેમને નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરાવ્યું. જિતારિ રાજાએ પણ એક ચિત્તે સાંભળ્યું. આ દરમિયાન મહેલની સામે આવેલા યુગાધિશ શ્રીઋષભદેવના મંદિરના શિખર ઉપર બેઠેલા એક પોપટને રાજાએ બારીમાંથી જોયો. તેથી રાજાનું મન તે પોપટ પ્રત્યે આકર્ષાયું, જે શુભ ધ્યાનમાં મન રહેલું હતું, તે પોપટના વિચાર તરફ જવાથી રાજાએ તે વખતે તિર્યંચનું આયુ બાંધ્યું. અને મરીને પોપટ રૂપે ઉત્પન્ન થયો. કારણ કે કર્મની ગતિ વિચિત્ર છે. કહ્યું છે 'અન્તે જેવી મતિ એવી ગતિ', લોકો તો માનતા હતા કે આવા ધર્મિષ્ઠ રાજા દેવ થયા હશે, પરંતુ પૂર્વે આયુષ્ય બાંધ્યું ન હોય તો મરતી વખતે જીવને જેવા પરિણામ હોય તે પ્રમાણે આયુષ્ય બંધાય છે.×

જિતારિ રાજા તિર્યંચગતિમાં ગયા તો પણ તે થોડા સમયમાં જ કલ્યાણકારી સમકિતનું શ્રેષ્ઠ ફલ પામશે. મંત્રી વગેરે સ્વજનો અને પ્રજાજનોએ મળી જિતારિ રાજાનો અગ્નિ સંસ્કારાદિ ઉત્તર કાર્ય કર્યું.

હંસી–સારસી બંને રાણીઓએ આ અસાર સંસાર ઉપરથી વૈરાગ્ય પામીને **ધર્મધ્યાનમાં** મન પરોવ્યું. ધીરે ધીરે સંસારની માયાજાળથી છૂટી બંને રાણીઓ દીક્ષા લેવા તૈયાર થઈ. કુટુંબ કબિલાને યોગ્ય રીતે સમજાવી–બુઝાવી શ્રી જિનેશ્વર દેવના મંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ

× આ જીવે જો પ્રથમ પરલોકનું આયુ ન બંધાયું હોય તો મરણ પહેલા બે ઘડીમાં તો પરલોકનું આયુ અવશ્ય બંધાય છે.

ઉજવ્યો. સાતે ક્ષેત્રમાં સદ્દલક્ષ્મીનો સદ્‌વ્યય કરીને. દીક્ષા માટે સદ્દગુરુ ભગવંતનો યોગ શોધવા લાગી.

પૃથ્વીને પાવન કરતા કરતા **એક પૂજ્ય આચાર્ય** ભગવંત પરિવાર સહિત ભદ્દિલપુરમાં પધાર્યા. હંસી અને સારસીએ વૈરાગ્ય ભાવનાથી પૂ ગુરુ ભગવંત પાસે દીક્ષા લીધી.



છઠ્ઠ અઠ્ઠમ વગેરે ઉગ્ર તપસ્યા કરીને શુભ ધ્યાનથી મરીને તે બંને પ્રથમ દેવલોકમાં દેવીપણે ઉત્પન્ન થઈ અને સુખે રહેવા લાગી.

હંસી, સારસી તથા જિતારિ પોપટ દેવલોકમાં

બંને દેવીઓએ પોતાના અવધિજ્ઞાનના ઉપયોગથી જાણ્યું કે પોતાના પૂર્વ ભવના પતિ જિતારિ રાજા પોપટ રૂપે થયા છે; આથી તે બંને જે વનમાં પોપટ રહે છે, ત્યાં આવી અને કહ્યું: 'હે પોપટજી ! તમે પૂર્વ ભવમાં જિતારિ રાજા હતા, ઘણાં પુણ્ય કાર્યો કર્યાં હતાં; પરંતુ મરણ વખતે પોપટનું ધ્યાન કરવાથી તિર્યંચપણું પામ્યા છો. અમે બંને તમારી હંસી, સારસી નામે રાણીઓ હતી. યથાશક્તિ ચારિત્રનું પાલન કરી અમે સૌધર્મ દેવલોકમાં દેવીઓ તરીકે ઉત્પન્ન થયેલ છીએ. માટે હે પોપટરાજ ! હવે તો શુભ ધ્યાન ધ્યાવો જેથી સ્વર્ગનાં સુખ મળે'

દેવીઓનો ધર્મોપદેશ સાંભળીને પોપટને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોપટે અનુક્રમે શ્રી જિનેશ્વરદેવની ભાવસહિત ભક્તિ કરવાપૂર્વક અનશન કર્યું, અને શુભ ધ્યાનથી મરીને તે પોપટ સૌધર્મ દેવલોકમાં તે બંને દેવીઓનો પતિદેવ થયો. ત્યાં સુખપૂર્વક ઘણો કાળ પસાર થયો. દેવીઓનું આયુષ્ય ઓછું હોવાથી તે બંને દેવીઓ ત્યાંથી ચ્યવી જવાથી તે જિતારિદેવ ઘણો શોકાકુલ થયો. તેને કોઈ ઠેકાણે ચેન પડતું નહોતું.

## મૃગધ્વજ, કમલમાલા અને પુત્ર શુકરાજ કોણ ?

તે જિતારિ દેવ ફરતો ફરતો **લક્ષ્મીપુર** નામના નગરના ઉદ્યાનમાં આવ્યો. તે ઉદ્યાનમાં **શ્રી ધર્મઘોષ** નામના કેવલી

ભગવંત પાસે જઈને તે ધર્મોપદેશ સાંભળવા લાગ્યો. ધર્મદેશનાને અંતે તે દેવે પૂછયું: 'હે ભગવંત! મને સમકિત સુલભ છે કે દુર્લભ?'

તે વખતે ગુરુ ભગવંતે કહ્યું: 'તમને સમકિત સુલભ છે.'

જિતારિ દેવે ફરીને પૂછયું: 'કેવી રીતે?'

કેવલી ભગવાને જવાબમાં કહ્યુ: 'તમારી બે દેવીઓ ચ્યવી છે તેમાંથી હંસીનો જીવ જે સરલ સ્વભાવી હતો તે મરીને **ક્ષિતિપ્રતિષ્ઠિત** નામના નગરનો **મૃગધ્વજ** નામે રાજા થયો છે અને માયાવી સ્વભાવવાળો સારસીનો જીવ મરીને **ગાંગલિ ઋષિની** કમલમાલા નામની પુત્રી થઈ છે, અને મૃગધ્વજ રાજા કમલમાલાને પરણશે, અને તમે મરીને તેમના પુત્ર થશો. પછી પાંચ વર્ષના થતાં જાતિસ્મરણ જ્ઞાન થવાથી તમને ત્યાં સમકિત પ્રાપ્ત થશે.'

કેવલી ભગવાનનાં વચન સાંભળીને ખુશી થએલા તે જિતારિદેવે સુંદર પોપટનું રૂપ કર્યું. હે મૃગધ્વજ રાજા! ત્યાર પછી આ જ વનમાં અને આ જ આંબાના વૃક્ષ નીચે તમે આનંદ-વિનોદ કરતા હતા, ત્યારે તે પોપટ તમને ગાંગલિ ઋષિના આશ્રમમાં લઈ ગયો. કમલમાલા સાથે તમારું લગ્ન થયું, વૃક્ષની બખોલમાંથી રેશમી વસ્ત્રો તથા આભૂષણો પ્રગટ કર્યાં વગેરે સઘળી હકીકત તો તમે જાણો છો.

હવે તમે જ્યારે ફરીથી કમલમાલા અને શુકરાજકુમાર સાથે આ વનમાં આવ્યા અને તમે આ આમ્ર વૃક્ષ નીચે બેસી કમલમાલાને પોપટે આવીને તમને જે કહેલું તે વગેરે હકીકત કહી, તે વખતે તમારા ખોળામાં રહેલ આ શુકરાજે તે સઘળું સાંભળ્યું. આ સાંભળતાં જ શુકરાજને **જાતિસ્મરણ** જ્ઞાન થયું ને તેણે મનમાં વિચાર્યું. 'ઓહો ! ભવ નાટક તો જુઓ ! આ મારા માતા-પિતા તો જિતારિ રાજાના ભવમાં અને દેવલોકના ભવમાં પણ મારી બન્ને સ્ત્રીઓ હતી, તે જ બંને આ ભવે માતાપિતા થયાં. હું તેમને હે માતા ! હે પિતા ! એમ કહીને કેવી રીતે બોલાવું !' આવો વિચાર કરી શુકરાજે મૌન ધારણ કર્યું. આ જ કારણથી તે બોલતો નથી.'

શ્રીદત્ત કેવલીએ કહ્યું : 'હે શુકરાજ ! આ સંસારનું સ્વરૂપ ઘણું વિચિત્ર છે. એમાં આશ્ચર્ય પામવા જેવું નથી, આ સંસાર એક નાટક જેવું છે. સર્વે જીવો સર્વ જીવોની સાથે પરસ્પર સર્વ પ્રકારના સંબંધ પામ્યા છે. સંસારમાં જીવ અનાદિ કાળથી રખડયા કરે છે જે આ ભવમાં પિતા છે, તે આવતા ભવમાં પુત્ર થાય છે. પુત્ર છે, તે પિતા થાય છે. સ્ત્રી છે, તે માતા થાય છે : માતા છે તે પિતા થાય છે. જે ઠેકાણે સર્વે જીવ અનંતિવાર જન્મ્યા નથી અને મરણ પામ્યા નથી, એવી કોઈપણ જાતી નથી, યોનિ નથી, સ્થાન નથી, તેમજ કુળ પણ નથી. તેથી તેને દરેક જીવની સાથે અનેક સંબંધો થયા છે. પરંતુ આ ભવનાટકમાં વહે-

વારની મુખ્યતા હોવાથી જે કાળે જે સ્થિતિમાં હોય, તે કાળે તે પ્રમાણે વર્તવું જોઈએ. વર્તમાન કાળમાં આ મૃગધ્વજ રાજા તમારા પિતા હોવાથી અને કમલમાલા રાણી માતા હોવાથી તેમને પિતા તથા માતા કહેવામાં કાંઈ ખોટું નથી. હે રાજકુમાર ! આ સંસારની વિચિત્રતા કેવી છે તે જણાવવાને કેવલીએ શુકરાજ આગળ પોતાનું વિસ્મયકારક ચરિત્ર કહ્યું.'

" કુંભકારના ચક્ર જયું, કર્મ ચક્રનો ખેલ;
ક્ષણ એકે સ્થિર નવી રહે, સુખદુઃખ કર્મની રેલ."

## :૬: શ્રીદત્ત કેવલીનું વિસ્મયકારક વૃત્તાન્ત :



શ્રીદત્ત અને શંખદત્ત નામના બે મિત્રો હતા. તેઓ 'ધન કમાવા માટે સિંહલદ્વીપમાં ગયા, ત્યાં દશ વર્ષ રહીને ઘણું




ભર દરિયામાં તણાતી આવતી એક પેટી જોઈ, ખલાસીઓ પાસે તે પેટી બહાર કઢાવી, અને શરત કરી હતી કે, 'પેટીમાંથી જે કાંઈ ધન નીકળે તે આપણે સરખે ભાગે વહેંચી લઈશું.'

(પેજ નં. ૪૧)

ધન કમાયા. તેવામાં તેઓએ સાંભળ્યું કે કટાહ નામના દ્વીપમાં વેપાર કરવાથી ઘણો લાભ થાય તેમ છે, તેથી તેઓ સિંહલ-દ્વીપથી વહાણ ભરીને કટાહદ્વીપ તરફ જવાને નીકળ્યા.

અનુકૂળ પવનને લીધે તેઓ દરિયામાં મુસાફરી કરીને કટાહદ્વીપે આવ્યા, અને ત્યાં વેપાર કરીને ઘણું ધન કમાયા. પછી તેઓએ હિસાબ કર્યો. દરેકના ભાગમાં આઠ આઠ કોટિ ધન આવ્યું, તે પછી તેઓ બંનેએ પોતાના દેશ તરફ જવાનો વિચાર કર્યો, વહાણમાં સઘળું ધન લઈને નીકળ્યા. વહાણ દરિયામાં ચાલ્યું જાય છે, તેવામાં તેમણે નદીવાટે દરિયા-માં તણાતી આવતી એક પેટી જોઈ. બન્ને મિત્રોએ ખલાસીઓ પાસે તે પેટી બહાર કઢાવી, વહાણમાં ચઢાવી અને શરત કરી, 'પેટીમાંથી રત્ન, સુવર્ણ વગેરે જે કાંઈ ધન નીકળે તે આપણે સરખે ભાગે વહેંચી લઈશું.'

તેઓએ પછી તે પેટી ખોલી તો તેમાં તેમણે એક કન્યાને બેભાન અવસ્થામાં પડેલી જોઈ. તે કન્યાનું શરીર લીલુંછમ થઈ ગયું હતું. સર્પદંશને કારણે કોઈએ કન્યાને પેટીમાં મૂકીને નદીમાં વહાવી હશે, તેમ તેઓએ અનુમાન કર્યું.

શંખદત્તે કહ્યું : 'હું આ કન્યાને સચેતન કરીશ.' પછી પાણી મંત્રીને શંખદત્તે તે કન્યાના શરીર ઉપર છાંટયું. એટલે તે કન્યા થોડીવારે સચેતન થઈ-ભાનમાં આવી.

સુંદર રૂપવાળી તે નવયૌવના કન્યાને જોઈને શંખદત્તે કહ્યું : 'હું આ કન્યા સાથે પરણીશ.'

તે વખતે શ્રીદત્તે કહ્યું : ‘ હે મિત્ર ! તું આ પ્રમાણે બોલે તે તને યોગ્ય નથી. પેટીમાંથી જે નીકળે તે આપણે બંનેએ સરખે ભાગે વહેંચી લેવાની શરત કરી છે, માટે મારી પાસેથી ઇચ્છા પ્રમાણે ધન લઈને તું મને આ કન્યા સોંપી દે.’

શ્રીદત્તના વચન સાંભળી શંખદત્તે કહ્યું : ‘ આ કન્યાને મેં સજીવન કરી છે, માટે તે કન્યા પર મારો અધિકાર છે. હું જીવતાં છતાં તને કોઈ રીતે આ કન્યા આપીશ નહિ.’

આ પ્રમાણે વાદવિવાદ કરતાં તે બે મિત્રો વચ્ચે કન્યાને મેળવવા માટે ઝઘડો વધી ગયો. તે વખતે તે બંનેને સમજાવવા માટે ખલાસીઓ વચ્ચે પડયા. તેમણે કહ્યું : ‘ અહીંથી બે દિવસમાં સુવર્ણકૂલ નામનું નગર આવશે ત્યાં ઘણા ચતુર મનુષ્યો રાજા પાસે છે, તેમની પાસે આ બાબતનો ફેંસલો કરાવજો. જો તમે બંને વહાણમાં લડશો તો પરિણામ સારું આવશે નહિ.’ ખલાસીઓના કહેવાથી તે બંનેએ તેમ કરવાનું કબૂલ કર્યું.

ખલાસીઓના શબ્દો પર વિચાર કરી શ્રીદત્તે મનમાં વિચાર્યું. ‘ જો રાજાના માણસો પાસે આ બાબતનો ફેંસલો કરાવવામાં આવશે તો, તેઓ આ કન્યા નક્કી શંખદત્તને સોંપશે

કારણ કે શંખદત્તે તેને સજીવન કરી છે, માટે આ કન્યા* મારી પાસે રહે તેવો કોઈ ઉપાય મારે કરવો જોઈએ.'

શ્રીદત્તે વધુ વિચારતાં મનમાં નિશ્ચય કર્યો કે સુવર્ણકૂલ પહોંચ્યા પહેલાં કોઈ પણ રીતે શંખદત્તને સમુદ્રમાં ફેંકી દેવો. આ વિચારથી તેણે કપટથી શંખદત્ત સાથે મિત્રતાનો દેખાવ ચાલુ રાખ્યો. શંખદત્ત ભોળો હોવાથી તેને કંઈ વહેમ આવ્યો નહિ. તે તો શ્રીદત્તને પૂર્વની જેમ સાચો મિત્ર ગણતો હતો.

રાત્રિનો સમય છે, ચાંદની ખીલી છે. ચારે તરફ પાણી ઉપર જાણે રૂપેરી ચાદર છવાઈ ગઈ હોય તેમ લાગે છે,તે વખતે શ્રીદત્ત ઊઠીને વહાણની અટારીમાં આવ્યો અને શંખદત્તને બૂમ પાડીને કહેવા લાગ્યો, ' હે મિત્ર, જલદી આવ, જલદી આવ, મોટું કૌતુક જો. આ વહાણ આગળ આઠ મુખવાળો મત્સ્ય દેખાય છે,' શંખદત્ત આ વાત સાચી માનીને આંખો ચોળતો ચોળતો ઊઠીને આવ્યો ને ' મત્સ્ય ક્યાં છે ? ક્યાં છે ?' એ પ્રમાણે બોલતો વાંકો વળીને જોવા લાગ્યો, તે વખતે શ્રીદત્તે તેને પાછળથી ધક્કો મારી સમુદ્રમાં ફેંકી દીધો.

---

*हा नार्यो निर्मिताः केन. सिद्धिस्वर्गार्गलाः खलु ।
यत्र स्खलन्ति ते मूढाः, सुरा अपि नरा अपि ॥

અહો ! મોક્ષની અને સ્વર્ગની અર્ગલા–આગ રૂપ સ્ત્રીઓને કોણે બનાવી ? કે જ્યાં દેવતાઓ અને માણસો મૂર્ખ બનીને સ્ખલના પામે છે. એટલે સ્ત્રીઓથી દેવતાઓ અને મનુષ્યો પણ મુંઝાય છે.

શંખદત્તને સમુદ્રમાં ફેંકી દઈને કપટી શ્રીદત્ત મોટેથી બૂમ પાડીને ગદ્‌ગદ્ સ્વરે રુદન કરવા લાગ્યો: 'હે મિત્ર ! તું મને મૂકીને કેમ ચાલ્યો ગયો ? તારા વિના મારા દિવસો હવે કેમ જશે ? તારા વિના મારા પ્રાણ ચાલ્યા જશે ? મારું હવે શું થશે ? તું મને હવે કયારે મળીશ ?' રુદન સાંભળીને વહાણના ખલાસીઓ વગેરે આવી પહોંચ્યા. તેઓએ શ્રીદત્તને આશ્વાસન આપીને શાંત કર્યો. મનમાં ખુશ થતો અને બહારથી શોકનો દેખાવ કરતો, તે વહાણમાં જઈને બેઠો. ત્યાર પછી વહાણ સમુદ્રકાંઠે આવેલાં સુવર્ણ-કૂલ નગરના બંદરે આવી પહોંચ્યું.

તે નગરમાં **ધન** નામનો રાજા રાજ કરતો હતો. શ્રીદત્ત વહાણમાંથી સારી સારી વસ્તુઓ લઈને રાજાની સભામાં ગયો. રાજાની આગળ તે વસ્તુઓ ભેટ મૂકી. આથી પ્રસન્ન થયેલા રાજાએ તેનું દાણ–જકાત માફ કર્યું. ત્યાર પછી તે શ્રીદત્ત દાણ આપ્યા વિના વહાણમાં લાવેલી વસ્તુઓ નગરમાં વેચવા લાગ્યો.

હવે શ્રીદત્તે પેટીમાંથી નીકળેલી તે સુંદર કન્યા સાથે લગ્ન કરવા વિચાર કર્યો. તે માટે જોષીને બોલાવીને લગ્નનું મુહૂર્ત નક્કી કર્યું. મુહૂર્તનો દિવસ નક્કી કરીને તે દરરોજ રાજ-સભામાં જવા લાગ્યો. ત્યાં રાજસભામાં શ્રીદત્તે રાજાની પડખે રહેલી એક ચામર વીંઝનારી સુંદર સ્ત્રી જોઇ. તેનું સુંદર રૂપ જોઈને શ્રીદત્ત તેની ઉપર મોહી પડયો.

તેણે એક મનુષ્યને પૂછયું, 'રાજાની પડખે આ



જંગલમાં ચંપકના ઝાડ નીચે બેઠેલા શ્રીદત્તને મનુષ્ય વાણીમાં વાનર કહેવા લાગ્યો ! હે દુરાચારી ! તું પર્વત ઉપર બળતું જુવે છે, તારા મિત્રને સમુદ્રમાં ફેંકી દીધો. ઉપરાંત તું પોતાની પડખે પોતાની માતા અને પુત્રીને લઈને બેઠો છે. વિ૦ ( પેજ નં. ૪૫-૪૬ )

ચામર વીંઝનારી કોણ છે?'

તે મનુષ્યે કહ્યું: 'એનું નામ સુવર્ણરેખા છે. અને તે રાજાની ઘણી માનીતી છે જે કોઈ તેને માનપૂર્વક ઘણી સોનામહોરો આપે છે; તેની સાથે તે વાત કરે છે. ને હાસ્યથી પ્રફુલ્લિત કરે છે.'

સુવર્ણરેખા ઉપર મોહિત થયેલા તે શ્રીદત્તે તેને ઘણી સોનામહોરો આપી અને ગુપ્ત રીતે તેને રથમાં બેસાડીને વહાણમાં લાવેલી કન્યાને સાથે લઈને વનમાં ગયો. ત્યાં એક ચંપકના વૃક્ષ નીચે બેસીને તે શ્રીદત્ત બંને સ્ત્રીઓ સાથે વાર્તા-વિનોદ કરવા લાગ્યો.

શ્રીદત્ત ઝાડ નીચે બંને સ્ત્રીઓ સાથે બેઠેલો હતો, તેવામાં કેટલી વાનરીઓ સાથે એક વાનર ત્યાં આવી પહોંચ્યો. તે વખતે શ્રીદત્તે સુવર્ણરેખાને મશ્કરીમાં પૂછયું: 'હે સુવર્ણરેખા! આ વાનરીઓ વાનરને શી સગી થતી હશે?'

જવાબમાં સુવર્ણરેખાએ કહ્યું: 'આ વાનરીઓમાં કોઈક તેની માતા હશે, કોઇક બહેન હશે, કોઈક પુત્રી હશે. બીજા પણ કેટલી કેટલી જાતના સંબંધ હશે, તે હું કેવી રીતે જાણી શકું?'

સુવર્ણરેખાનું વચન સાંભળીને શ્રીદત્તે કહ્યું: 'આ પશુ-તિર્યંચ જાતિને ધિક્કાર છે, તેઓમાં કાંઈ વિવેક નથી. કૃત્ય--અકૃત્યના વિચાર વિનાનો તેમનો જન્મ ફોગટ છે.'

આ સાંભળીને કોપેલો વાનર શ્રીદત્તને મનુષ્યની વાણીમાં કહેવા લાગ્યો: 'હે દુરાચારી! હે પાપિષ્ટ! તું

પર્વત ઉપર બળતું જુવે છે, પરંતુ તારા જ પગ નીચે બળી રહેલા અગ્નિને જોતો નથી. હલકા મનુષ્યનો સ્વભાવ જ એવો છે, તેને પારકાના નજીવા દોષ પણ મોટા લાગે છે અને પોતાના મોટા દોષો પણ દેખાતા નથી. સર્વે પોતાને ગુણવાન માને છે અને પારકાના દોષો જોવામાં ચતુર હોય છે. પોતાના દોષો તો કોઇ જ જોતું નથી.'

" તેં તારા મિત્રને સમુદ્રમાં ફેંકી દીધો. આવું ઘોર પાપ કર્યું ઉપરાંત તું પોતાની પડખે પોતાની માતાને અને પુત્રીને લઈને બેઠો છે, અને ઉપરથી બીજાના દોષો બોલે છે માટે તું નરકમાં પડીશ તેનો તો તું વિચાર કર."

આ પ્રમાણે બોલીને તે વાનર વાનરીઓ સાથે કૂદકા ભરતો ત્યાંથી ચાલ્યો ગયો.

વાનરનાં વચનો સાંભળીને શ્રીદત્ત વિચારમાં પડી ગયો.

" આ વાનરે મેં મારા મિત્રને સમુદ્રમાં નાખ્યો તે કયાંથી જાણ્યું ? આ વાનર મનુષ્ય ભાષા બોલતાં કયાંથી શીખ્યો ? આ બે સ્ત્રીઓમાં એક માતા અને બીજી મારી પુત્રી કેવી રીતે થાય ? વળી આ સુવર્ણરેખા મારી માતા કેવી રીતે હોય ? તેની ઉંમર પણ મોટી જણાતી નથી મારો દેશ તો અહીંથી ઘણે દૂર છે ? આ વાનરે મને મોટા ભ્રમમાં નાખ્યો છે."

ત્યાર પછી તેણે સુવર્ણરેખાને પૂછયું : " હે સુવર્ણરેખા ! તું કોણ છે, તે મને સાચેસાચું કહે." તે વખતે પૈસાના લોભમાં પડેલી સુવર્ણરેખાએ કહ્યું : "તમે એક પશુનું

વચન સાંભળી ફોગટ ભ્રમમાં પડયા છો, અહીં તમારી માતા કયાંથી હોય ?"

આ વચન સાંભળ્યા છતાં શ્રીદત્તના મનમાં સમાધાન થયું નહિ. તેથી ચિંતાતુર વદને તે વનમાં આમતેમ ભમવા લાગ્યો.

## : ૭ : પેટીમાંની કન્યા કોણ હતી ?

તેવામાં તેણે એક મહાજ્ઞાની મુનિરાજ જોયા. શાંત મુદ્રાવાળા તે મુનિરાજને જોઇને શ્રીદત્ત તેમની પાસે જઈને નમીને વંદના કરી સુખશાતા પૂછી બે હાથ જોડીને ત્યાં બેઠો. પૂજ્ય મુનિ ભગવંતને વિનયપૂર્વક પૂછયું : "હે મુનીશ્વર ! વાનરના વચનથી હું મોટા ભ્રમમાં પડયો છું, માટે આપ ઉત્તમ જ્ઞાન વડે મારા તે ભ્રમને દૂર કરો. **સજ્જન પુરુષો બીજાનું કાર્ય કરવામાં હંમેશાં તત્પર હોય છે."**



(શ્રીદત્ત ગુરૂ ભગવંતને પૂછે છે.)

આ પૂ. મુનિભગવંત અવધિજ્ઞાની હતા, તેથી અવધિ-જ્ઞાનના ઉપયોગથી તેનું સ્વરૂપ જાણીને કહ્યું : "હે શ્રીદત્ત ! વાનરે જે કહ્યું છે, તે તદ્દન સત્ય–સાચું છે."

શ્રીદત્તે કહ્યું : "તે સ્ત્રીઓ મારી માતા તથા પુત્રી કેવી રીતે થાય તે સ્વરૂપ જણાવવા કૃપા કરશો." આથી મુનિરાજે કહ્યું : "હું પ્રથમ તારી પુત્રીનું સ્વરૂપ કહું છું તે તું સાંભળ :—

"આ ભરતક્ષેત્રમાં **મંદિરપુર** નામના નગરમાં સૂરકાન્ત નામનો રાજા હતો. તે સ્ત્રીલંપટ હતો. તે નગરમાં ઉદાર દિલ **સોમ** નામનો શેઠ રહેતો હતો. તે ઘણો ધનવાન હતો. તેને **સોમશ્રી** નામની સુંદર સ્ત્રી હતી. અને તેમનો તું **શ્રીદત્ત** નામનો એકનો એક પુત્ર હતો. તને **શ્રીમતી** નામની કન્યા સાથે સોમ શેઠે મોટા આડંબરથી પરણાવ્યો હતો.

એક વખત સોમ શેઠ ને સોમશ્રી વનમાં ગયાં હતાં. તે વખતે ત્યાં આવેલા સૂરકાંત રાજાએ અતિ સ્વરૂપવતી તારી માતા સોમશ્રીને જોઈને તેના ઉપર આસક્ત થઈ તેનું અપહરણ કર્યું અને તેને પોતાના અન્તઃપુરમાં રાખી. તારા પિતા સોમ શેઠે પોતાની પત્નીને પાછી મેળવવા ઘણા ઘણા ઉપાય કર્યા. પરંતુ રાજા આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ; તેથી તેણે તને એકાન્તમાં બોલાવીને કહ્યું : "હે પુત્ર ! રાજા તારી માતાને પાછી આપતો નથી માટે

હાલમાં હું ગુપ્ત રીતે અહીંથી જાઉં છું. મારી પાસે છ લાખ સોનૈયા છે, તેમાંથી ત્રણ લાખ સોનૈયા કોઈ બલવાન રાજાને આપી તેની સહાય વડે સૂરકાન્ત રાજાને હરાવીને હું તારી માતાને પાછી મેળવીશ." આ પ્રમાણે કહીને તારા પિતા ઘરમાંથી ઘણું ધન લઈને છાનામાના ચાલ્યા ગયા.

તારા પિતાના ચાલ્યા ગયા પછી તારી પત્ની શ્રીમતીએ એક પુત્રીને જન્મ આપ્યો. તે પુત્રી દશ દિવસની થઈ, ત્યારે તારા મિત્ર શંખદત્તના કહેવાથી તું ધન કમાવા માટે તેની સાથે પરદેશ તરફ ચાલી નીકળ્યો. આ બધી હકીકત તો તું જાણે છે, તે છતાં તને યાદ કરાવવા માટે કહી છે. તારા ત્યાંથી ચાલ્યા ગયા પછી શું થયું તે તું હવે સાંભળ :-

તારા ગયા પછી તે નગરમાં અનેક જાતની અફવાઓ ફેલાણી. તારા પિતા મોટું સૈન્ય લઈને સૂરકાન્ત રાજા સાથે લડવા આવવાના છે, સૂરકાંત રાજા તે બળવાન સૈન્ય સામે ટકી શકશે નહિ અને નગરમાં લૂંટફાટ થશે. એવી અફવાઓથી નગરના લોકો તે નગરમાંથી નાસી જવા લાગ્યા. તેથી તારી પત્ની શ્રીમતી પોતાની નાની પુત્રીને સાથે લઈને ગંગા નદીના કાંઠે આવેલા પોતાના પિયર સિંહપુર નગરમાં ગઈ અને પોતાના ભાઈને ત્યાં રહેવા લાગી.

મોસાળમાં તારી પુત્રી મોટી થવા લાગી. ત્યાં મામા–મામીઓથી લાલનપાલન કરાતી તે તરુણ વયની થઈ. એવામાં એક દિવસે રાત્રિમાં ઉંઘતી તારી પુત્રીને સર્પ કરડ્યો. તેથી તે બેભાન થઈ ગઈ. માતાએ તથા તેના મામાએ મંત્ર-તંત્ર વગેરે ઘણા ઉપચારો કર્યા પરંતુ તે કન્યા કોઈ રીતે ભાનમાં આવી નહિ. માતાએ પુત્રી માટે ઘણા વિલાપો કર્યા.

ત્યારપછી તે કન્યાને મરણ પામેલી જાણીને માતાએ સ્નેહને લીધે તે કન્યાને પેટીમાં મૂકીને તે પેટી ગંગા નદીમાં વહેતી મૂકી. તે વખતે ગંગા નદીમાં મોટું પુર આવ્યું હતું, તેથી તે પેટી તણાતી તણાતી અનુક્રમે સમુદ્રમાં આવી. તે વખતે તમારું વહાણ ત્યાંથી પસાર થતું હતું. તેં તથા શંખદત્તે તે પેટી જોઈ અને ખલાસીઓ પાસે દરિયામાંથી કઢાવીને વહાણમાં લઇ લીધી. ત્યારપછી શું બન્યું તે સઘળુ તો તું પોતે જાણે છે. માટે પેટીમાંથી નીકળેલી કન્યા જેને મેળવવા માટે તેં તારા મિત્ર શંખદત્તને કપટ કરીને દરિયામાં ફેંકી દીધો, તે ખરેખર તારી જ પુત્રી છે, માટે વાનરે કહ્યું તે સાચું જ જાણ."

ત્યારબાદ શ્રીદત્તની આગળ અવધિજ્ઞાની મુનિભગવંતે સુવર્ણરેખા તેની માતા કેવી રીતે છે, તે હકીકત નીચે પ્રમાણે જણાવી:–

મંદિરપુર નગરથી ચાલી નીકળેલા તે તારા પિતા સોમ શેઠ ચાલતા ચાલતા એક ભીલોના સ્થાનમાં જઈ

પહોંચ્યા. ત્યાં તેમણે ભીલપતિની સેવા કરી. તેથી પ્રસન્ન થએલા ભીલપતિએ સોમ શેઠને કહ્યું: "તમારે કોઈપણ કામ હોય તો મને જણાવો. હું તમારુ કામ સિદ્ધ કરી આપીશ."

તે વખતે સોમ શેઠે કહ્યું : "મંદિરપુર નગરના રાજા સૂરકાન્તે મારી સ્ત્રીને પકડીને તેના અન્તઃપુરમાં રાખી છે, માટે જો તમે મને લશ્કરની સહાય કરો તો હું તેની પાસેથી મારી પત્નીને પાછી મેળવું." પલ્લીપતિએ હા કહેવાથી સોમ શેઠ તેનું મોટું લશ્કર લઈને સૂરકાન્ત રાજાના દેશના સીમાડે આવી પહોંચ્યો. સૂરકાન્ત રાજાએ તે ભીલોનું મોટું લશ્કર જોયું, તેથી તે આકુળવ્યાકુળ થયો, પરંતુ હિંમતથી પોતાનું લશ્કર લઈને લડવા માટે સામો થયો. તે બંને વચ્ચે લડાઈ થઈ, તેમાં સૂરકાન્ત રાજાનું લશ્કર હારી ગયું, તેથી રાજા નાસીને નગરમાં આવી દરવાજા બંધ કરીને કિલ્લામાં ભરાઈ રહ્યો. તેની પાછળ સોમ શેઠ પણ લશ્કર સાથે આવી પહોંચ્યો નગરના દરવાજા તોડીને તે નગરમાં પેઠો. ત્યાં નગરની અંદર યુદ્ધ કરતાં સોમ શેઠના કપાલમાં તીર વાગ્યું, તેથી તે ત્યાં જ મરણ પામ્યો. આ પ્રમાણે તારા પિતાએ પત્નીને પાછી મેળવાને બદલે પ્રાણ ગુમાવ્યાઃ **માણસ ચિંતવે છે કાંઈક અને દૈવ કરે છે કાંઈ!**

છેવટે સૂરકાન્ત રાજા ભીલ સૈન્યથી યુદ્ધમાં હારી ગયો, તેથી તે જીવ બચાવવા તે નગરીમાંથી નાસી ગયો. ભીલસૈન્યે તે નગરીને લૂંટી. તે વખતે એક ભીલસૈનિક

તારી માતા સોમશ્રીને લઈને નગરમાંથી ચાલતો થયો. રસ્તામાં રાત પડી તે વખતે શીલ બચાવવા માટે અંધારાનો લાભ લઈ તે સોમશ્રી ભીલને છેતરીને ત્યાંથી નાસી ગઇ.

પ્રભાત થતા વનની અંદર ભમતાં સોમશ્રીને ભૂખ લાગી તેથી તેણીએ કોઈ અજાણ્યા વૃક્ષનું ફળ ખાધું. તે ફળના



(જંગલમાં સોમશ્રી અજાણ્યું ફળ ખાય છે.)

પ્રભાવથી સોમશ્રીનો શરીરનો વર્ણ સુવર્ણ સરખો કાંતિવાળો થઈ ગયો, તેમજ તેની ઉંમર પણ નાની જણાવા લાગી. મૂળ તો તે ઘણી સુંદર હતી, તેમાં આ ફળના પ્રભાવથી તેનામાં અજબ ફેરફાર થઈ ગયો અને તેથી જ તું તારી માતાને ઓળખી શકયો નહિ.

તે સોમશ્રી, હવે શું કરવું ? ક્યાં જવું ? પોતાનું રક્ષણ કેમ કરવું ? વગેરે વિચાર કરતી તે વનમાં રહેતી હતી તેવામાં ત્યાં ધન નામનો એક સાર્થવાહ આવી ચઢયો. તેણે દેવાંગના સરખા રૂપવાળી તે સોમશ્રીને જોઈ તેથી તે ઘણો ખુશ થયો, અને સોમશ્રીને લઇને સમુદ્રના કાંઠે આવેલા સુવર્ણકૂલ નગરમાં આવી પહોંચ્યો.

આ નગરમાં ધન સાર્થવાહે ઘણી વસ્તુઓ ખરીદ કરી, જે વસ્તુઓ ઘણી મોંઘી હતી. કોઈ પણ કારણથી તે વસ્તુઓ બીજે દિવસે સસ્તી થઈ ગઇ. ધન સાર્થવાહનું ધન ખૂટી ગયું, તેથી સોમશ્રીને વેચીને પૈસા કમાવાના ઈરાદાથી તેને લઈને બજારમાં ગયો. તે વખતે રૂપવતી નામની વેશ્યાએ તે સોમશ્રીનું રૂપ જોઈને એક લાખ સોનામહોરો આપીને તેને ખરીદી અને પોતાને ઘેર લઈ ગઈ.

રૂપવતી વેશ્યાએ સોમશ્રીના શરીરની સુવર્ણ સરખી કાંતિ હોવાથી તેનું નામ સુવર્ણરેખા પાડયું. તેથી તે સુવર્ણરેખાના નામે પ્રસિદ્ધ થઈ. રૂપવતીએ તેને ગાયન નૃત્ય વગેરે ઘણી કળાઓ શીખવી અને તેથી તે સુવર્ણરેખા થોડા વખતમાં નૃત્યાદિ કળામાં હોંશિયાર થઈ.

રૂપવતી વેશ્યાએ સુવર્ણરેખા પાસે રાજાની સભામાં નૃત્ય કરાવ્યું. તેની નૃત્યકળાથી પ્રસન્ન થએલા રાજાએ તેને પોતાની ચામર વીંઝનારી બનાવી. તે દિવસથી નિયમિત

નિર્ણિત થયેલા સમયે રાજાની સેવા માટે તે જાય છે અને સમય પૂરો થતાં તે રૂપવતી વેશ્યાને ત્યાં પાછી જાય છે. માટે હે શ્રીદત્ત! આ સુવર્ણરેખા તે જ તારી માતા સોમશ્રી છે. તેં તેને પૂછ્યું ત્યારે તેણે લોભ અને લજ્જાને લીધે તને સાચી વાત કહી નહોતી.”

ત્યારપછી શ્રીદત્તે પૂછ્યું : “ હે ગુરુભગવંત ! તે વાનરે આ મારી પુત્રી તથા માતા છે, એવું કેવી રીતે જાણ્યું તે કૃપા કરી જણાવશો. ”

તે વખતે જ્ઞાની મુનિમહારાજે કહ્યું: “આ વાનર તો તારા પિતા સોમ શેઠ છે, જ્યારે મંદિરપુર નગરમાં યુદ્ધ કરતાં તીર વાગવાથી તારા પિતા મરણ પામ્યા. તે વખતે તે સોમશ્રીના ધ્યાનમાં મરણ પામ્યા અને મરીને વ્યન્તર જાતિમાં દેવ થયા. ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કેઃ–

‘કોઈ ગળે ફાંસો ખાઇને મરે, વિષનું ભક્ષણ કરી મરે, પાણી તથા અગ્નિમાં પ્રવેશ કરી મરે, ભૂખ તથા તરસથી મરે, પર્વતના શિખર ઉપરથી પડીને મરે, ને મરતી વખતે શુભ પરિણામ વર્તતો હોય તો તે મરીને વ્યન્તર જાતિમાં દેવ થાય છે.×

વ્યન્તર દેવ થયેલા તારા પિતાએ જ્ઞાનથી સોમશ્રી

×“रज्जुग्गह–विसभक्ण–जल–जलण–पवेस–तण्हछुह दुक्खओ ।
गिरिसिर पडणाओ मुआ, सुहभावा हुन्ति वंतरिआ ॥”

તથા પુત્રી સહિત આ વનમાં રહેલા તને જોયો અને પૂર્વ ભવના મોહને લીધે વાનરનું રૂપ કરીને તને પ્રતિબોધ કરવાને અહીં આવ્યો. હમણાં જ તે વાનર આવીને સુવર્ણરેખાને ઉપાડી ચાલ્યો જશે.'' આ પ્રમાણે કહ્યું, તેટલામાં તે વાનર ત્યાં આવીને સુવર્ણરેખાને ઉપાડી ક્ષણવારમાં ત્યાંથી દૂર દૂર ચાલ્યો ગયો.

ત્યાર પછી તે શ્રીદત્ત ગુરુભગવંતને નમીને પુત્રીને લઈને તે નગરમાં પોતાના ઉતારે ગયો.

## : ૮ : શ્રીદત્તને શૂળીની શિક્ષા

મોડું થઈ જવા છતાં જ્યારે સુવર્ણરેખા ઘેર આવી નહિ ત્યારે રૂપવતી વેશ્યાએ તેની સખીઓને પૂછ્યું: ''સુવર્ણરેખા કયાં છે?'' તે વખતે સખીઓએ કહ્યું, ''શ્રીદત્ત વેપારી પાંચસો સોનામહોરો આપવાનું કહીને તેને વનમાં લઈ ગયો છે, ત્યારપછી તે પાછી આવી નથી.''

આથી રૂપવતીએ સુવર્ણરેખાના સમાચાર મેળવવા માટે દાસીઓને શ્રીદત્તના ઉતારે મોકલી. દાસીઓએ શ્રીદત્તના ઉતારે આવી પૂછ્યું: '' હે શ્રીદત્ત! સુવર્ણરેખા કયાં છે? તે કહો.'' શ્રીદતે કહ્યું: ''હું કાંઇ જાણતો નથી.'' તેથી દાસીઓએ કહ્યું: ''તમે પ્રત્યક્ષ જૂઠું કેમ બોલો છો? તમે પાંચસો સોનામહોરો આપવાનું કહીને

તેને વનમાં લઇ ગયા હતા.” જ્યારે શ્રીદ-તે કાંઈ ખુલાસો કર્યો નહિ ત્યારે તેઓએ રૂપવતી પાસે આવીને તે હકીકત જણાવી.

દાસીઓ પાસેથી શ્રીદત્તની હકીકત સાંભળ્યા પછી રૂપવતીએ રાજા પાસે જઈને ફરિયાદ કરી: “હે રાજન ! હું નગરમાં લુંટાઈ !” રાજાએ પૂછ્યું : “કેવી રીતે લુંટાઇ ?” ત્યારે રૂપવતીએ બધી વાત કરતાં કહ્યું. : “શ્રીદત્ત સુવર્ણ-રેખાને લઈને વનમાં ગયો હતો, પણ તે સુવર્ણરેખા ક્યાં છે તે કહેતો નથી, માટે તેની પાસેથી મને સુવર્ણરેખા પાછી અપાવો.”

રાજાએ સીપાઇને મોકલીને શ્રીદત્તને બોલાવ્યો અને સુવર્ણરેખાને સોંપી દેવા કહ્યું. તે વખતે શ્રીદત્તે વિચાર્યું કે સુવર્ણરેખાને વાનર લઈ ગયો છે એમ જો હું કહીશ તો, કોઈ તે સાચું માનશે નહિ અને ઉપરથી મારી હાંસી થશે, માટે આ બાબતમાં **મૌન સર્વાર્થસાધક છે.** કાંઈ બોલવું જ નહિ એ હિતકર છે. આ પ્રમાણે વિચારી રાજાનો આગ્રહ છતાં જ્યારે તે શ્રીદત્ત કાંઇ બોલ્યો નહિ, ત્યારે કોપેલા મહારાજાએ કોટવાળને કહ્યું : “આ શ્રીદત્તને કેદખાનામાં પૂરી દો અને તેના રહેવાના ઘરને સીલ કરીને તેની પુત્રીને મારા અંતઃપુરમાં મોકલી દો.”

કોટવાળે પણ મહારાજાનો હુકમનો તુરત અમલ કર્યો.

જેલમાં પૂરાએલા શ્રીદત્તે વિચાર કર્યો: "જે થવાનું હશે તે થશે. પણ સાચી વાત મહારાજાને કહેવી." તેણે જેલના સીપાઇને પોતાનો વિચાર જણાવ્યો તેથી સીપાઇ શ્રીદત્તને રાજા પાસે લઇ ગયો. પછી શ્રીદત્તે રાજા આગળ જંગલમાંથી સુવર્ણરેખાને વાનર કેવી રીતે ઊઠાવી ગયો વગેરે વૃત્તાંત કહ્યો. આ સાંભળીને રાજા તથા સભાજનો મશ્કરી કરવા લાગ્યા. "**શાબાશ! શ્રીદત્ત શાબાશ! તારું આ સત્ય પણ અજોડ અને અદ્ભુત છે.**"

શ્રીદત્તની વાત સાચી હોવા છતાં શ્રીદત્ત ખોટું બોલે છે અને ખરી વાત કહેતો નથી, એમ માનીને રાજા તેના ઉપર વધારે કોપાયમાન થયો અને કોટવાળને કહ્યું: "શ્રીદત્તને અહીંથી લઈ જાઓ અને શૂળી ઉપર ચઢાવી દો."

રાજાના હુકમથી કોટવાળ શ્રીદત્તને લઈને શૂળીએ ચઢાવવાના સ્થાન તરફ રવાના થયો.

આ તરફ ઉદ્યાનપાલકે આવીને રાજાને વધામણી આપી: "**શ્રી ચંદ્ર નામના જ્ઞાની મુનિભગવંત** ઉદ્યાનમાં પધાર્યા છે." આથી રાજા મુનિભગવંતને વંદન કરવા પરિવાર સાથે ઉદ્યાનમાં ગયા. પૂ. મુનિરાજને વિધિપૂર્વક વંદન કરીને પૂ.મુનિરાજની સન્મુખ બેસીને ઉપદેશ સાંભળવાની પોતાની ઇચ્છા જણાવી.

શ્રી ચંદ્ર મુનિએ કહ્યુ : "જેનામાં ન્યાય નથી, ધર્મ નથી તેને ઉપદેશ કેવો ? તેને ઉપદેશ દેવાથી શું ?" ત્યારે રાજાએ કહ્યું : 'હું હંમેશા ન્યાયધર્મનું પાલન કરું છું." ગુરુદેવે કહ્યું : "તમે યોગ્ય ન્યાય કરતા નથી, નહિ તો સત્યવાદી શ્રીદત્તને મારી નાખવાનો હુકમ કરો નહિ."

આથી વિસ્મય પામેલા રાજાએ રાજસેવકને નોકરને બોલાવવા મોકલી તરત જ શ્રીદત્તને શૂળીના સ્થાનેથી ત્યાં લઈ આવવા જણાવ્યું, રાજાની આજ્ઞાનો અમલ થયો. શ્રીદત્તને ત્યાં લાવવામાં આવ્યો. રાજાએ પોતાની પાસે આદરપૂર્વક બેસાડયો અને અંજલિ જોડીને પૂ. ગુરુ ભગવંતને પૂછયું: "શ્રીદત્ત સત્યવાદી કેવી રીતે છે, તે જણાવવા કૃપા કરો."



તે જ વખતે પીઠ ઉપર બેસાડેલી સુવર્ણરેખાને લઇને વાનર પણ ત્યાં આગળ આવ્યો, તેમજ ગુરુદેવને વિધિપૂર્વક નમીને સુવર્ણરેખાને ઊતારીને ગુરુની સામે દેશના સાંભળવા બેઠો. વાનરની આ ચેષ્ટા જોઇને બધાને આશ્ચર્ય થયું. શ્રીદત્તની વાત સાચી હતી, તેની પણ બધાને પ્રત્યક્ષ જોવાથી ખાતરી થઇ.

ત્યાર પછી શ્રી ચંદ્રમુનિવરે રાજાની આગળ ધર્મનો

ઉપદેશ કર્યો. વાનર પણ દેશના સાંભળી રહ્યો છે. ઉપદેશના અંતે શ્રીદત્તે શ્રી ચંદ્ર મુનિને પૂછયું: "હે ભગવંત ! મારી **પુત્રી** અને **માતા** ઉપર મને મોહ શાથી થયો, તે કૃપા કરીને જણાવો."

જવાબમાં શ્રી ચંદ્ર મુનિભગવંતે કહ્યું: "પૂર્વભવના સંબંધને લીધે તને તેમના ઉપર રાગ ઉત્પન્ન થયો હતો." શ્રીદત્તે ગુરુને પોતાનો પૂર્વભવ કહેવાની વિનંતી કરી તેથી ગુરુ ભગવંતે શ્રીદત્તનો પૂર્વભવ નીચે પ્રમાણે કહ્યો :

" આ ભરતક્ષેત્રમાં પાંચાલ નામનો દેશ આવેલો છે, તેમાં **કાંપિલ્યપુર** નામનું એક નગર છે. તે નગરમાં **ચૈત્ર** નામનો એક બ્રાહ્મણ રહેતો હતો, તે **ચૈત્રને ગૌરી** તથા ગંગા નામની બે પત્નીઓ હતી.

આ ચૈત્રને મૈત્ર નામનો એક મિત્ર હતો. ચૈત્રે, મૈત્રને કહ્યું : " હે મિત્ર ! આપણે ધન કમાવા માટે પરદેશ જઇએ. પરદેશ જવાથી બીજા પણ ઘણા ફાયદા થાય છે, કારણ કે, આ પૃથ્વી અનેક આશ્ચર્યોથી ભરેલી છે. માટે જેઓ પૃથ્વીના આશ્ચર્યોને જોતા નથી, તેઓ કૂવાના દેડકા સરખા–કૂપમંડૂક જાણવા."

મૈત્રે ચૈત્રની વાતને ટેકો આપ્યો એટલે બંને મિત્રો સાથે ધન કમાવા માટે ત્યાંથી નીકળીને કોંકણ દેશમાં ગયા. ત્યાં વેપાર કરીને તેઓ ઘણું ધન કમાયા, ત્યાર પછી

તેઓ ધન લઇને સ્વદેશ પાછા આવવા નીકળ્યા.

એકવાર તેઓ રાત્રીના સૂઇ રહ્યા હતા, તે વખતે મૈત્ર જાગી ગયો. ચૈત્રને સૂતેલો જોઈ મૈત્રે વિચાર કર્યો, 'હું આ ચૈત્રને મારી નાખું. તો બધું ધન મને મળે.' આ પ્રમાણે વિચાર કરી ચૈત્રને મારવા માટે તૈયારી કરી છે. તેવામાં અંતરાત્મા જાગૃત થવાથી અશુભ વિચાર માટે તે પોતાની નિંદા કરવા લાગ્યો.

'વિશ્વાસી મિત્રને લોભથી મારવાની ઈચ્છા કરનાર મને ધિક્કાર હો. આવો વિચાર કરવાથી હું નક્કી નરકમાં જઈશ.' આ પ્રમાણે તે મૈત્રે પોતાની નિંદા કરી અને મિત્રને મારવાનું અકાર્ય કર્યું નહિ. ઉત્તમ પુરુષોનું મન કુમાર્ગ તરફ જતું સ્વયં વિવેક જાગવાથી પોતાની મેળે પાછું ફરે છે અને દુષ્ટોનું તથા પાપીઓનું મન સેંકડો ઉપદેશોથી પણ પાછું ફરતું નથી.

તેઓ સ્વદેશ જતાં પહેલાં બીજા પણ ઘણા ઘણા દેશોમાં ફર્યા અને બીજું પણ ઘણું ધન કમાયા. રસ્તામાં આવેલી નદીને ઓળંગવા જતાં હોડી ભાંગતા તેઓ નદીના પ્રવાહમાં પડયા. તેમાં તણાવાથી ડૂબીને મરણ પામ્યા. આ પ્રમાણે ધન કમાવા માટે ઘેરથી નીકળીને પરદેશમાં ફરી ઘણું કમાયા, છતાં ધન ધનને ઠેકાણે રહ્યું અને તેઓ બંને મરણ પામ્યા. જે બનવાનું હોય તે બન્યા

વિના રહેતું નથી. માટે જ સંસારની લીલા નાશવંત સમજી તેમાં મોહ કરવો ઉચિત નથી.

ત્યાંથી મરણ પામીને ચૈત્રનો જીવ તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયો અને ત્યાં ઘણાં કષ્ટો સહન કરીને તું તે ચૈત્રનો જીવ હાલમાં શ્રીદત્ત થયો છે. મૈત્રનો જીવ પણ ઘણા ભવોમાં ભમીને શંખદત્ત નામનો તારો મિત્ર થયો છે.

હવે ચૈત્ર પરદેશ ગયો ત્યારપછી તેની તે ગૌરી અને ગંગા નામની પત્નીઓએ કેટલાક વખત તેની રાહ જોઈ, પરંતુ છેવટે તે બન્ને સ્ત્રીઓ સંસાર ઉપર વૈરાગ્યવાળી થઈ તેઓ માસક્ષમણાદિ તપસ્યા કરવા લાગી.

એકવાર બંને સ્ત્રીઓએ ગંગા નદીના કાંઠે એક વેશ્યાને જોઇ. તેને જોઈને તે બંને વિચારવા લાગી, ‘ આ વેશ્યાને ધન્ય છે, કારણકે તે દરરોજ ઇચ્છિત પુરુષને વરે છે. આપણને ધિક્કાર થાઓ કે આપણા પતિના પરદેશ ગયા પછી, કાંઇ સમાચાર પણ જાણ્યા નથી. અને પાછા મલ્યા પણ નહિ.’ આ પ્રમાણે અયોગ્ય ચિંતવન કરતી તે બંને સ્ત્રીઓ મરણ પામીને જ્યોતિષ દેવલોકમાં દેવીઓ થઈ ત્યાંથી આયુષ્ય પૂરું થવાથી તે ચ્યવીને અનુક્રમે તારી માતા તથા પુત્રી રૂપે ઉત્પન્ન થઇ છે. આ બંને પૂર્વ ભવમાં તારી સ્ત્રીઓ હોવાથી તને આ ભવમાં તેમના ઉપર પ્રેમ ઉત્પન્ન થયો.

તે મૈત્રના જીવે પૂર્વ ભવમાં તને મારવાના પરિણામ કર્યા હતા. તે કુકર્મના લીધે તે તારા મિત્ર શંખ-

દત્તને તેં સમુદ્રમાં નાંખ્યો, માટે હે શ્રીદત્ત ! પૂર્વે કરેલાં કર્મના ઉદયથી જીવો સુખ દુઃખને પામે છે."

આ પ્રમાણે સંસારની અસારતાને જણાવનારી પોતાની પૂર્વભવની કથા શ્રી ચંદ્રમુનીવરના મુખથી સાંભળીને તે શ્રીદત્ત વેપારીનું મન સંસાર ઉપર વૈરાગ્યવાળું થયું, આથી શ્રીદત્તે બે હાથ જોડીને કહ્યું. "હે મુનીવર ! મારા ઉપર કૃપા કરો, અને આ વિષમ સંસારસમુદ્ર તરવાનો સરળ ઉપાય બતાવો."

તે વખતે શ્રી ચંદ્રમુનિભગવંતે કહ્યું "સંસારસમુદ્રથી તારનાર શ્રી જિનેશ્વરદેવે કહેલો ધર્મ છે. તેની આરાધનાના બે માર્ગ એક સાધુમાર્ગ : એટલે સર્વવિરતિ ધર્મ અને બીજો શ્રાવક માર્ગ : એટલે દેશવિરતિ ધર્મ."

મુનિશ્રીએ કહેલ ધર્મમાર્ગ સાંભળીને શ્રીદત્તે સાધુમાર્ગ લેવાની ઈચ્છા જણાવી. તે સાથે કહ્યું, "મારી પુત્રી કોને આપું તેની એક ચિંતા મારા મનમાં રહેલી છે." તે વખતે પૂ. શ્રી ચન્દ્રમુનિભગવંતે કહ્યું, "તું તારી પુત્રી તારા મિત્ર શંખદત્તને કેમ આપતો નથી ?"

આવું ચંદ્રભગવંતનું વચન સાંભળીને શ્રીદત્તે કહ્યું: "તેને તો મેં સમુદ્રમાં ફેંકી દીધો છે, માટે હવે તેનો મેળાપ ક્યાંથી થાય ?"

તે વખતે ગુરુભગવંતે કહ્યું, "તું શોક કર નહિ.

તારો મિત્ર શંખદત્ત હમણાં જ અહીં આવશે." આ પ્રમાણેનું મુનિનું વચન સાંભળીને શ્રીદત્ત હૃદયમાં ખૂબ જ



આશ્ચર્ય પામ્યો. ક્રોધથી લાલચોળ આંખોવાળો શંખદત્ત તે જ વખતે ત્યાં આવી પહોંચ્યો. અને પૂ. મુનિભગવંતને નમીને રાજાની પાસે બેઠો

## : ૯ : શ્રીદત્તની દીક્ષા-અને કેવળજ્ઞાન :

શ્રી ચંદ્રમુનીવરે શંખદત્તના ક્રોધને શાંત કરવા માટે તેને ઉદ્દેશીને કહ્યું : "ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે; માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે, માટે ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો. ક્રોધ જો શરીર રૂપી ઘરમાં પેસે તો બે

પ્રકારના વિકારને કરે છે. જેને ક્રોધ થાય તેને તપાવે છે તેમજ સામાને પણ તપાવે છે.

વળી દેવું થોડું હોય, ઘા થોડા હોય, અગ્નિ થોડો હોય તથા કષાય થોડો હોય તોપણ તેમનો વિશ્વાસ કરવો નહિ દેવું થોડું હોય અને તેને દૂર કરવામાં ન આવે તો તે દેવું દાસપણું કરાવે છે, ઘા નાનો હોય અને ઉપાય કરવામાં ન આવે તો, તે ઘા વધી જવાથી મરણ પ્રાપ્ત થાય છે. અગ્નિ થોડો હોય અને ઓલવવામાં આવે નહિ, તો વધી ગએલો તે અગ્નિ સર્વને બાળી નાખે છે. આ ત્રણ કરતાં પણ કષાયો વધારે ભયંકર છે; કારણકે જો તે કષાયો વધી જાય તો સંસારમાં અનંતા ભવો વધારે છે."

આ પ્રમાણેનાં પૂ.મુનિભગવંતનાં વચનો સાંભળીને શંખદત્તનો ક્રોધ શાંત થયો, તેને શાત થયેલો જોઈને શ્રીદત્તે તેને બોલાવીને પોતાની પાસે બેસાડયો.

શ્રીદત્તે પૂ. મુનિભગવંતને પૂછ્યું : "શંખદત્ત સમુદ્રમાંથી કેવી રીતે બચ્યો ? તથા અહીં કેવી રીતે આવ્યો ? વગેરે કૃપા કરીને જણાવો." તે વખતે જ્ઞાની મુનિભગવંતે નીચે પ્રમાણે શંખદત્તનો હેવાલ કહ્યો.

"તેં જ્યારે શંખદત્તને વહાણમાંથી ભરદરિયામાં ફેંકી દીધો, ત્યારે સારા નસીબયોગે તેનું આયુષ્ય બળવાન હોવાથી તેના હાથમાં એક પાટિયું આવ્યું. કોઈપણ માણસને



શંખદત્તને ઉદ્દેશીને શ્રી ચન્દ્રમુનિભગવંતે કહ્યું :- "હે શંખદત્ત ! તે પૂર્વભવમાં આ શ્રીદત્તને મારવાનો વિચાર કર્યો હતો, તેને લીધે તને સમુદ્રમાં નાંખ્યો. તમારાં બન્નેનો પરસ્પર બદલો વળી ગયો. હવે મૈત્રી કરો." શ્રી શુકરાજ કથા... (પેજ નં. ૬૫)

મારવા માટે ગમે તેવા ઉપાય કરવામાં આવે, પરંતુ જો તેનું આયુષ્ય બળવાન હોય તો, તેને કાંઇ થતું નથી. શંખદત્ત તે પાટિયાના આધારે સાત દિવસ સુધી સમુદ્રમાં તરતો તરતો છેવટે સમુદ્રના કાંઠા ઉપર આવેલા સારસ્વત નામના બંદરે આવી પહોંચ્યો. ત્યાં તેને સંવર નામનો તેનો મામો મળ્યો. મામાએ તેને ઓળખ્યો તેથી તેને બોલાવીને ખુશીખબર પૂછયા. ત્યારપછી આદરથી તેને પોતાને ઘેર લઈ ગયો, ત્યાં તેણે તેનો સુંદર આદરસત્કાર કર્યો અને ઉત્તમ પ્રકારની રસોઈ કરીને જમાડયો.

જમ્યા પછી શંખદત્તે પૂછયું, 'હે મામા ! સુવર્ણકૂલ નગર અહીંથી કેટલું છેટું છે ?' મામાએ કહ્યું, 'અહીંથી તે છત્રીસ યોજન છેટે છે. ત્યારપછી તેણે મામાને પોતાની સર્વ હકીકત કહી અને શ્રીદત્તના વેરનો બદલો લેવા માટે મામાની રજા લઇ શંખદત્ત ત્યાંથી નીકળીને જલદીથી અહીં આવ્યો છે."

શંખદત્તને ઉદ્દેશીને ચંદ્રમુનિ ભગવંતે કહ્યું: "હે શંખદત્ત ! તેં પૂર્વભવમાં આ શ્રીદત્તને મારવાનો વિચાર કર્યો હતો, તેને લીધે આ ભવમાં શ્રીદત્તે તને સમુદ્રમાં નાંખ્યો. હવે તમારા બંનેનો પરસ્પરના વૈરનો બદલો વળી ગયો છે, માટે હવે તમે બંને જણ પ્રથમની જેમ એક બીજા પ્રત્યે મૈત્રી કરો."

પૂ. મુનિભગવંતનાં ઉચિત વચનો સાંભળી બંને જણ ફરીથી પ્રીતિવાળા થયા.

પૂજ્યગુરુદેવને વંદન કરવા આવેલા ધન રાજાએ ગુરુ પાસે શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં. વાનર રૂપે આવેલા વ્યંતરે ગુરુનો ઉપદેશ સાંભળી પોતાની પૂર્વભવની સ્ત્રી સોમશ્રી અથવા સુવર્ણરેખા ઉપરનો રાગ તજી દીધો. જૈન ધર્મ અંગીકાર કરીને તે વ્યન્તર દેવે જૈનધર્મી લોકોના વિઘ્નો નાશ કર્યાં. સુવર્ણરેખાએ વેશ્યાપણાનો ત્યાગ કરી જૈનધર્મ અંગીકાર કર્યો. અને સુંદર રીતે ધર્મનું પાલન કરી સ્વર્ગમાં ગઈ.

તે વખતે શ્રીદત્ત, શંખદત્ત, ધન રાજા, વ્યંતર, શ્રીદત્તની પુત્રી તથા સોમશ્રીએ પરસ્પર એક બીજાને ખમાવ્યાં.

ત્યારપછી શ્રીદત્ત અને શંખદત્ત ગુરુને નમીને જૈનધર્મ અંગીકાર કરીને આનંદપૂર્વક ઉતારે ગયા. શ્રીદત્તે શંખદત્તને તેને ધનનો અર્ધો ભાગ આપીને પોતાની પુત્રી મોટા ઓચ્છવપૂર્વક તેની સાથે પરણાવી. બાકી પોતાનું ધન સાત ક્ષેત્રમાં વાપરીને શ્રીદત્તે કેવલી ભગવંત પાસે દીક્ષા લીધી અને ત્યાંથી વિહાર કર્યો.

પૃથ્વી ઉપર વિહાર કરતા તે શ્રીદત્ત મુનિરાજ પોતાના કર્મોનો નાશ કરવા માટે ઉગ્ર તપ કરવા લાગ્યા અને તેમનાં ઘણાં અશુભ કર્મોનો નાશ થયો. એકવાર વિહાર કરતા

કરતા તેઓ ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરના ઉદ્યાનમાં પધાર્યા.

આ ઉદ્યાનમાં આંબાના વૃક્ષ નીચે ધ્યાનમગ્ન બનેલા શ્રીદત્તમુનીશ્વરે ક્ષપકશ્રેણીમાં શુભ ભાવનામાં લીન થવાથી તેમને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મોનો ક્ષય થવાથી ત્રણ કાલના સ્વરૂપને જણાવનારું કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. ધન્ય છે! જ્ઞાની મુનિ ભગવંતના વચનાનુસાર જીવન દીપાવનાર શ્રીદત્ત કેવલી ભગવંતને! ( શ્રી દત્તકેવલી વૃત્તાન્ત પૂર્ણ )

## હવે શુકરાજ ચરિત્ર આરંભ

શ્રીદત્ત કેવલીનાં વચન સાંભળી શુકરાજે પોતાનાં માતાપિતાને બોલાવ્યાં. આથી તે બંને ઘણાં રાજી થયાં.

ત્યારપછી મૃગધ્વજ રાજાએ કેવલી ભગવાનને પૂછ્યું: "આપ તો યૌવનવયમાં વૈરાગ્ય દશાને પામ્યા, તો હે નાથ! મને પણ આ સંસાર તરફથી વૈરાગ્યભાવ ક્યારે ઉત્પન્ન થશે?"

જવાબમાં કેવલી ભગવંતે કહ્યું: "હે મૃગધ્વજ રાજા! તમે જ્યારે તમારી પત્ની ચન્દ્રાવતીના પુત્રને જોશો ત્યારે તમને સંસાર ઉપરથી વૈરાગ્યભાવ ઉત્પન્ન થશે."

આ સાંભળી મૃગધ્વજ રાજા, કમલમાલા તથા શુકરાજ-કુમાર કેવલીભગવંતને વાંદીને નગરીમાં આવ્યા અને શ્રીદત્ત કેવલી પણ ત્યાંથી વિહાર કરી અન્યત્ર ગયા. અનુક્રમે તેઓ આ પૃથ્વીપટ પર મોહ, માયામાં ફસેલા અનેક ભવ્ય

જીવોને બોધ પમાડતા વિચરતા વિચરતા આયુષ્ય વિગેરે, અઘાતી કર્મોનો ક્ષય થતાં મોક્ષ ધામને પામ્યા.

મૃગધ્વજ રાજા શ્રીદત્ત કેવલી પાસે શુકરાજનો પૂર્વ ભવ સાંભળીને નગરમાં આવ્યા. કુમાર બોલતો થવાથી રાજા રાણી ઘણાં ખુશી થયાં. નગરમાં આવી જિનમન્દિરે મહોત્સવ કર્યો. શુકરાજ દિવસે દિવસે બાલચંદ્રની જેમ મોટો થવા લાગ્યો. તે દશ વર્ષનો થયો ત્યારે કમલમાલાએ બીજા પુત્રને જન્મ આપ્યો. રાજાએ રાણીનાં સ્વપ્નાનુસારે તેનુ **હંસકુમાર** નામ પાડયું. હંસ સરખા ઉજ્જવલ ગુણોવાળો તે હંસકુમાર પણ પાંચ ધાવ માતાઓથી લાલનપાલન કરાતો વૃદ્ધિ પામવા લાગ્યો. બંને રાજપુત્રોને રાજાએ રાજપુત્રને યોગ્ય કળાઓ કળાચાર્યની પાસે શિખવી. બંને ભાઈઓ હોંશિયાર હોવાથી થોડા સમયમાં કળાના બહુ સારા જાણકાર થયા. રાજા–રાણીનો કેટલોક સમય આનંદમાં પસાર થયો. શુકરાજકુમાર વીસ વર્ષની ઉંમરનો થયો. બંને ભાઈઓ રામ–લક્ષ્મણની જોડી જેમ સાથે જ સ્નેહ–સંપથી સમય પસાર કરતા.

### ગાંગલિ ઋષિનું આગમન :

એક વાર મૃગધ્વજ રાજા નગરજનો, પંડિતો વગેરેથી પરિવરેલા રાજસભામાં બેઠા હતા, તેવામાં દ્વારપાળે આવીને જણાવ્યું: "આપને મળવા માટે ત્રણ શિષ્યો સાથે ગાંગલિ ઋષિ આવેલા

છે, આજ્ઞા હોય તો સભામાં લાવું." રાજાની આજ્ઞા મળવાથી દ્વારપાળ ગાંગલિ ઋષિને આદરપૂર્વક સભામાં લાવ્યો. રાજાએ ઊભા થઈ ઋષિને હાથ જોડીને સન્માન કર્યું. ને રાજાએ દેખાડેલા આસન ઉપર ઋષિ બેઠા.

રાજાએ તથા ઋષિએ પરસ્પર કુશળ સમાચાર પૂછયા. મૃગધ્વજ રાજાએ આશ્રમ તથા દેવાધિદેવનાં ચૈત્યની કુશળતા પૂછી.

ગાંગલિ ઋષિ રાજાને આશીર્વાદ આપી કહેવા લાગ્યા: "દેવાધિદેવનું ચૈત્ય, આશ્રમ વગેરે ક્ષેમકુશળ છે; આપ જેવા ન્યાય–નીતિનિપૂર્ણ ધાર્મિક રાજા પૃથ્વીનું પાલન કરતા હોય ત્યાં સદા કુશળ જ હોય!"

એટલામાં તો પટરાણી કમલમાલા પણ પિતા–ઋષીશ્વરનાં આગમનનાં સમાચાર સાંભળી રાજસભામાં આવી પહોંચ્યા. અને ઋષીશ્વરનાં ચરણકમળમાં વંદન–નમસ્કાર કરી ઊભાં રહ્યાં.

"હે ઋષીશ્વર! અત્રે આપનું આગમન શા માટે થયું. મારા યોગ્ય કાર્ય હોય તો કૃપા કરી ફરમાવશો!" રાજાએ વિનંતી કરી. ઋષિએ આવવાનું કારણ જણાવતાં કહ્યું: "આજ રાત્રિએ ગોમુખ યક્ષરાજે મને કહ્યું, 'હું સૌરાષ્ટ્રમાં આવેલ શ્રી વિમલાચલ મહાતીર્થ પર બિરાજિત

શ્રી જિનેશ્વર દેવોને પ્રણામ કરવા જાઉં છું અને તમે પણ સાથે આવો,' ' આ જિનચૈત્ય અને આશ્રમ વગેરેનું રક્ષણ કોણ કરશે ?' મેં પૂછ્યું ત્યારે યક્ષરાજે કહ્યું, ' તમારી કમલ-માલા દીકરીના દીકરા જે શુકરાજ અને હંસરાજ છે, તેમાંથી એકને અહીં લાવીને રાખો તે બહુ જ બળવાન અને ભાગ્યશાળી છે. આપણે પાછા આવીએ ત્યાંસુધી તે રક્ષણ કરશે.' મેં જણાવ્યું 'ક્ષિતિપ્રતિષ્ઠિત નગર અહીંથી ઘણું દૂર છે તેથી ત્યાં જઇને આવતાં ઘણા દિવસો નીકળી જશે.' મારા શબ્દો સાંભળી યક્ષરાજે મને કહ્યું. ' મારા પ્રભાવથી તમે થોડા સમયમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પહોંચી જશો.' તે યક્ષરાજનાં પ્રભાવથી હું થોડા સમયમાં અહીં આવી પહોંચ્યો છું; **દૈવી મહિમાથી શું થઈ શકતું નથી ?** માટે હે રાજન્ ! તમારા બન્ને પુત્રરત્નોમાંથી એક પુત્રને તીર્થ-રક્ષાનાં કાર્ય નિમિત્તે મોકલો, તો હું તેને આશ્રમ વગેરે સોંપીને નિશ્ચિંતપણે યાત્રા કરવા જઈ શકું."

રાજાએ કહ્યું: " હજી મારા પુત્રો નાના છે. તેમને હું કેવી રીતે મોકલી શકું ? છતાં હું બન્ને પુત્રોને પૂછીને કહું." રાજાએ પોતાના પુત્રને જવા માટે પૂછ્યું, ત્યારે બંને પુત્રો જવાને તૈયાર થયા. હંસકુમારની ઉમર નાની હોવાથી શુકરાજકુમારને મોકલવાની મંત્રીઓએ અનુમતિ આપી. ગાંગલિ ઋષિ કુમારને સાથે લઈને થોડી જ વારમાં આશ્રમ નજીક આવી પહોંચ્યા.

શુકરાજને લઈને જેવા ગાંગલિ ઋષિ આશ્રમ પાસે આવ્યા તે જ વખતે ઋષિનાં આશ્રમનાં બાગ બગીચામાં તત્કાળ ઘણાં સુગંધી ફળફૂલ વગેરેની વૃદ્ધિ થઈ, અને દરેક પ્રકારની વનસ્પતિ ખીલી, અકાળે વસંત ઋતુની જેમ ચારે બાજુ સૌંદર્ય અને શોભામાં વૃદ્ધિ થઈ. પૂર્વભવમાં સેવન કરેલા સદ્-ધર્મના પ્રભાવથી આ શુકરાજાનો આવો અલૌકિક મહિમા જોઈને તાપસો વગેરે લોકો પણ શુકરાજ પ્રત્યે આકર્ષાવા લાગ્યા.

ગાંગલિ ઋષિ તે કુમારને જિનચૈત્ય વિગેરે સોંપીને ગોમુખ યક્ષરાજ સાથે તીર્થાધિરાજ શ્રી **વિમલાચલની** યાત્રા કરવાને વિદાય થયા.

## : ૧૦ : શુકરાજની આશ્રમરક્ષા :

શુકરાજકુમાર તાપસોની સાથે રહી સુખે દિવસો પસાર કરતા આશ્રમની તથા જિનચૈત્ય વગેરેની કાળજીપૂર્વક રક્ષા કરવા લાગ્યો. આશ્રમ પાસે આવેલા શ્રી આદિનાથના મંદિરમાં કુમાર દરરોજ ત્રણ વખત દર્શન કરવા જતો. અને પ્રભુજીની ભાવપૂર્વક સેવા પૂજા કરી પૂર્વનાં પુણ્યોદયે મળેલ અતિ દુર્લભ મનુષ્યભવને સાર્થક કરતો અને એ પ્રમાણે નવો પુણ્યભંડાર ભરવા લાગ્યો.

એકવાર પાછલી રાત્રીમાં શુકરાજકુમાર આશ્રમમાં સૂતો છે, તેવામાં તેમણે દૂરથી આવતો સ્ત્રીરુદનનો શબ્દ સાંભળ્યો. શુકરાજ વિચારવા લાગ્યો: 'અત્યારે આ વનમાં કોણ રુદન કરતું હશે ? શાથી રુદન કરતું હશે ?'

તે જાણવાની ઈચ્છાથી શુકરાજ તેની તપાસ કરવા માટે શબ્દની દિશામાં વનમાં ચાલ્યો. થોડે દૂર જતાં રુદન કરતી સ્ત્રી પાસે આવી પહોંચ્યો; દયાળુ શુકરાજે મધુર વચનથી તે સ્ત્રીને બોલાવી અને રડવાનું કારણ પૂછ્યું, ત્યારે તે સ્ત્રીએ કહ્યું :—"હે ભાગ્યશાળી ! મારા દુઃખનો પાર નથી, આંખની કીકી સમી પ્રાણથી પ્યારી પુત્રીના વિયોગથી મારું હૃદય ફાટી પડે છે. હું પુત્રી વગર કેમ કરીને જીવી શકું ? પુત્રીનાં વિયોગથી જીવતર ઝેર જેવું લાગે છે."

"તમારી પુત્રી કોણ છે ? એનો વિયોગ કેવી રીતે થયો ? શી હકીકત બની છે તે જણાવો તો જરૂર તેનો ઉપાય શોધી કાઢીએ." શુકરાજના આશ્વાસનજનક શબ્દોથી તે સ્ત્રી શાંત પડી અને કહેવા લાગી :–"**ચંપાપુરી** નામની મોટી નગરી છે, તેમાં **અરિમર્દન** નામનો રાજા રાજ્ય કરે છે. રાજાને **શ્રીમતી** નામની રાણીથી **પદ્માવતી** નામની રૂપ લાવણ્યાદિ ગુણોવાળી એક પુત્રી છે, તે પદ્માવતીને નાનપણથી જ ઉછેરીને મેં મોટી કરી છે. મારું તેનાં પ્રત્યે વહાલસોયી પુત્રી સરખું હેત છે. તે પદ્માવતી




"પદ્માવતીનો વિયોગ થવાથી અને પદ્માવતીનું હવે શું થશે એની ચિંતાથી દુઃખી થયેલી હું રુદન કરું છું."

શુકરાજ કથા... પેઈજ નં. ૧૭૩

અનુક્રમે યુવાવસ્થાને પામી, ત્યારે સુંદર અવયવોથી તે દેવાંગના સરખી શોભવા લાગી.

અમે બન્ને એકવાર રાજમહેલના ઝરૂખામાં બેઠાં હતાં. તેવામાં પદ્માવતીનાં રૂપથી મોહિત થયેલા કોઈક વિદ્યાધરે આવીને અમને બન્નેને વિમાનમાં બેસાડયાં ને એકાએક આકાશમાર્ગે ચાલવા લાગ્યો. અમારી બન્નેની અનિચ્છા છતાં તે અમને લઇને વિમાન વેગથી આકાશમાં ઊડવા લાગ્યું. જ્યારે તે વિમાન આ સ્થળે આવ્યું, ત્યારે નસીબયોગે હું વિમાનમાંથી ગબડી પડી. વિમાન તો આગળ ચાલ્યું પદ્માવતીનો વિયોગ થવાથી અને પદ્માવતીનું હવે શું થશે એની ચિંતાથી દુઃખી થયેલી હું રુદન કરું છું. "

શુકરાજકુમારે તે રુદન કરતી ધાવમાતાને મધુર વચનોથી આશ્વાસન આપી શાંત કરી અને કહ્યું : ' તમે ચિંતા કરશો નહિ, હું તમારી રાજપુત્રીને શોધી આપીશ. " પછી એ ધાવમાતાને લઈને શુકરાજ આશ્રમમાં આવ્યો, અને ઝૂંપડીમાં બેસાડીને પદ્માવતીની શોધ માટે ચાલી નીકળ્યો.

શુકરાજ રાત્રે નિર્ભયપણે ચારે બાજુ તપાસ કરવા લાગ્યો ચાલતા ચાલતા તે જિનમંદિરની પાછળનાં ભાગમાં આવી પહોંચ્યો. ત્યાં કુમારે એક રુદન કરતા મનુષ્યને પડેલો જોયો, તેને જોઈને શુકરાજે પૂછયું : "તમે કોણ

હો ? અહીં કયાંથી આવ્યા છો ?" ત્યારે રુદન કરતા મનુષ્યે મનમાં વિચાર કર્યો : 'દયાળુને કહ્યા વિના મારા દુઃખનો અંત આવનાર નથી.' એમ જાણીને તે મનુષ્યે કહેવા માંડયું : "વૈતાઢય પર્વત ઉપર **ગગનવલ્લભ** નામનું મનોહર નગર આવેલું છે. તે નગરનાં વિદ્યાધર **વિશાળ** રાજાનો હું **વાયુવેગ** નામનો પુત્ર છું. પૃથ્વી જોવા વિમાનમાં બેસીને હું નીકળ્યો હતો. ફરતા ફરતા ચંપાપુરી નામની નગરીમાં આવ્યો. ત્યાં રાજમહેલના ઝરૂખામાં બેઠેલી સૌંદર્યવતી રાજપુત્રીને જોઈ તેનાં રૂપ અને સૌંદર્યથી મોહિત થઈને હું તેને તથા તેની સાથે રહેલી સ્ત્રીને વિમાનમાં લઇ મારા નગર તરફ ચાલ્યો જતો હતો. આ તીર્થસ્વરૂપ જિનમંદિર આવતાં તીર્થના અદ્ભુત મહિમાને લીધે હું આ તીર્થને ઉલ્લંઘન ન કરી શકયો; એટલું જ નહિ પણ મારી વિદ્યા જૂઠી પડી જેથી મારું વિમાન અટકી જવાથી વિમાનમાં બેઠેલી એક સ્ત્રી નીચે પડી, પછી તે રાજપુત્રી પણ વિમાનમાંથી પડી ગઈ. અને હું પણ ધરતી પર પડયો છું. વિમાનની આ સ્થિતિ શાથી થઈ તેનું કાંઈ કારણ સમજાતું નથી. હું અહીં પડયો છું અને થોડી વારે તમે આવી પહોંચ્યા છો. હે દયાળુ ! પારકી કન્યા હરણ કરવાનાં પાપને લીધે જ હું પુણ્યહીન નિરાધાર સ્થિતિમાં આવી પડયો છું; ધિક્કાર છે મને પાપીને, રૂપાળી કન્યા લેવા જતાં મારી ભવ્ય અમૂલ્ય વિદ્યા પણ

ખોઈ બેઠો છું. ખરેખર વ્યાજ લેવા જતાં મૂડી પણ ખોઈ બેઠો છું"

વાયુવેગ વિદ્યાધરનો સર્વ વૃત્તાંત સાંભળીને શુકરાજે તેને મધુર શબ્દો વડે આશ્વાસન આપીને કહ્યું : "આ તીર્થનાં પ્રભાવથી તમારું વિમાન અટક્યું છે, આનું ઉલ્લંઘન કોઈથી થતું નથી. હવે તમે ચિંતા કરશો નહિ. બધાં સારાં વાનાં થશે." એમ આશ્વાસન શુકરાજે આપ્યું.

એટલામાં તો સૂર્યનારાયણ પૂર્વ દિશામાં આવી ઊભા, અને પોતાનાં સુવર્ણવર્ણાં સુંદર કિરણોથી પૃથ્વીને સુશોભિત કરી. શુકરાજે વિદ્યાધરને કહ્યું : "હે મહાનુભાવ ! ચાલો આ જિન મંદિરમાં જઈ સર્વ પ્રથમ પ્રભાતનાં કર્તવ્યરૂપ શ્રી જિનેશ્વરદેવનાં દર્શન-વંદન કરી પાવન થઈએ. પછીથી આપણે રાજપુત્રી શોધી કાઢીશું, કારણ કે તે રાજપુત્રી તમારા ભયથી જરૂર (આડીઅવળી ઝાડી વગેરેમાં) ક્યાંય સંતાઈ ગઈ હશે."

વાયુવેગ વિદ્યાધરને સાથે લઈને શુકરાજ જિનમંદિર તરફ ચાલ્યો. ત્યાં જિનમંદિરનું શિખર દેખતાં જ શુકરાજ કુમારે 'નમોજિણાણું" કહી મસ્તક નમાવ્યું, વિદ્યાધરે પણ તેનું અનુકરણ કર્યું. પછી બંને જણાએ ત્રણ વખત નિસ્સિહી કહેવાપૂર્વક જિનમંદિરમાં પ્રવેશ કર્યો. અને પ્રભુજીની પ્રતિમાનાં દર્શન થતાં જ બંને જણે અર્ધું

અંગ (કમર સુધીનો ભાગ) અને મસ્તક નમાવી બને હાથ જોડી **'જગત્ત્રયાધાર દેવાધિદેવ! તુભ્યં નમો નમઃ'** કહીને સુંદર રાગમાં ભાવપૂર્વક શ્રી આદિનાથ પ્રભુની સ્તુતિ કરીને પાછા ફરે છે, ત્યાં તો જાણે કોઈ દેવાંગના જ ન હોય એવી અદ્ભુત સૌંદર્યમૂર્તિ સમી એક નવયૌવનાને જોઈ, વિદ્યાધરે શુકરાજને કહ્યું : "હે મહાભાગ ! જેનું મેં હરણ કરી વિમાનમાં બેસાડી હતી તે જ આ રાજપુત્રી છે."

રાજપુત્રી પદ્માવતી શુકરાજને જોઈ શરમાઈ ગઇ, અને લજ્જાથી નીચું મુખ રાખી મંદિરની બહાર નીકળી, ત્યારે ભય અને લજ્જાના ભાવો ચહેરાપર સ્પષ્ટ દેખાતા હતા, પ્રભુજીને નમસ્કાર કરીને વાયુવેગ અને શુકરાજ પણ મંદિર બહાર આવ્યા. શુકરાજ અન રાજપુત્રી એકબીજા સામે મૂગા મૂગા જોઈ રહ્યાં, ત્યારબાદ શુકરાજ મૌન તોડતાં બોલ્યો: "હે રાજપુત્રી ! જરાયે ભય રાખશો નહિ, હું તમને સહીસલામત રીતે ચંપાનગરીએ પહોંચાડીશ, તમારી ધાવમાતા આશ્રમમાં તમારી રાહ જુએ છે." શુકરાજનાં શબ્દોએ રાજપુત્રીની ઉદાસીનતા દૂર થઈ અને પ્રસન્નતાપૂર્વક ત્રણે જણાં આશ્રમ તરફ ચાલ્યાં.

## પદ્માવતી મંદિરમાં કેવી રીતે આવી ?

પોતાની ધાવમાતા રમા વિમાનમાંથી પડી ગયા પછી વિમાન થોડુ આગળ ચાલ્યું એટલે તે જિનાલયનાં આગલા

ભાગ નજીક આવી પહોંચ્યું. તે વખતે જ પદ્માવતી વિમા- માંથી પડી હતી. છતાં ત્રણે જણનાં વિમાનમાંથી નીચે પડયાં છતાં પુણ્યયોગે આયુષ્ય બળવાન હોવાથી તેઓને ખાસ ઈજાઓ થઈ નહોતી. પદ્માવતી જ્યારે નીચે પડી ત્યારે તેણે પોતાની આગળ જિનમન્દિર જોયું, એટલે તેણે ત્યાંથી ઊઠીને મંદિરમાં જઈને ખૂબ ભાવથી પ્રભુનાં દર્શન કર્યાં, એટલી વારમાં તો શુકરાજ તથા વાયુવેગ વિદ્યાધર ત્યાં આવી પહોંચ્યા.

વાયુવેગને તથા પદ્માવતીને લઈને શુકરાજ આશ્ર- મમાં આવી પહોંચ્યો. પદ્માવતીને જોઈને ધાવ માતા રમાનાં હરખનો પાર ન રહ્યો. હવે શુકરાજે ત્રણે જણને યોગ્ય ઉપચાર કરી સ્વસ્થ કર્યા. ત્યારપછી શુકરાજે વિદ્યાધર વાયુવેગ તથા પદ્માવતી અને રમાને સુંદર ભોજન કરાવ્યું. પોતે પણ જમી લીધું. શુકરાજ અને વિદ્યાધર બંને મિત્રો બની ગયા. કારણકે બંને લગભગ સરખી ઉંમરના અને સમાન ગુણવાળા હતા. વાયુવેગે પદ્માવતીને બહેન ગણીને તેની ક્ષમા માગી.

## શુકરાજને અનેક વિદ્યાઓની પ્રાપ્તિ :

તેઓનાં આનંદમાં દિવસો ચાલ્યા જાય છે, તેવામાં એકવાર શુકરાજે વાયુવેગને પૂછયું: "તમને આકાશગા- મિનીવિદ્યા યાદ છે કે નહિ ?"

વિદ્યાધરે કહ્યું : "તે વિદ્યા મને યાદ છે, પરંતુ ફળ આપતી નથી.' તે વખતે શુકરાજનાં કહેવાથી વાયુવેગે તેને તે વિદ્યા સંભળાવી. તે સાંભળીને શુકરાજ જિનાલયમાં ગયો અને દેવાધિદેવની સન્મુખભાવપૂર્વક તેનો જાપ કર્યો. તે આકાશગામિની વિદ્યા શુકરાજને થોડા વખતમાં સિદ્ધ થઈ. શુકરાજે તે વિદ્યા વાયુવેગને ફરી શીખવી. વાયુવેગે બીજી પણ કેટલીક પાઠસિદ્ધ વિદ્યાઓ શુકરાજને શીખવી. આવી રીતે પરસ્પર એક બીજાનાં ઉપકાર કરનારા તે બંને વિદ્યાધર થયા.

થોડા દિવસ પછી ગાંગલિ ઋષિ શ્રી વિમલાચલ મહા-તીર્થની યાત્રા કરીને પાછા આવ્યા. તેમને શુકરાજ તથા વાયુવેગને આકાશગામિની વિદ્યા સિદ્ધ થયાની વાત જાણીને ઘણો હર્ષ થયો. ત્યારપછી શુકરાજકુમારે ગાંગલિ ઋષિની રજા લીધી. ઋષિએ પણ પોતાનું કાર્ય સિદ્ધ થયું હોવાથી તેમને જવાની રજા આપી. આકાશગામિની વિદ્યા મળી છે, તો મોટા મોટા તીર્થધામોની યાત્રા કરી લેવી સમયોચિત છે, સમય અણથંભ્યો ચાલ્યો જાય છે, કોઈને માટે તે થોભતો નથી. જ્ઞાની સિવાય કોણ જાણે ક્યારે શું થશે ?

બંને જણાએ વિચાર કરી બંને સ્ત્રીઓને લઈને સુંદર વિમાનમાં બેસીને શુકરાજકુમાર ચંપાનગરીમાં આવી પહોંચ્યો. અરિમર્દન રાજા તથા **શ્રીમતિ રાણી** પુત્રીનાં

વિયોગથી ચિંતામાં દિવસો ગાળતાં હતાં. તેઓએ સુખરૂપે આવેલી પોતાની પુત્રીને જોઈ તેથી તેમને ઘણો આનંદ થયો.

પછી વાયુવેગે શુકરાજની બધી હકીકત અરિમર્દન રાજાને કહી. આથી અરિમર્દન રાજાનો શુકરાજ ઉપર ઘણો ભાવ વધ્યો. પોતાની પુત્રીને યોગ્ય આ શુકરાજ છે એમ જાણીને અરિમર્દન રાજાએ મોટા ઉત્સવપૂર્વક પદ્માવતીને શુકરાજ સાથે પરણાવી. તે વખતે રાજાએ શુકરાજને કન્યાદાનમાં ઘણા હાથી, ઘોડા વગેરે દ્રવ્ય આપ્યું. શુકરાજે આ બધો પોતે આરાધેલા જૈનધર્મનો પ્રભાવ છે એમ માન્યું:

શુકરાજના મનમાં શાશ્વત તીર્થોની યાત્રા કરવાની ઇચ્છા પ્રબળ હતી. કારણ કે, **જેમ લુણ વિના સ્વાદિષ્ટ ભોજન પણ બેસ્વાદ લાગે છે, તેમ પુણ્યની કરણી વિના વ્યવહારિક સાંસારિક કાર્યો પણ શોભતાં નથી માટે ધર્મી અને સજ્જન પુરુષોએ સંસારિક કાર્યો કરતાં વચ્ચે વચ્ચે ધર્મકાર્યો પણ કરતાં જ રહેવું એ કલ્યાણકારી છે–તે ભાગ્ય વૃદ્ધિનું** કારણ છે.

ભાગ્યશાળી પુરુષો જ્યાં જાય ત્યાં પગલે પગલે સન્માન પામે--પૂજાય છે. અને ભાગ્યહીન પુરુષો જ્યાં જાય ત્યાં તિરસ્કાર પામે છે. આ હકીકત આપણે સૌ આપણા જીવનમાં પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ.

શુકરાજકુમાર આનંદપૂર્વક થોડા દિવસ ત્યાં રહ્યા, ત્યાર પછી વાયુવેગ વિદ્યાધરના આગ્રહથી તેના નગર તરફ જવા માટે તેણે અરિમર્દન રાજાની રજા લીધી. પદ્માવતીને તેનાં પિતાને ત્યાં મૂકી. જતા જતા થોડા વખતમાં આવીને લઈ જવાનું કહીને ત્યાંથી બન્ને મિત્રો ચાલી નીકળ્યા.

## : ૧૧ : શુકરાજની શાશ્વત જિનચૈત્યોની યાત્રા

શુકરાજ તથા વાયુવેગ બંને મિત્રો ચંપાપુરીથી અરિમર્દન રાજાની રજા લઈને વૈતાઢય તરફ વિમાન માર્ગે ચાલ્યા જાય છે. તેઓ રૂપાના બનેલા સફેદ વૈતાઢયપર્વત નજીક આવી પહોંચ્યા. આ સુંદર વૈતાઢયપર્વત વિદ્યાધરોનાં અનેક નગરોથી શોભી રહેલો છે. વૈતાઢયપર્વત ઉપર આવેલા શાશ્વત જિનોને વંદન કરતા કરતા તેઓ **ગગનવલ્લભ** નગર જ્યાં વાયુવેગ વિદ્યાધરના પિતા રાજ્ય કરે છે ત્યાં આવી પહોંચ્યા.

વાયુવેગને જોઈને તેનાં માતાપિતા ઘણા રાજી થયા. ત્યારપછી વાયુવેગે તેની સાથે આવેલા શુકરાજની હકીકત જણાવતાં કહ્યું : "આ શુકરાજકુમારે મારા ઉપર કરેલા ઉપકારથી હું અહીં સહીસલામત આવી પહોંચ્યો છું." શુકરાજનાં ઉત્તમ ગુણોની વાયુવેગે ઘણી ઘણી પ્રશંસા કરી. વાયુવેગે કરેલા શુકરાજનાં વખાણથી તેનાં પિતા ઘણા ખુશી થયા.




તેવામાં "શુકરાજ ! શુકરાજ !" એ પ્રમાણે નામ દઈને પોતાને કોઈ બોલાવી રહ્યું છે, એમ સાંભળ્યું.

શુકરાજ કથા... પેઈજ નં. ૧

વાયુવેગને વાયુવેગા નામની એક યુવાન બહેન હતી. તેના પિતાએ આ શુકરાજ પોતાની પુત્રીને યોગ્ય વર છે. એમ જાણીને વાયુવેગાને મોટા ઉત્સવપૂર્વક શુકરાજ સાથે પરણાવી.

શુકરાજને યાત્રાએ જવા ખૂબ ભાવના છે, પણ વિદ્યાધર સાસુ સસરાએ થોડા દિવસ રોકાઈ જવા આગ્રહ કર્યો. ખરેખર શુભ કાર્યોમાં ભાગ્યશાળી હોય કે કમનશીબ હોય પણ તીર્થયાત્રા જેવાં ધર્મકૃત્યો કરતાં વિઘ્નો તો દરેકને આવે જ, જ્યારે કમનશીબને પગલે પગલે તિરસ્કાર થાય ત્યારે ભાગ્યશાળીને પગલે પગલે સન્માન-સત્કાર થાય છે.

કેટલાક દિવસ વાયુવેગા સાથે રહીને **અષ્ટાપદ મહાતીર્થ** ઉપર આવેલા શ્રી **જિનેશ્વરદેવોને** વંદન કરવા માટે શુકરાજ વાયુવેગ મિત્રને સાથે લઈ ને નીકળ્યો.

શુકરાજ અને વાયુવેગ વિમાનમાં બેસીને આનંદથી ચાલ્યા જાય છે, તેવામાં "શુકરાજ! શુકરાજ!" એ પ્રમાણે નામ દઈ ને પોતાને કોઈ બોલાવી રહ્યું છે, એમ સાંભળ્યું તેથી તેઓએ પાછા ફરીને જોયું તો કોઈ દિવ્ય રૂપધારી સ્રી તેમને બોલાવે છે, એમ જાણ્યું. તેવામાં તે સ્રી તેઓની નજીક આવી પહોંચી.

શુકરાજે પૂછ્યું: "તમે કોણ છો? મને શા માટે બોલાવો છો?" તે વખતે તે સ્રીએ કહ્યું: "હું શ્રી જિને-

શ્વર દેવના ચરણકમલને સેવનારી ચક્રેશ્વરી નામની દેવી છું, ભવ્ય જીવોનાં ઘણા વિઘ્નો હું નાશ કરું છું. મેં તમને શા માટે બોલાવ્યા તેનું કારણ હે શુકરાજકુમાર તમે સાંભળોઃ-

ગોમુખ નામનાં યક્ષની આજ્ઞાથી કાશ્મીર દેશમાં આવેલ શ્રી **વિમલાચલ તીર્થની** સેવા માટે નીકળેલી હું ક્ષિતિપ્રતિષ્ઠિત નગર ઉપરથી પસાર થતી હતી, તેવામાં મેં મહેલના બગીચામાં કરુણ સ્વરે રુદન કરતી એક સ્ત્રીને જોઈ, તેથી તેની પાસે જઇને મેં તેને રુદન કરવાનું કારણ પૂછયું. જવાબમાં તેણે જણાવ્યું, 'મારો શુકરાજ નામનો પુત્ર ગાંગલિ ઋષિની સાથે ગયો છે. તેને ગયાને ઘણો વખત થઈ જવા છતાં હજી સુધી તેના કાંઈ સમાચાર મળ્યા નથી, તેથી હું તેની કમલમાલા નામની માતા પુત્ર વિયોગનાં કારણે રુદન કરૂં છું.'

તે વખતે મેં તેને આશ્વાસન આપીને જણાવ્યું, 'તમારા પુત્રનાં કુશળતાનાં સમાચાર મેળવીને પાછી ફરતી હું, તે તમને જણાવીશ, માટે કોઈ જાતની ચિંતા કરશો નહિ, તમે રાજમહેલમાં પધારો.'

મેં અવધિજ્ઞાનના ઉપયોગથી તમને શ્રી અષ્ટાપદ મહાતીર્થની યાત્રા કરવા જતા જાણીને હું તમને તમારી માતાના સમાચાર આપવા માટે આવી છું. માટે તમારે

હવે વહેલામાં વહેલા પાછા વળીને તમારી માતાને મળવું જોઈએ. **માતાના ઉપકારનો બદલો કોઇ રીતે વાળી શકાતો નથી,** માટે તમારી માતાની સેવામાં તરત હાજર થવું જોઈએ."

આ પ્રમાણેના દેવીનાં વચન સાંભળીને હૃદયમાં દુઃખી થતા શુકરાજે તે ચક્રેશ્વરી દેવીને કહ્યું : "નજીકમાં રહેલા શ્રી અષ્ટાપદ મહાતીર્થને વંદન કર્યા સિવાય હું કેવી રીતે પાછો વળું ? ફરીથી તીર્થને વંદન કરવાનો અવસર ક્યારે મળશે તે કોણ જાણે છે ?" આ પ્રમાણે ધર્મ ઉપર અતિ દૃઢ આસ્થાવાળા વચન વડે શુકરાજે દેવીને સમજાવીને વિનયપૂર્વક કહ્યું : "તમારે મારી માતા આગળ જઈને કહેવું, હું પવિત્ર અષ્ટાપદગિરિ ઉપર રહેલા શ્રી જિનેશ્વરદેવોને નમીને તરત જ માતા પાસે આવીશ."

આ પ્રમાણેનો શુકરાજનો સંદેશો ચક્રેશ્વરી દેવીએ કમલમાલા પાસે આવીને જણાવ્યો. તે સાંભળી કમલમાલાને શાંતિ થઈ.

શુકરાજકુમાર પણ વાયુવેગ મિત્ર સાથે જલદીથી શ્રી અષ્ટાપદગિરિ ઉપર પહોંચ્યા અને ત્યાં શ્રી જિનેશ્વરદેવોને પ્રણામ કરીને તરત જ વૈતાઢ્યપર્વત ઉપર જઈ મિત્ર વગેરેની રજા લઈ પોતાની પ્રિયા વાયુવેગા સાથે વિમાનમાં બેસીને થોડીવારે જ ચંપાપુરીમાં આવી પહોંચ્યો. ત્યાંથી

પોતાની પ્રિયા પદ્માવતીને લઈને વિમાનમાં બેસીને ક્ષિતિ-**પ્રતિષ્ઠિત** નગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યાં.

પુત્રનું બે પત્નીઓ સાથે ઉદ્યાનમાં આગમન થએલું જાણીને મૃગધ્વજ રાજાએ નગરને ધ્વજાપતાકાથી શણગાર્યું, અને મોટા ઉત્સવપૂર્વક શુકરાજનો નગરપ્રવેશ કરાવ્યો. શુકરાજે તથા તેની બંને પત્નીઓએ માતાપિતાનાં ચરણમાં વંદન કર્યું.

શુકરાજની ઋદ્ધિ તથા બંને પત્નીઓને જોઈને રાજા રાણીને ઘણો હર્ષ થયો. શુકરાજે પણ પોતાની બધી હકીકત માતપિતાને જણાવી.

ત્યારપછી શુકરાજકુમાર આનંદપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યા. કેટલાક દિવસો શાંતિથી પસાર થયા. હંસકુમાર પણ હવે યુવાવસ્થામાં આવ્યો. તે પણ ઘણી કળાઓનો જાણકાર થયો. તેમાં પણ યુધ્ધકળાનો તે વિશેષ જાણકાર થયો.

## હંસકુમાર અને સૂરકુમારનું યુદ્ધ.

એકવાર **મૃગધ્વજ રાજા** પરિવાર સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે આવ્યા, તે વખતે શુકરાજ તથા હંસકુમાર પણ તેમની સાથે ઉદ્યાનમાં આવીને ત્યાં ક્રીડા કરવા લાગ્યા. થોડીવાર પછી રાજાએ દૂર દૂર મોટો કોલાહલ સાંભળ્યો.

તેથી પોતાના એક સેવકને બોલાવીને કોલાહલ થવાનું કારણ જાણી લાવવા આજ્ઞા કરી.

રાજાની આજ્ઞાથી સેવક કોલાહલ જે દિશામાંથી આવતો હતો તે તરફ ગયો, અને કોલાહલ થવાનું કારણ જાણીને થોડીવારમાં મહારાજા પાસે આવીને નમીને તેણે જણાવ્યું: "શ્રીસારંગપુર નામના નગરમાં **વીરાંગદ** નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાનો **સૂરકુમાર** નામનો પુત્ર હંસકુમાર ઉપર વૈર હોવાથી તેમની સાથે યુદ્ધ કરવા માટે મોટું સૈન્ય લઈને અહીં આવી રહ્યો છે, હે રાજન્! તેનો આ કોલાહલ સંભળાય છે."

આ સાંભળીને મૃગધ્વજ રાજાએ કહ્યુ: "રાજ્ય તો હું ચલાવું છું પછી હંસકુમાર તે ઉપર સૂરકુમાર શા માટે વૈર રાખે છે?" આ પ્રમાણે રાજા કહે છે તેવામાં શુકરાજ તથા હંસકુમાર ત્યાં આવી પહોંચ્યા. મૃગધ્વજ રાજા બંને પુત્રોને આ વાત જણાવતા હતા, તેવામાં સૂરકુમારના લશ્કરમાંથી એક સેવકે આવીને મૃગધ્વજ રાજાને આ પ્રમાણે કહ્યું: "પૂર્વભવમાં તમારા પુત્ર હંસે અમારા રાજાના પુત્ર સૂરનો મોટો પરાભવ કર્યો હતો. તેથી તેની સાથે યુદ્ધ કરીને પોતાના વૈરનો બદલો લેવા અમારા રાજા સૂર સૈન્ય સાથે આવેલા છે, માટે યુદ્ધ કરવાને તૈયાર થાઓ." આ પ્રમાણે કહીને તે સેવક પાછો ચાલ્યો ગયો.

સેવકના ગયા પછી મૃગધ્વજ રાજા અને શુકરાજ તેની સાથે યુદ્ધ કરવાને તૈયાર થયા. પિતાને તથા મોટાભાઈને યુધ્ધ માટે તૈયાર થએલા જોઈને હંસકુમારે નમ્રતાથી કહ્યું:“એ સૂરકુમારને મારા ઉપર વૈરભાવ છે માટે તમે બંને મને જ તેની સાથે યુદ્ધ કરવા રજા આપો.” આ પ્રમાણે કહીને રથમાં બેસીને પોતાના જ સૈન્ય સાથે હંસકુમાર સૂરકુમાર સાથે યુદ્ધ કરવા માટે ગયો.

હંસકુમારને આવતો જોઈને સૂરકુમાર પણ તૈયાર થઈને તેની સામે લડવા માટે આવ્યો. મૃગધ્વજ રાજા શુકરાજકુમાર વગેરે તે બંનેનું યુદ્ધ જોવા લાગ્યા. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બંને એક બીજાથી જલદીથી હારે તેવા નહોતા, પરંતુ છેવટે પુણ્યશાળી હંસકુમારે સૂરકુમારનાં ઘણાં શસ્ત્રો છેદી નાંખ્યા. કોપેલો સૂરકુમાર હંસકુમારને મારવાને માટે તૈયારી કરવા લાગ્યો તેવામાં હંસકુમારે તેને પૃથ્વી ઉપર પાડી નાંખ્યો. તેથી તે બેભાન થઈ ગયો. આ વખતે હંસકુમારે ધાર્યું હોત તો તેણે સૂરકુમારને મારી નાંખ્યો હોત, પરંતુ શત્રુ ઉપર પણ દયા ભાવ કરનાર તે હંસકુમારે શીતળ પવન નાંખીને તથા શીતોપચાર કરીને તે સૂરકુમારને સચેતન કર્યો. આ પ્રમાણે પોતાના શત્રુ હંસકુમારને પોતાને સચેતન કરવાનો ઉપચાર કરતો જોઈને સૂરનો તેના તરફનો વૈરભાવ ચાલ્યો ગયો. તેથી તેણે હંસકુમારને ખમાવતા કહ્યું: “હું જેને શત્રુ ધારીને મારવા માટે આવ્યો હતો તે દયાળુ



"હું જેને શત્રુ ધારીને મારવા માટે આવ્યો હતો, તે દયાળુ હંસકુમારએ મારૂં એ રીતે રક્ષણ કર્યું."

શુકરાજ કથા... પેઈજ નં. ૮૬

દયાળુ હંસકુમારે મારું બે રીતે રક્ષણ કર્યું છે. રૌદ્ર ધ્યાનમાં રહેલો હું મરણ પામ્યો હોત તો નરકમાં ગયો હોત અને અનેક દુઃખોને ભોગવનારો થયો હોત, તેમાંથી આ હંસકુમારે મને નરકમાં પડતાં બચાવ્યો છે, એટલું જ નહિ પરંતુ બેભાન પડેલા મને સચેતન કરીને તેમણે મને સાથોસાથ જ્ઞાનદૃષ્ટિ પણ આપી છે, જેથી હું શ્રીદત્ત કેવલી પાસે જઇને મોક્ષને આપનારા ઉત્તમ ચારિત્ર ધર્મ અંગીકાર કરીને મારા આત્માનો ઉદ્ધાર કરીશ." આ પ્રમાણે સૌની સમક્ષ તે સૂરકુમારે હંસકુમારને આદરપૂર્વક ખમાવ્યા.

આ હકીકત જણાવે છે કે વૈરની શાંતિ વૈરથી થતી નથી. વૈર તો વૈરની પરંપરા વધારે છે. પરંતુ ક્ષમા વૈરને શાંત કરે છે. આ કૌતુક જોઈને મૃગધ્વજ રાજાએ તે સૂરકુમારને પૂછયું: "તમે મારા પુત્ર સાથે શા માટે યુદ્ધ કર્યું? તમને તેના ઉપર વૈરભાવ શાથી હતો? પૂર્વભવનો વૈરભાવ આ ભવમાં તમે કેવી રીતે જાણ્યો? તે જાણવાની મને જિજ્ઞાસા થઇ છે, તો આ બધી હકીક્ત તમે જણાવો."

તે વખતે તે સુરકુમારે પોતાની હકીક્ત મૃગધ્વજ રાજાને આ પ્રમાણે જણાવીઃ–

"**સારંગપુર** નામના નગરના **વીરાંગદ** રાજાનો હું **સૂરકુમાર** નામનો પુત્ર છું એ હકીક્ત તો આપશ્રી જાણો છો, એક વાર **શ્રીદત્તકેવલી** ભગવાન પૃથ્વીપટ ઉપર વિચરતા વિચરતા અમારા નગરના ઉદ્યાનમાં પધાર્યા. તે વખતે હું મારા પિતાની સાથે કેવલી ભગવાનને વંદન કરવા ઉદ્યા-

નમાં ગયો, ત્યારે જ્ઞાની મુનિભગવંતે મોક્ષ સુખને આપનારી ધર્મદેશના આપી. તેમણે ધર્મનો પ્રભાવ જણાવતાં કહ્યું:–

'આ શ્રીજિનભાષિત ધર્મ, ધન ઇચ્છનારને ધન આપે છે, કામની ઇચ્છાવાળાને કામ આપે છે, સૌભાગ્યના અર્થીને સોભાગ્ય આપે છે, પુત્રની ઇચ્છાવાળાને પુત્ર આપે છે, અને રાજ્યની ઇચ્છાવાળાને રાજ્ય આપે છે. વિશેષ શું કહેવું ? ધર્મ જ સ્વર્ગનાં અને મોક્ષનાં સુખને આપનારો છે. જગતમાં એવું કોઈ સુખ નથી જે શુદ્ધ ધર્મના સેવનથી ના મળે.'

દેશનાના અંતે મેં કેવલી ભગવંતને પૂછ્યું: 'મેં પૂર્વે કયું પુણ્ય કર્યું હતું, જેથી હું રાજપુત્ર થયો ?'

કેવલી ભગવાને કહ્યું: 'હે સૂરકુમાર ! તેં પૂર્વે શ્રી જિનેશ્વર ભગવાનની ભાવભક્તિથી પૂજા કરી હતી, તેથી તું અહીં રાજપુત્ર થયો છે.'

મેં ફરીથી પૂછ્યું, 'હે ભગવાન, મેં કયા ભવમાં શ્રી જિનેશ્વરદેવની પૂજા કરી હતી ?'

કેવલી ભગવંતે કહ્યું કે:–

'પૂર્વે **ભદ્દિલપુર** નામનાં નગરમાં **જિતારિ** નામના રાજા હતા. રાજાને **હંસી** અને **સારસી** નામની બે રાણીઓ હતી. તે બે રાણીઓની સાથે જિતારિ રાજા શંખપુરથી આવેલા 'છરી' પાલતા સંઘની સાથે તીર્થાધિરાજ શ્રી વિમલાચલની યાત્રા માટે નીકળ્યા. રાજાની સાથે સિંહ નામનો તેમનો મંત્રી પણ હતો.

## : ૧૨ : સૂરકુમાર પોતાનો પૂર્વભવ જણાવે છે

યાત્રા કરીને ભદ્દિલપુરી તરફ અર્ધા રસ્તે આવ્યા ત્યારે સિંહ મંત્રીએ **ચરક** નામના સેવકને કહ્યું: ' જે સ્થાનમાં આપણે રોકાયા હતા, તે સ્થાને મારું એક **રત્ન કુંડલ** હું ભૂલી ગયો છું. તો તું તે લઈ આવ.' મંત્રીના શબ્દે સેવક તરત જ લેવા ગયો. ચરકે તે સ્થાનમાં જઈને તપાસ કરી પણ તે રત્ન કુંડલ જડયું નહિ તેથી તે પાછો આવ્યો. પછી તેણે મંત્રીને કહ્યું : ' મેં શોધ કરી પણ તે રત્ન કુંડલ મને જડયું નહિ, તેથી ભિલ્લ વગેરે કોઇકે મારા ગયા પહેલાં લઈ લીધું હશે. '

આ સાંભળી મંત્રીને ચરક પર તે રત્ન કુંડલ માટે વહેમ આવ્યો ને કહ્યું : ' તેં તે કુંડલ લઈ લીધું હશે, અને તેથી તું ખોટું બોલે છે. માટે કુંડલ આપી દે.' સેવકે તે જડયાની વારંવાર ના કહ્યા છતાં સિંહ મંત્રીએ તેને ફટકા વગેરેથી સખત શિક્ષા કરાવી, તેથી તે ચરક મૂર્છા પામ્યો. મૂર્છા પામેલા તેને રસ્તામાં જ મૂકીને તે સિંહ મંત્રી ચાલી નીકળ્યો, અને સૌ સાથે ભદ્દિલપુરીમાં આવ્યો.

થોડીવાર પછી મૂર્છા પામેલો તે ચરક શીતળ પવનની લહેરોથી સચેત થયો. પછી તે વિચારવા લાગ્યો: ' આ ગર્વિષ્ટ મંત્રીને ધિક્કાર હો ! તેણે મને વગર વાંકે

માર્યો અને મને રખડતો મૂકી ચાલી ગયો.' ત્યાર પછી તે ચરકને ઘણી તરસ લાગવાથી અને પાણી નહિ મળવાથી, રૌદ્રધ્યાનમાં મરીને તે ભદ્દિલપુરીની નજીક વનમાં ભયંકર ઝેરી **સાપ** થયો. એક વાર સિંહ મંત્રી કોઈ કામે ત્યાંથી નીકળ્યો, તે વખતે સર્પ મંત્રીને કરડયો, તેથી તે મંત્રી મરીને નરકમાં ગયો. ને સર્પ પણ થોડા વખત પછી મરીને તે જ નરકમાં ઉત્પન્ન થયો, નરકમાં પણ



તે બંને જણા વારંવાર લડવા લાગ્યા, એક બીજાને ઘણું દુઃખ આપવા લાગ્યા, એ પ્રમાણે લડતાં લડતાં તે બંને આયુષ્ય પૂરું કરીને મરણ પામ્યા.

સમય જતાં લક્ષ્મીપુર નામના મોટા નગરમાં તે ચરકનો જીવ **ધન** નામના શેઠનો **ભીમ** નામનો પુત્ર થયો. **અને** તે જ તમારો પૂર્વભવ. તે ભવમાં હે સૂરકુમાર! તમે ઉત્તમ ફૂલો વડે શ્રી જિનેશ્વર પ્રભુની સેવા કરી, તેથી ઉપાર્જન કરેલા પુણ્ય વડે-તમે આ ભવમાં વીરાંગદ રાજાના પુત્ર થયા છો."

આ સાંભળી શ્રી કેવલી ભગવાનને મેં પૂછયું, "તે સિંહ મંત્રીનો જીવ નરકમાંથી નીકળીને કયાં ઉત્પન્ન થયો છે?"

કેવલી ભગવાને મને જવાબ આપતાં જણાવ્યું, "નરકમાં મહા દુઃખને ભોગવીને નીકળેલો તે સિંહ મંત્રીનો જીવ શ્રી વિમલાચલ તીર્થને વિષે વાવના પાણીમાં હંસ પક્ષી થયો હતો. તીર્થને જોવાથી તે હંસ પક્ષીને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. તેથી તે હંસ પોતાની ચાંચમાં પાણી લઇને પ્રભુ ઉપર અભિષેક કરતો, તેમજ વનમાંથી ચાંચમાં સુંદર ફૂલો લાવીને ભાવપૂર્વક શ્રી આદિનાથપ્રભુની હંમેશાં પુષ્પ પૂજા કરતો. આ પ્રમાણે જિનેશ્વર ભગ-વાનની નિરંતર પૂજા કરીને તે હંસ પક્ષી મરીને દેવ થયો. ત્યાં આયુષ્ય પૂરું થવાથી હાલમાં તે દેવ મૃગધ્વજ



રાજાનો હંસકુમાર નામનો પુત્ર થયો છે."

શ્રીદત્ત કેવલીએ કહેલી હકીકત સાંભળીને "મારા શત્રુ હંસકુમારને મારીને મારું વેર વાળુ." એ પ્રમાણે બોલતો

હું ઊઠીને ચાલવા લાગ્યો. ત્યારે કેવલી ભગવંતે મને મારા ક્રોધની શાંતિ માટે ઘણો ઉપદેશ આપીને સમજાવ્યો. તેમના ઉપદેશને અવગણીને હું ક્રોધથી ધમધમતો વૈરનો બદલો વાળવા માટે હંસકુમાર સાથે યુદ્ધ કરવા માટે અહીં આવ્યો. પરંતુ તમારા બળવાન અને પુણ્યવાન પુત્રે મારી સાથે યુદ્ધ કરીને મને હરાવ્યો, તેથી હવે હું વૈરનો ત્યાગ કરીને શ્રીદત્ત કેવલી પાસે જઇને તરત જ સંસારસમુદ્રને તારનારી ભાગવતી દીક્ષા ગ્રહણ કરીશ.”

આ પ્રમાણે કહીને સુરકુમાર ભક્તિપૂર્વક તે હંસ-કુમારને ખમાવીને ચારિત્ર ગ્રહણ કરવા માટે તરત જ શ્રીદત્ત કેવલી પાસે જવાને ચાલી નીકળ્યો.

આ હકીકત સાંભળીને મૃગધ્વજ રાજા મોટા વિચા-રમાં પડયા. તે વિચારવા લાગ્યા, “હું વૃદ્ધ થયો તો પણ હજુ ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી અને આ સૂરકુમાર જે ક્રોધથી ધમધમતો યુદ્ધ કરવા આવ્યો હતો તે ચારિત્ર ગ્રહણ કરે છે.”

વિષયો કાયર પુરુષને વશ કરે છે પણ સત્પુરુષને વશ કરી શકતા નથી. ધર્મકાર્યના મનોરથો ઘણા ભાગ્ય-ના ઉદયવાળાને થાય છે અને તે મનોરથોની સિદ્ધિ તો સોનામાં સુગંધ ભળ્યા સમાન છે.

“પૂર્વે મને કેવળજ્ઞાની ભગવંતે કહ્યું છે: ‘જ્યારે તમે ચન્દ્રાવતીના પુત્રને જોશો ત્યારે તમારા મનમાં

**વૈરાગ્યભાવના જાગશે.'** પણ હજી સુધી મને ચંદ્રાવતીના પુત્રનાં દર્શન થયાં નથી તો શું જ્ઞાનીનું વચન મિથ્યા થશે ?" મૃગધ્વજ રાજા ઉદ્યાનમાં રહીને આવા વિચારો કરે છે.

ઉદ્યાનમાં રહેલા મૃગધ્વજ રાજા વિચારે છે, 'જ્ઞાનીનું વચન મિથ્યા હોય જ નહિ, માટે ચંદ્રાવતીના પુત્રનો મેળાપ મને થવો જોઇએ.' આવા વિચારમાં રહેલા મૃગધ્વજ રાજાની આગળ આવીને યુવાવસ્થાની નજીક આવેલા એક બાળકે એ હાથ જોડીને નમસ્કાર કર્યા.

મૃગધ્વજ રાજાએ તેને પૂછયું: "તું કોણ છે ? કયાંથી આવ્યો છે ?"

રાજાને તે બાળક કાંઈ જવાબ આપે તે પહેલાં **"આ ચન્દ્રાવતીનો પુત્ર છે."** એવી આકાશવાણી થઈ.

અહીં ચંદ્રાવતીનો પુત્ર કયાંથી, એવો રાજા વિચાર કરે છે તેવામાં ફરીથી આકાશવાણી થઈ, "હે મૃગધ્વજ રાજા ! આ બાબતમાં તમને સંદેહ રહેતો હોય તો, અહીંથી ઈશાન ખૂણામાં પાંચ કોશ તમે જાવ, ત્યાં બે પર્વતની વચ્ચે કેળનું વન આવેલું છે, તે કેળના વનમાં યશોમતી નામની યોગિની તીવ્ર તપ કરે છે; તેની આગળ જઈ ને પૂછવાથી તે તમને ચંદ્રાવતીના પુત્રની ઉત્પત્તિનું સર્વ સ્વરૂપ જણાવશે."

આવી આકાશવાણી સાંભળીને આશ્ચર્ય પામેલા મૃગધ્વજ રાજા તે બાળકને સાથે લઈને પાંચ કોશ દૂર પર્વતની વચ્ચે આવેલા તે કેળના વનમાં ગયા. ત્યાં તેમણે ધ્યાનમાં રહેલી યોગિનીને જોઈ. તેને નમીને રાજાએ પૂછયું: " આ ચંદ્રાવતીનો પુત્ર છે?"

રાજાને પ્રશ્ન સાંભળીને તે યોગિનીએ કહ્યું : " હે રાજન્ ! આ ચંદ્રાવતીનો પુત્ર છે તે તદ્દન સાચું છે. ' તમને આ ચંદ્રાવતીનો પુત્ર કયાંથી હોય એમ સંદેહ થાય,' પરંતુ આ સંસાર વિષમ અને અસાર છે. તેમાં આ મારી માતા, આ મારો પિતા, આ મારો પુત્ર, આ મારી પત્ની, આ સઘળો વ્યવહાર સ્વપ્નની માયા સરખો જાણવો "

મૃગધ્વજ રાજાએ કહ્યું, "આમાં મને કાંઈ સમજાતું નથી." ત્યારે યોગિનીએ કહ્યું: " હું તમને તે હકીકત વિસ્તારથી કહું છું તે તમે સાવધાન થઈને સાંભળો:

" **ચંદ્રપુરી** નામની નગરી છે. તેમાં **સોમ** નામનો રાજા ન્યાયથી પ્રજાનું પાલન કરતો હતો. તેને **ભાનુમતી** નામની રાણી હતી. તે ભાનુમતીની કુક્ષિને વિષે હિમવાન નામના યુગલિક ક્ષેત્રમાંથી એક યુગલ આવીને પહેલા સૌધર્મ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થએલ;–દેવલોકનું આયુપૂર્ણ થતાં, ત્યાંથી રાણીના ઉદરમાં ઉત્પન્ન થયું. ગર્ભકાલ પૂરો થતાં, રાણી ભાનુમતીએ મનોહર (પુત્ર–પુત્રીના) એક યુગલને જન્મ આપ્યો.

પુત્ર-પુત્રીનો જન્મ જાણીને સોમ રાજા ઘણો હર્ષ પામ્યા અને તેમનો મોટો જન્મોત્સવ કર્યો. રાજાએ પુત્રનું **ચંદ્રશેખર** નામ પાડયું અને પુત્રીનું **ચંદ્રાવતી** નામ પાડયું.

તે બંને ભાઈ-બહેન-માતા પિતાથી લાલનપાલન કરાતા અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. તે બંનેને પરસ્પર ઘણો સ્નેહ હતો. વૃદ્ધિ પામેલા અને યુવાવસ્થામાં આવેલા તે બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી તેમણે તેમનો પૂર્વનો યુગલિક ભવ જોયો. જેથી તેઓ બંને પરસ્પર પ્રેમવાળા થયાં અને બંને એક બીજાને પરણવા માટે આતુર રહેવા લાગ્યાં.

પરંતુ બંને ભાઈ બહેનનાં લગ્ન વ્યવહારમાં અનુચિત હોવાથી શકય ન હતાં. સોમ રાજાએ પોતાની પુત્રી ચંદ્રાવતીને હે રાજન્! તમારી સાથે પરણાવી, અને ચંદ્રશેખર સાથે યશોમતી નામની રાજકન્યા પરણાવી, આથી બંને ભાઇબહેન વિયોગ થવાથી મનમાં દુઃખી થયાં, પરંતુ તેમનું પરસ્પરનું આકર્ષણ ઓછું થયું નહિ. ખરેખર આવા સંબંધને ધિક્કાર થાઓ! આ સંસારમાં જીવોને મુખથી ઉચ્ચારાય નહિ એવી દુષ્ટ કામ વાસના ઉત્પન્ન થાય છે, જેથી ચંદ્રશેખર અને ચન્દ્રાવતી જેવાં ઉત્તમ સ્ત્રીપુરુષને પણ આવો કુમાર્ગ સૂઝયો! આ સંસારમાં અજ્ઞાન દશામાં અટવાતા જીવો કેવા કેવા પાપો કરે છે. અને તેના યોગે સંસારમાં જીવો ભટકયા કરે છે.

તમે જ્યારે ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયા તે વખતે પોપટ તમને કમલમાલાસાથે પરણાવવા સારુ ગાંગલિઋષિના આશ્રમમાં લઈ ગયો, તે વખતે અચાનક તક મળવાથી ચંદ્રાવતીએ ચંદ્રશેખરને ઇચ્છીત કાર્ય કરવા બોલાવ્યો, પરંતુ તમે થોડા વખતમાં જ પાછા આવ્યા એટલે તમને કપટ રચના વડે જેમ તેમ સમજાવીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

## ચંદ્રશેખરે કરેલી યક્ષની સાધના

ત્યાર પછી ચંદ્રાવતીને મેળવવા માટે અત્યંત આતુર તે ચંદ્રશેખરે કામદેવ યક્ષની ભક્તિપૂર્વક આરાધના કરી. તેથી પ્રસન્ન થયેલા યક્ષે વરદાન માગવાનું કહ્યું, તે વખતે ચંદ્રશેખરે ચંદ્રાવતીના મેળાપની માંગણી કરી. કામદેવ યક્ષે તેને અદૃશ્યકરણ* કાજળ આપ્યુ અને કહ્યું : 'મૃગધ્વજ રાજા ચંદ્રાવતીના પુત્રને જ્યાંસુધી જોશે નહિ, ત્યાંસુધી આ કાજળ આંજીને તું અદૃશ્ય થઈ શકીશ; પરંતુ જ્યારે મૃગધ્વજ રાજા ચંદ્રાવતીના પુત્રને જોશે, ત્યારે મૃગધ્વજ રાજાને હું પુત્રનું સ્વરૂપ પ્રગટ કરીને ચાલ્યો જઈશ, પછી આ કાજળનો પ્રભાવ પણ રહેશે નહિ.'

આ કાજળ મળવાથી ચંદ્રશેખર ઘણો ખુશ થયો અને કાજળ આંજીને અદૃશ્ય શરીરવાળો તે ચંદ્રશેખર ચંદ્રાવતી પાસે આવીને રહ્યો.ચંદ્રાવતીને કામદેવ યક્ષે આપેલા

*જે કાજળને આંખમાં આંજવાથી અદૃશ્ય થઈ જવાય અને બીજા તેને દેખી શકે નહિ.

વરદાનની હકીકત જણાવી, તેથી તે પણ રાજી થઈ ત્યાર પછી ચંદ્રાવતીને કહ્યું : 'હવે આપણે શું કરીશું ?' ત્યારે ચંદ્રાવતીએ કહ્યું: 'હું તો ગૂઢ ગર્ભવાળી છું. થોડાજ વખતમાં પુત્રનો કદાચ પ્રસવ થશે તો શું કરશું ?' ચંદ્રશેખરે કહ્યુ : 'પુત્રનો જન્મ થશે એટલે ગુપ્ત રીતે તે લઈને હું મારી પત્ની યશોમતીને આપી આવીશ અને ત્યારપછી આપણે સુખે કામસુખ ભોગવીશું. અંતઃપુરમાં રહેલા મને કોઈ જોઈ શકશે નહિ.'

ચંદ્રાવતીને તો આ વાત પસંદ હતી જ તેથી તેણે તે પ્રમાણે કબૂલ કર્યું. ત્યારપછી જ્યારે ચંદ્રાવતીએ પુત્રને જન્મ આપ્યો. ત્યારે તરતના જન્મેલા તે પુત્રને લઇ તે યશોમતી પાસે ગયો. **યશોમતીને** પુત્ર સોંપીને કહ્યું: 'આ ચંદ્રાવતીનો પુત્ર ચંદ્રાંક નામનો છે, તેને તું તારા બાળકની જેમ ઉછેરીને મોટો કરજે!' યશોમતીને પુત્ર નહિ હોવાથી તેણે તેને રાખી લીધો, પછી ચંદ્રશેખર ચંદ્રાવતી પાસે ચાલ્યો ગયો. ત્યાં તેણે અદૃશ્ય બનાવનાર કાજળના પ્રભાવથી ગુપ્તપણે ચંદ્રાવતી સાથે સુખરૂપ કેટલોક સમય વ્યતિત કર્યો. તે અત્યારે પણ તમારા અંતઃપુરમાં રહેલો છે."

મૃગધ્વજ રાજા તો આ વાત સાંભળી ઘણી નવાઈ પામ્યો. તેને હજી સુધી ચંદ્રાવતી બાબતમાં શંકા નહોતી. ખરેખર સ્ત્રીચરિત્રને દેવતાઓ કે બ્રહ્મા પણ કળી શકતા નથી.

હવે યશોમતીથી લાલનપાલન કરાતો તે સુંદર અંગવાળો પુત્ર ચંદ્રાંકકુમાર દિવસે દિવસે શુકલ પક્ષના ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. વર્ષો પછી વર્ષો પસાર થઈ ગયા. ને તે ચંદ્રાંકકુમાર રૂપમાં તથા ગુણમાં ખીલી ઉઠયો.

ખીલતી જુવાનીમાં પ્રવેશતા તે સુંદર રૂપવાળા ચંદ્રાંક-કુમારને જોઇ પતિ વિરહથી વિહ્વલ બનીને એક વખત યશોમતી વિચાર કરવા લાગીઃ 'મારા પતિ ચંદ્રશેખર તો તેની બહેનમાં આસકત થઈને રહેલો છે, તેથી મેં પતિનું સુખ ઘણા વખતથી ભોગવ્યું નથી. આ મારી જુવાની નકામી ચાલી જાય છે. જેનો પતિ હંમેશા પરદેશ વસતો હોય, તે સ્ત્રી જેમ પોતાના પતિને જોઇ પણ શકતી નથી, તેમ ચંદ્રાવતી ઉપર જેનું ચિત્ત ઘણું આસક્ત છે એવા ચંદ્રશેખર પતિને હું જોઈ પણ શક્તી નથી; માટે જેમ પોતે ઉછેરેલા વૃક્ષનું ફલ જેમ પોતે જ ખાય છે, તેમ મારાથી લાલન-પાલન થયેલ આ સુંદર પુત્ર ચંદ્રાંકકુમારને વશ કરીને હું ઈચ્છિત સુખને ભોગવું.'

આ પ્રમાણે વિચાર કરીને તેણે વિવેક અને ડહા-પણનો ત્યાગ કરી એકાંતમાં ચંદ્રાંકકુમારને પોતાની ઇચ્છા જણાવતાં કહ્યું : 'જો તું મારી સાથે સંસારસુખ ભોગવીશ તો, હું તને આ રાજયનો રાજા બનાવીશ, અને હું પણ તારા વશમાં રહીશ.'

ચંદ્રાંકકુમાર તો પોતાની માતાની આવી અકલ્પિત-અયોગ્ય વાત સાંભળીને નવાઈ પામ્યો. તેણે કહ્યું : '**હે માતા! તમે આવાં અનુચિત વચન કેમ બોલો છો? આવું અકાર્ય કરવું કોઈ રીતે આપણે યોગ્ય નથી.**"

યશોમતીએ કહ્યું : 'હે ચંદ્રાંક! હું તારી માતા નથી. આપણો માતા પુત્રનો સંબંધ નથી. તારી માતા તો મૃગ-ધ્વજ રાજાની પત્ની ચંદ્રાવતી છે, માટે મારી ઇચ્છા તું પૂરી કર. આમાં કાંઈ અનુચિત નથી.'

ચંદ્રાંકકુમારે કહ્યું : 'એમ હોય તો પણ તમે મને ઉછેરીને મોટો કર્યો હોવાથી હું તો તમને માતા જ માનું છું, માટે મારાથી કદાપિ આ અકાર્ય બનશે નહિ.' આ પ્રમાણે કહીને ત્યાં રહેવું હવે યોગ્ય નથી, એમ વિચારી તે ચંદ્રાંકકુમાર પોતાના માતાપિતાને મળવા માટે ત્યાંથી ચાલી નીકળ્યો.

ચંદ્રાંકે તેની ઇચ્છા પૂરી નહિ કરવાથી બંને બાજુથી ભ્રષ્ટ થયેલી, તે યશોમતી ઘણી શોકાતુર થઈ અને અસાર સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી દીક્ષા લેવાનો વિચાર કર્યો, પણ જૈન સાધ્વીજી મહારાજનો સંયોગ ન મળવાથી હું યોગિની થઈ. તે જ હું યશોમતી છું. શુભ ધ્યાનમાં રહેવાથી મને અવધિજ્ઞાન થયું છે. તેથી તમારી પત્ની ચંદ્રાવતીનું

સઘળું કૃત્ય મેં જાણ્યું છે અને તે પ્રમાણે તમારી આગળ કહ્યું છે.



બે પર્વતની વચ્ચે કેળના વનમાં યશોમતિ યોગિની આગળ મૃગધ્વજ રાજા અને ચંદ્રાંકકુમાર હાથ જોડીને ઉભા છે

કામદેવ યક્ષે આકાશવાણી દ્વારા ચંદ્રાવતીનું કૃત્ય જાણવા તમને મારી પાસે મોકલ્યા છે. તમારી સાથે આવેલ

આ ચંદ્રાંકકુમાર તમારી સ્ત્રી ચન્દ્રાવતીના ઉદરે ઉત્પન્ન થયેલ તમારો જ પુત્ર છે તેમાં જરા પણ શંકા નથી.”

ઉપર પ્રમાણે યોગિની યશોમતીએ કહેલી હકીકત સાંભળ મૃગધ્વજ રાજા ચંદ્રાવતી ઉપર ઘણા ક્રોધાયમાન થયા. પોતાના ઘરનું ખરાબ વૃત્તાંત સાંભળીને કોના ચિત્તમાં બળતરા ન થાય? પરંતુ યશોમતીએ તેમને આ અસાર સંસારનું સ્વરૂપ ટૂંકમાં જણાવતાં કહ્યું: **કવણ કેરા પુત્ત મિત્તા, રે કવણ કેરી નારી, મુહિયા મોહિઓ મેરા મેરા મૂઢ ભણઈ અવિચારી.”** આ રીતે સંસારની વિચિત્રતા સમજાવી તેમને શાંત પાડયા. ત્યાર પછી મૃગધ્વજ રાજા યોગિનીને નમીને ચંદ્રાંકકુમારને લઈને પોતાના નગરના ઉદ્યાનમાં પાછા આવ્યા.

## : ૧૩ : મૃગધ્વજ રાજાની ચારિત્ર લેવાની ભાવના

આકાશવાણી સાંભળીને મૃગધ્વજ રાજા ચંદ્રાંકકુમાર સાથે એકાએક યોગિની પાસે ગયા, ત્યારે મંત્રીશ્વરો વગેરે પરિવાર રાજાને નહિ જોવાથી, શોકાતુર થઈને તેમની આજુબાજુ તપાસ કરવા લાગ્યા. જ્યારે યોગિની પાસેથી મૃગધ્વજ રાજા પાછા ઉદ્યાનમાં આવ્યા, ત્યારે મંત્રીઓ તેમની સામે ગયા અને નગરમાં પધારવા માટે જણાવ્યું.

મૃગધ્વજ મહારાજાએ જણાવ્યું : " હવે હું નગરમાં આવવાનો નથી. અહીં રહીને જ હું ચારિત્ર ગ્રહણ કરવાનો છું, કારણ કે નગરમાં આવવાથી ભાવ યતિને પણ દોષો લાગવાનો સંભવ રહેલો છે. તમે શુકરાજકુમારને રાજ્યાભિષેકની વિધિ કરીને રાજ્યધુરા સોંપી દેજો."

તે વખતે મંત્રીઓએ કહ્યું : " રાગીજનો વનમાં રહે તો પણ તેમને દોષો લાગે છે અને જેઓ ઇંદ્રિયોને વશ રાખે છે–વિરાગી જેવા થઈ તેઓ ઘરમાં રહીને પણ તપની સાધના કરે છે, માટે જેઓ રાગ રહિત છે તેઓને તો ઘર પણ તપોવન થાય છે. માટે તમે એકવાર નગરમાં આવી નગરને પાવન કરો." ઘણો આગ્રહ થવાથી મંત્રીઓ સાથે મૃગધ્વજ રાજા ચંદ્રાંકકુમારને લઇને પોતાના મહેલમાં આવ્યા, તે મહેલમાં રહેલા ચંદ્રશેખરે ચંદ્રાંકને મૃગધ્વજ રાજા સાથે જોયો, તેથી તે હવે પોતે પકડાઈ જશે એમ જાણીને ગુપ્ત રીતે ત્યાંથી નીકળીને પોતાના નગરમાં ચાલ્યો ગયો.

સંસાર ઉપર વૈરાગ્યવાળા અને દીક્ષા લેવાની ભાવનાવાળા મૃગધ્વજ રાજાએ મોટા ઉત્સવપૂર્વક તત્કાળ જ શુકરાજનો રાજ્યાભિષેક કર્યો. શુકરાજ વગેરે પાસે તેમણે દીક્ષા લેવાની રજા માંગી, સ્વજનો અને કુટુંબીઓ હા...ના.. કરતા હતા, છેવટે સૌને સમજાવી દીક્ષા લેવાનું નક્કી કર્યું.

ત્યારપછી અષ્ટાહ્નિકા મહોત્સવનો આરંભ કરીને મૃગધ્વજ રાજાએ ઉદારતાથી ઉલ્લાસભાવે સાતે ક્ષેત્રમાં સારી રીતે ધન વાપર્યું.

## મૃગધ્વજ રાજાને કેવલજ્ઞાન

રાજમહેલમાં રહેલા રાત્રીને વિષે મૃગધ્વજ રાજા વિચારે છે: 'શુકરાજનો રાજ્યાભિષેક પૂર્ણ થયો છે, આજે અટ્ટાઈ મહોત્સવનો છઠ્ઠો દિવસ પણ પૂર્ણ થયો. ચારેકોર કુટુંબમાં ઉલ્લાસ ફેલાઈ ગયો છે.આખા નગરમાં મહારાજાની દીક્ષાની વાતો નગરજનો કરી રહ્યા છે. સાતમા દિવસની રાત્રી પડી. જગતમાં ચોતરફથી મોહ અંધકારનો સમુદાય ફેલાઈ રહ્યો છે. તો પણ મહારાજા મૃગધ્વજના ચિત્તમાં જ્ઞાનરૂપ દિપક પ્રગટ હોવાથી, તે મનમાં વિચાર કરતા હતા. 'પ્રાતઃકાલ કયારે થશે ? અને હું દીક્ષા લઇને હર્ષ કયારે પામીશ ? અતિચાર રહિત સુંદર પ્રકારે ચારિત્રની આરાધના કરતો હું કયારે સર્વ કર્મનો ક્ષય કરીશ ?' આવા આવા શુભ વિચારોમાં તલ્લીન થયેલા, શુભ ભાવના ભાવતા તેમણે પ્રાતઃકાલ થતાં થતાં તો ઘનઘાતી કર્મ પણ અત્યંત ક્ષય કર્યા. રાત્રી પૂર્ણ થતાની સાથે જ ક્ષપકશ્રેણી ઉપર ચડીને ચાર ઘાતી કર્મનો ક્ષય કરી લોકાલોકને જણાવનારું કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.



મૃગધ્વજ મહારાજના શુભ ધ્યાનના યોગે રાજમહેલમાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, દેવતાઓ ઓઘો મુહપતિ કપડાં વગેરે લઈને ઊભા છે, અને કેવલજ્ઞાની રાજાને મુનિ વેશ લેવા વિનવે છે.

શુભ ભાવનાનું કેવું ઊંચું સ્થાન છે, દીક્ષા, જેવું પરમ પવિત્ર ધર્મ કૃત્ય માત્રની શુભ ભાવનાથી જ મૃગધ્વજ મહારાજાની જેમ કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

ભાવનાનો પ્રભાવ અચિંત્ય છે, કારણ કે ધર્મ સાધના માટે જ્ઞાની ભગવંતોએ દાન, શીલ, તપ અને ભાવ એમ

ચાર પ્રકારો કહેલા છે. તેમાં દાન ધર્મ માટે દ્રવ્યાદિ સાધનની મુખ્યતાએ જરૂર પડે છે, જો કે તેમાં પણ ફળ તો ભાવના પ્રમાણે જ મળે છે. તપમાં મુખ્યતાએ રસના—જીભને ખાસ વશ રાખવાની જરૂર પડે છે અને શરીરને કષ્ટ આપી ભૂખે રહેવું પડે છે. શીલ ધર્મનું પાલન કરવા માટે વાસનાને જીતવાની જરૂર પડે છે. પરંતુ ભાવમાં તો આમાંનું કાંઈ કરવું પડતું નથી. મનની નિર્મળતા ભાવનામાં મુખ્ય ભાગ ભજવે છે, માટે જ **મનને બંધ અને મોક્ષનું કારણ કહેલું છે.** ઘણાં વર્ષો સુધી આકરાં તપ તપીને જીવ જેટલાં કર્મોનો ક્ષય કરે છે તેથી અધિક જ્ઞાન સાથે સમતા ભાવમાં આરૂઢ થયેલો જીવ અંતર્મુહૂર્તમાં કર્મોનો ક્ષય કરી નાખે છે. વળી કહ્યું છે કે, દાન દારિદ્રનો નાશ કરે છે, શીલ દુર્ગતિનો નાશ કરે છે, બુદ્ધિ અજ્ઞાનનો નાશ કરે છે, પરંતુ ભાવના ભવનો—સંસારનો નાશ કરી નાંખે છે.

મૃગધ્વજ મહારાજાને કેવલજ્ઞાન થવાથી સ્વર્ગમાંથી દેવોએ આવીને કહ્યું : “ હે રાજર્ષિ ! તમે સાધુવેશ—ઓઘો—કપડાં વગેરે ગ્રહણ કરો એટલે અમે આપના ચરણકમલમાં વંદન કરીએ.”

પોતાનું આયુષ્ય હજી બાકી છે એવું જાણીને રાજર્ષિએ દેવતાઓએ આપેલ સાધુવેશ ધારણ કર્યો. તે વખતે દેવોએ તેમને વંદન કરીને કેવલજ્ઞાનનો સુંદર મહોત્સવ કર્યો.

શુકરાજ, હંસકુમાર, મંત્રીશ્વરો વગેરે તથા રાજ્યના મુખ્ય નગરજનો વગેરે ખૂબ જ આશ્ચર્ય પામતા આવી પહોંચ્યા. તેઓ પણ કેવલી ભગવંતને ભાવપૂર્વક નમ્યા. રાજા શુકરાજે બીજીવાર રાજ્ય તરફથી નગરના શ્રી જિન મંદિરોમાં બહુ જ મોટો મહોત્સવ કર્યો.

નૂતન રાજા શુકરાજ, મંત્રીશ્વરો અને પ્રજાજનો સમક્ષ રાજર્ષિ કેવલી ભગવંતે ધર્મનો ઉપદેશ આપ્યો, અને તેમાં મુખ્યતાએ સંસારની અસારતાનું સુંદર સ્વરૂપ વિશેષતાથી જણાવ્યું. :" **જીવોનું આરોગ્ય શરીર, અનિત્ય છે, યૌવન અનિત્ય છે, ઐશ્વર્ય અનિત્ય છે, જીવન પણ અનિત્ય છે; આ બધું જોયા છતાં અને જાણ્યા છતાં પણ મનુષ્યો પરલોક-સાધના માટે ઉદ્યમી થતા નથી–એ મનુષ્યોની ચેષ્ટા–આચરણા મહાન્ આશ્ચર્યકારક છે.** વળી હે ભવ્ય જીવો ! સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એ બે સંસાર રૂપ સમુદ્રને તરવા માટે સેતુ બંધ–પુલ સમાન છે, તેમાં પહેલો સાધુ માર્ગ સીધો પણ કઠણ છે. અને બીજો શ્રાવક માર્ગ વાંકો-લાંબો પણ સુખે જવાય એવો છે. એમાં જે માર્ગે જવાની ઇચ્છા હોય તે માર્ગે સૌએ આગળ વધવું જોઈએ."

કેવલી ભગવંતની દેશનાથી વૈરાગ્ય પામેલા **હંસકુમારે, ચંદ્રાંકકુમારે** તથા **કમલમાલા** વગેરે એ તેમજ કેટલાક નગરજનોએ તેમની પાસે પરમ ઉલ્લાસથી દીક્ષા

ગ્રહણ કરી. શુકરાજ વગેરે લોકોએ સાધુ ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખી, શક્તિ મુજબ દૃઢ સમકિતપૂર્વક બાર વ્રતો ગ્રહણ કર્યાં. મૃગધ્વજ રાજર્ષિ, અને ચંદ્રાંકકુમાર મહારાણી ચંદ્રાવતીનું સર્વ કૃત્ય જાણતા હતા, તો પણ તેમણે તે હકીકત કોઇને કહી નહિ, કારણ કે **મહાપુરુષો બીજાઓના દોષોને જોતા નથી, જોયા છતાં બીજાની આગળ તેની કદીએ નિંદા કરતા નથી, કારણ કે પરની નિંદા કરવી અને પોતાની પ્રશંસા કરવી એ નિર્ગુણીનાં લક્ષણ છે. શકય હોય ત્યાંસુધી ગુણીજનની પ્રશંસા, ઉત્તમ પુરુષોની મોટાઈ અને સ્વનિંદા કરવી એ લક્ષણ સદ્ગુણીનાં છે."**

રાજર્ષિ મૃગધ્વજ કેવલી ભગવંતે ભવ્ય જીવોરૂપી કમલોને વિકસ્વર કરવા માટે પૃથ્વીપટ ઉપર વિહાર કર્યો. ઈન્દ્રસરખો પરાક્રમી રાજા શુકરાજ પણ પિતાની જેમ જ ન્યાયનીતિથી પ્રજાનું પાલન કરવા લાગ્યા. ખરેખર ઉત્તમ જીવો વડીલો પાસેથી સારા સંસ્કારો ગ્રહણ કરે છે. અને ઉત્તમ સંસ્કારી જીવો જિંદગી સુધી તે ઉત્તમ માર્ગે જીવન પસાર કરે છે.

## : ૧૪ : ચંદ્રશેખર શુકરાજનું રાજ્ય પચાવે છે.

હવે રાણી ચન્દ્રાવતી પોતાનો ભાઈ ચંદ્રશેખર ચંદ્રાંકકુમારને જોવાથી ક્ષિતિપ્રતિષ્ટિત નગરમાંથી એકાએક ગૂપચૂપ ચાલ્યો ગયો, ત્યાર પછી તેના વિયોગથી ચંદ્રાવતી ઘણી શોકાતુર રહેવા લાગી. ચંદ્રશેખર તરફ પ્રેમભાવને ધારણ

કરતી, તે ચંદ્રાવતી ફરીથી ચંદ્રશેખરનો સંયોગ કેવી રીતે મેળવવો તેના ઉપાયો શોધવા લાગી.

આ માટે ચંદ્રાવતીએ રાજ્યની અધિષ્ઠાયિકા-યક્ષિણી-દેવીની આરાધના કરી. તેની ભક્તિથી સંતુષ્ટ થયેલી દેવીએ પ્રત્યક્ષ થઈને કહ્યું : " હે ચંદ્રાવતી ! તું ઇચ્છિત વરદાન માગ." તે વખતે ચંદ્રાવતીએ દેવીને કહ્યું, " હે દેવી ! રાજા શુકરાજનું આ મોટું રાજ્ય તમે ચંદ્રશેખરને આપો, તમો તો અધિષ્ઠાયિકા દેવી છો, કોઈપણ પ્રકારે મારી આ ઇચ્છા પૂરી કરો. તમારે માટે એ અશકય નથી જ." ચંદ્રાવતીએ પોતાની માગણી ચાલુ રાખી.

"હે ચંદ્રાવતી ! રાજા શુકરાજની પુણ્યરાશી એટલી બધી બળવાન છે કે બળથી શુકરાજનું રાજ્ય ચંદ્રશેખરને અપાવવું તદ્દન અશકય છે." દેવીએ પરિસ્થિતિની સ્પષ્ટતા કરતા કહ્યું. "એનો એક ઉપાય છે. જે કામ ઘણા બળથી પણ ન થાય તે કળથી જલદી થઇ શકે. જયારે રાજા શુકરાજ કોઈ ઠેકાણે બહાર જાય ત્યારે રાજ્ય લેવા માટે ચંદ્રશેખરને તરત જ બોલાવવો, હું તે વખતે ચંદ્રશેખરનું શરીર હુબહુ રાજા શુકરાજ જેવું બનાવી દઈશ. આમાં તારે જરા પણ શંકા રાખવી નહિ."

આ પ્રમાણે કહીને તે દેવી અંતર્ધ્યાન થઈ ગઈ. ચંદ્રાવતી આ વરદાન મળવાથી ઘણી રાજી થઈ. હવે રાજા

શુકરાજ કયારે બહાર જાય અને ચંદ્રશેખર સાથે પોતાનો કયારે સંયોગ થાય, તેની આતુરતાપૂર્વક રાહ જોવા લાગી. એમ કરતા કેટલોય સમય વિત્યો.

મંત્રીઓ વગેરેને રાજ્ય સંબંધી કેટલીક સૂચના અને યોગ્ય વ્યવસ્થા કરી રાજા શુકરાજે શાશ્વતા તીર્થો પરનાં શ્રી અરિહંત ભગવંતોને-વંદન-યાત્રા કરવા જવાની તૈયારી કરી. પોતાની પાસે આકાશગામિની વિદ્યા હોવાથી તેનો ઉપયોગ આત્મકલ્યાણ અર્થે કરવાની ઈચ્છા ધર્મિષ્ઠ પુરૂષને અવશ્ય થાય તે સ્વાભાવિક છે. જયારે રાજા શુકરાજ જવા માટે તૈયાર થયા ત્યારે તેમની પદ્માવતી અને વાયુવેગા એ બન્ને રાણીઓએ કહ્યું: "હે સ્વામીનાથ! અમે પણ તમારી સાથે આવીશું. શાશ્વતા જિનેશ્વર દેવોને વંદન-યાત્રાથી અમને પણ પુણ્ય થશે. માર્ગમાં અમારા માતાપિતા વગેરેનો મેળાપ થશે." બંને રાણીઓની આવી ઈચ્છા જાણીને રાજા શુકરાજે તેમને પણ સાથે આવવાની અનુમતિ આપી.

## શાશ્વતા તીર્થોની યાત્રા માટે શુકરાજનું પ્રયાણ

પછીથી મંત્રીઓને બોલાવીને રાજા શુકરાજે કહ્યુ: "હું શાશ્વતા તીર્થોપરનાં શ્રી જિનેશ્વર દેવોને વંદન-યાત્રા કરવા માટે બંને રાણીઓ સાથે વિમાનમાં બેસીને આકાશમાર્ગે જાઉં છું, માટે હું આવું ત્યાંસુધી તમે સાવધાનીથી રાજ્યનું સારી રીતે પાલન કરજો." આ પ્રમાણે મંત્રીઓને રાજ્ય

સોંપીને રાજા શુકરાજ વિમાનમાં બેસીને આકાશમાર્ગે ચાલ્યા.

ચંદ્રશેખરને લાવવા માટે તલપી રહેલી ચંદ્રાવતીને શુકરાજ જવાથી ચંદ્રશેખરને લાવવાનો ઠીક લાગ મળ્યો. તેણે દેવી મારફત ચંદ્રશેખરને બોલાવ્યો. દેવીએ પોતાની શક્તિથી ચંદ્રશેખરને રાજા શુકરાજ સરખા રૂપવાળો બનાવી દીધો. પછી રાત્રીના વખતે, " હે લોકો, મારી બંને રાણીઓને લઈને કોઈક વિદ્યાધર ચાલ્યો જાય છે, માટે તમે તેની પાછળ દોડો... દોડો....પકડો.... "

આ પ્રમાણે બોલતા રાજા શુકરાજ રૂપધારી કપટી ચંદ્રશેખરે રાજમહેલમાં બૂમો પાડી લોકો ભેગા કર્યા.

આ સાંભળી મંત્રીઓ તરત જ રાજમહેલે આવી પહોંચ્યા. તેમણે પૂછ્યું : " તમે ક્યારે પાછા આવ્યા ?" રાજાએ કહ્યું, "યાત્રા કર્યા સિવાય હું હમણાં જ પાછો આવ્યો છું, કારણ કે કોઈ દુષ્ટ વિદ્યાધર મારી બંને રાણીઓને મારા દેખતાં જ હરણ કરી પૂર્વ દિશા તરફ નાસી ગયો છે."

મંત્રીઓએ પૂછ્યું, " તમારી આકાશગામિની વિદ્યા ક્યાં ગઈ ?"

બનાવટી શુકરાજે કહ્યું, "મારી બંને રાણીઓ સાથે મારી તે વિદ્યા પણ તે દુષ્ટે હરણ કરી છે. "

આ સાંભળી મંત્રીઓએ કહ્યું, " ભલે વિદ્યા જતી રહી, બંને પત્નીઓ પણ ભલે ગઈ, પરંતુ આપના શરીરે તો કુશળ છે ને ?"

રાજાએ કહ્યું : “ હાલમાં મારા શરીરે તો કુશળતા છે, પરંતુ બંને પત્નીઓના વિયોગે મારાથી કેવી રીતે જીવી શકાશે ?”

મંત્રીઓએ કહ્યું : “ જીવિત બચી ગયા તો પત્ની, પુત્ર, લક્ષ્મી વગેરે તો ઘણાં મળશે; પરંતુ ગયેલું જીવન કદાપિ ફરીથી મળતું નથી.” આ પ્રમાણે કહીને મંત્રીઓએ તે બનાવટી રાજા શુકરાજને (ચંદ્રશેખરને ) નહિ જાણતા શાન્તિ ધારણ કરવા આશ્વાસન આપ્યું.

ચંદ્રશેખરે બનાવટી રાજા શુકરાજનો પાઠ બરાબર ભજવ્યો. કારણ કે તેણે ઘણાં વર્ષો પહેલાં ગુપ્તવેશે અહીં ગાળ્યા હતા; તેથી રાજ્યની ઘણી હકીકતનો તે જાણકાર હતો, મંત્રીઓ પણ તેની આ બનાવટને જાણી શકયા નહિ.

આ પ્રમાણે સાચા શુકરાજને બદલે રાજા બની બેઠેલો તે ચંદ્રશેખર દેવીના પ્રભાવથી રાજા શુકરાજની જેમ પ્રજાનું સારી રીતે પાલન કરવા લાગ્યો. તેથી તેના આ કપટને કોઈ પારખી શકયું નહિ.

ચંદ્રશેખરના આગમનથી ચંદ્રાવતીને ઘણો આનંદ થયો. તે બંને જણાં ગુપ્ત રીતે ઇચ્છા મુજબ સંસારસુખ ભોગવવા લાગ્યાં. એ પ્રમાણે દિવસો પસાર થવા લાગ્યા.

હવે આપણે શાશ્વતા તીર્થોપરનાં જિનેશ્વર દેવોને વંદન કરવા ગયેલા રાજા શુકરાજનું શું થયું તે જોઇએ.

## : ૧૫ : શુકરાજને પાછું કેમ જવું પડયું ?

પોતાની બંને પત્નીઓને લઈ ને વિમાનમાં બેસીને મહારાજા શુકરાજ શાશ્વતા તીર્થોની યાત્રા કરતા કરતા શ્રી અષ્ટાપદ પર્વત ઉપર ગયા. ત્યાં ભરત ચક્રવર્તીએ સ્થાપન કરેલ ચોવીસે તીર્થંકરોની પ્રતિમાઓને ભાવપૂર્વક વંદન કર્યું. તે વખતે ત્યાં એક ચારણ મુનિભગવંત પણ અષ્ટાપદ ઉપર આવેલા હતા; તેમને વંદન કરીને તેમની પાસે ધર્મ દેશના સાંભળી. તેમાં પૂ. મુનિરાજે મનુષ્યભવની પ્રાપ્તિ થવા છતાં જે જીવો ભોગોમાં આસક્ત થઈને મનુષ્યજન્મને ફોગટ ગુમાવે છે, તેઓ જેમ કોઈ ચિંતામણિ રત્નને ફેંકી દઈને કાચને ગ્રહણ કરે તેમતે મને મૂર્ખ સમાન જાણવા. વગેરે હકીક્ત સમજાવીને શુકરાજને ધર્મમાં વિશેષ આસ્થાવાળા બનાવ્યા.

અષ્ટાપદ ઉપર રહેલી પ્રતિમાઓને વાંદીને શુકરાજ રાજા બંને પત્નીઓ સાથે ચંપાપુરીમાં પોતાના સસરાને ત્યાં ગયા. સાસરામાં વધારે દિવસો રોકાવું યોગ્ય ન ગણાય એમ વિચારીને ત્રણ દિવસ ત્યાં રોકાઈ ને શુકરાજ વિમાનમાં બેસીને વાયુવેગાના પિતાને ત્યાં પણ થોડા દિવસ રહી આકાશમાર્ગે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના ઉદ્યાનમાં આવીને ઉતર્યા.

તે વખતે મહેલની બારીમાં રહેલા ચંદ્રશેખરે આકાશમાર્ગે આવી બંને પત્નીઓ સાથે ઉદ્યાનમાં ઉતરતા તે

શુકરાજને જોયા, તેથી તે ભયભીત થઈ ગયો. પરંતુ તરત જ ઉપાય શોધીને મંત્રીઓને પોતાની આગળ બોલાવી આપ્રમાણે



કહ્યું, 'હે મંત્રીઓ! જે વિદ્યાધરે મારી બે સ્ત્રીઓનું હરણ કર્યું હતું, તે હવે મારું રાજ્ય લેવાને આપણા નગરના ઉદ્યાનમાં તે બંને સ્ત્રીઓ સાથે આવી પહોંચ્યો છે. આ વખતે તેણે મારું (શુકરાજનું) રૂપ પણ ધારણ કર્યું છે. હવે તે મને મારીને મારું રાજ્ય પણ લઈ લેશે. વળી તેણે મારી બંને સ્ત્રીઓને પણ વશ કરી લીધી હશે. કારણકે સ્ત્રીઓ જેના આશ્રયમાં રહે છે તેને વશવર્તી થાય છે. તો હવે શું કરવું તેનો તમે વિચાર કરો."

આ હકીકત સાંભળી બુદ્ધિનિધિ નામના મંત્રીએ કહ્યું: "તમારે જરા પણ ભય રાખવાનું કારણ નથી, કારણકે હમણાં જ હું તેની પાસે જઈને તેને અહીંથી ચાલ્યા જવા માટે સમજાવું છું. બળવાનની સાથે યુદ્ધ કરવાથી કાર્ય સિદ્ધ થતું નથી, પરંતુ બુદ્ધિના પ્રભાવ વડે કાર્યની સિદ્ધિ થાય છે."

આ પ્રમાણે શુકરાજને (કપટી ચંદ્રશેખરને) સમજાવીને

તે બુદ્ધિનિધિ મંત્રી ઉદ્યાનમાં આવીને તે શુકરાજના રૂપ-ધારી વિદ્યાધરને જોઈને વિસ્મય પામીને મધુર વાણી વડે કહેવા લાગ્યો : "મેં તમારી બધી શકિત હમણાં જોઈ છે, પ્રથમ તો તમે અમારા સ્વામી રાજા શુકરાજની બે પત્ની-ઓનું હરણ કરી અહીંથી ચાલ્યા ગયા હતા. હવે તમે અમારા રાજાનું રાજ્ય લેવાને તેનું રૂપ ધારણ કરીને આવ્યા છો. પરસ્ત્રીનું હરણ કરવાથી મોટું પાપ લાગે છે અને નરકમાં જવું પડે છે. વળી તમે જો અમારા રાજાનું રાજ્ય ગ્રહણ કરશો તો, ચોરી કર્યાનું મોટું પાપ લાગશે."

મંત્રીની આ વાત સાંભળીને ચિત્તમાં અતિ વિસ્મય પામેલા સાચા શુકરાજે કહ્યું: "હે મંત્રી ! આ તમે શું બોલો છો ? હું પોતે જ શુકરાજ છું અને મારી બંને સ્ત્રીઓને લઈને અષ્ટાપદ વગેરે મહાતીર્થોની યાત્રા કરીને હમણાં જ અહીં પાછો આવી પહોંચ્યો છું."



મંત્રીએ કહ્યું: "તમે જૂઠું કેમ બોલો છો ? મૃગધ્વજ રાજાના પુત્ર રાજા શુકરાજ તો હાલ નગરમાં છે. ને તમે તેની બે સ્ત્રીઓ તથા વિદ્યાનું હરણ કરી ચાલ્યા ગયા હતા. હવે

પાછા આવીને રાજ્ય ગ્રહણ કરવા વિચારી રહ્યા છે. મનના કપટનો ત્યાગ કરીને અહીંથી તરત જ ચાલ્યા જાઓ, નહિ તો તમે મરણ પામશો. તમે ગમે તેટલું કહેશો તો પણ તમારી વાત કોઈ માનવાનું નથી."

આ સાંભળી પદ્માવતી તથા વાયુવેગાએ કહ્યું: "હે મંત્રીશ્વર ! આ જ મૃગધ્વજ રાજાના પુત્ર શુકરાજ છે અને તેઓ જ અમારા સ્વામી છે,એ વાતમાં જરા પણ સંશય નથી.'

મંત્રીએ કહ્યું: "હે સ્ત્રીઓ ! તમે જૂઠું બોલો નહિ ! સ્ત્રીઓ જૂઠું બોલતાં વિચારતી નથી. જેનો આશરો લે તેને વશવર્તી બને છે. માટે સ્ત્રીઓનાં વચન ઉપર કયો સમજુ વિશ્વાસ કરે ?"*

આ પ્રમાણે તે બુદ્ધિનિધિ મંત્રીનાં વચન સાંભળીને શુકરાજે વિચાર્યું: "કોઇકે મારું રૂપ ધારણ કરીને મારું રાજ્ય ગ્રહણ કર્યું છે, તો હવે મારે શું કરવું ? અત્યારે **મારા કોઇક અશુભ કર્મનો ઉદય થયો લાગે છે. જો હું મારા રાજ્યને કપટથી ગ્રહણ કરનારને મારીશ તો લોકો મારી નિંદા કરીને કહેશે કે આ લુચ્ચાએ શુકરાજને મારીને રાજ્ય લઈ લીધું છે.** આથી લોકોમાં મારો અપયશ ફેલાશે. લોકોનો અપવાદ આ

---

*અનુભવીઓએ કહ્યું છે, ૧. રાજ્ય, ૨ ભક્ષણ કરવા યોગ્ય પદાર્થ ૩ શય્યા, ૪ સુંદર ઘર, ૫ રૂપવતી સ્ત્રી અને ૬ ધન-લક્ષ્મી, આ ૭ વસ્તુઓને માલિકની ગેરહાજરીમાં પરાયા–માલિક થઈ બેસે અગર હરણ કરે છે.

બાબતમાં બળવાન છે.” આથી શુકરાજે વિચાર કર્યો : “આ બાબતમાં ખેદ કરવો નકામો છે. કર્મ પરિણામ બળવાન છે. તેની આગળ ગમે તેવા બળવાનનું પણ કાંઈ ચાલતું નથી. શ્રી અરિહંતો, દેવેન્દ્રો અને ચક્રવર્તીઓ પણ તે કર્મને ભોગવ્યા સિવાય છૂટી શકતા નથી.”

ઉપર પ્રમાણે વિચાર કરી હાલમાં આ બાબતમાં કાંઈ થઇ શકે તેમ નથી, આગળ ઉપર જોઈ લેવાશે એ પ્રમાણે નક્કી કરી તે સાચા રાજા શુકરાજ પોતાની બંને સ્ત્રીઓને વિમાનમાં બેસાડીને આકાશમાર્ગે ચાલી નીકળ્યા.

આ પ્રમાણે શુકરાજના ચાલી જવાથી તે બુદ્ધિનિધિ મંત્રી રાજી થઈને નગરમાં આવ્યો, અને બનાવટી શુકરાજને ( ચંદ્રશેખરને ) સઘળી હકીકત જણાવી.

આ હકીકત સાંભળી ચન્દ્રશેખર ઘણો હર્ષ પામ્યો. તેણે મંત્રીને વીસ ગામો ભેટમાં આપ્યાં. ત્યાર પછી તે ભયરહિત થઇને રાજ્ય કરવા લાગ્યો.

## :૧૬: શુકરાજે રાજ્ય પાછું મેળવ્યું.

પોતાનું રાજ્ય કોણે કપટ કરીને ગ્રહણ કરી લીધું તે વિષે વિચાર કર્યા છતાં રાજા શુકરાજ તેનો નિર્ણય કરી શક્યો નહિ, કારણ કે પોતાની અપર માતા ચંદ્રાવતી અને પોતાના મામા ચંદ્રશેખરની બાબતમાં તેને કોઈ પણ જાતની ખબર આજ સુધી ન હતી.




તેવામાં તેમનું વિમાન એકાએક આકાશમાં થંભી ગયું ...... શુકરાજે વિમાનને નીચે ઉતાર્યું અને
વિમાનમાંથી ઉતરી તેમની પાસે જઇને વિધિપૂર્વક ભાવથી વંદન કર્યું.

શુકરાજ કથા... પેઇજ નં. ૧૧૭

શુકરાજની બંને પત્નીઓએ કહ્યું, 'તમે અમારા પિયરમાં ચાલો.' પરંતુ શુકરાજે તે વાત કબૂલ રાખી નહિ. કારણ કે મહારાજા શુકરાજ જાણતા હતા કે ઉત્તમ પુરુષો પોતાના ગુણો વડે, મધ્યમ પુરુષો પિતાના ગુણો વડે અને અધમ પુરુષો મોસાળના ગુણો વડે ખ્યાતિ મેળવે છે, પરંતુ જેઓ શ્વસુરના ગુણો વડે ખ્યાતિ મેળવે છે, તેઓને તો અધમાધમ જાણવા. આથી પોતાના સંકટના સમયમાં શ્વસુરના ઘરે જવું ઉચિત નથી, એમ જાણીને તે બંને પત્નીઓનો આગ્રહ હોવા છતાં ગયા નહિ.×

શુકરાજ આ બાબતમાં બીજાનો વાંક કાઢતા નહોતા, પરંતુ તેમાં **પોતાનાં અશુભ કર્મોના ઉદયને કારણ માનતા હતા.** તેથી આવા સંકટ સમયમાં પણ તેઓ હિંમત રાખી શકયા હતા. તેઓ છ મહિના સુધી વિમાનમાં બેસીને બંને સ્ત્રીઓ સાથે અનેક સ્થાનોએ ફરતા ફરતા સમય વિતાવી સૌરાષ્ટ્ર દેશમાં આવી પહોંચ્યા.

સૌરાષ્ટ્ર દેશમાં વિમાનમાં બેસીને શુકરાજ ચાલ્યા જાય છે તેવામાં તેમનું વિમાન એકાએક થંભી ગયું, વિમાન

× પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલ મનુષ્યે ઓળખીતાને ત્યાં, તથા સગાવ્હાલાને ત્યાં, અને સસરાને ઘરે જવું નહિ; કારણ કે, આટલા સ્થાનોએ ખાસ આડંબરથી જવું જોઈએ. કહ્યું છે કે કોઈપણ સભામાં, વ્યાપારમાં, શત્રુ આગળ, સાસરે તેમજ સ્ત્રીને વિષે અને રાજદરબારમાં આડંબર જ પૂજાય છે.

આકાશમાં થંભી ગયું. તેથી શુકરાજે વિચાર્યું, 'એક આપત્તિમાં આ બીજી આપત્તિ કયાંથી આવી પડી ?'

પોતાનું વિમાન શાથી સ્ખલના પામ્યું તે જાણવા માટે શુકરાજે નીચે જમીન તરફ જોયું તો કોઈ પૂ. મુનીવર દેખાયા. તેમણે થોડા નીચે ઉતરીને જોયું તો પોતાના કેવલજ્ઞાની પિતા મૃગધ્વજ મુનિરાજને રહેલા જોયા. આથી શુકરાજે વિમાનને તરત જ નીચે ઉતાર્યું અને વિમાનમાંથી ઉતરી તેમની પાસે જઈને વિધિપૂર્વક ભાવથી વંદન કર્યું.

તે વખતે શુકરાજની આપત્તિને જાણનાર કેવલી ભગવાને ઉપદેશ આપતાં કહ્યું: "ધર્મ જ સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે, ધર્મ જ સર્વ દુઃખોનું ઔષધ છે, ધર્મ મોટું બળ છે, ધર્મ રક્ષણ કરનાર અને શરણ કરવા લાયક છે. ક્રોધાદિ કષાયોનો જય કરવો તે ધર્મ છે, અને જિનેશ્વરોએ કહેલો તે ધર્મ જ સ્વર્ગ અને મોક્ષનું સાચું સુખ આપનારો છે. પોતાના પ્રાણના નાશનો પ્રસંગ આવી પડે તો પણ ઉત્તમ પુરુષો પારકાના દોષોને ગ્રહણ કરતા નથી તથા જીવહિંસા પણ કરતા નથી." આ પ્રમાણે ધર્મોપદેશ સાંભળીને શુકરાજે પૂછયું, "મારા સરખું રૂપ ધારણ કરીને કોઈક માણસે મારું રાજ્ય લઈ લીધું છે તે કોણ છે ? તે કૃપા કરીને જણાવો. તેમજ મારું રાજ્ય મને પાછું મળશે કે નહિ ?"

કેવલ જ્ઞાની મુનિ ભગવંત તો ચન્દ્રાવતી અને ચંદ્રશેખરના અયોગ્ય આચરણને જાણતા હતા, પરંતુ આ હકીકત શુકરાજને જણાવવામાં આવે તો મોટા અનર્થનું કારણ થશે અને વિશિષ્ઠ લાભ વિના સાંસારિક વાત કરાય નહિ એમ જાણીને કેવલી મુનિભગવંત કાંઈ બોલ્યા નહિ.

જ્ઞાની ભગવંતે પોતાના પ્રશ્નનો કાંઈ જવાબ આપ્યો નહિ ત્યારે શુકરાજે ફરીથી પૂછ્યું, "હે પ્રભો! તમારા સરખા મહાપુરુષનું દર્શન થવા છતાં જો મારું રાજ્ય મને પાછું ન મળે તો તેમાં હું મારા દુર્ભાગીપણાને જ કારણ માનીશ."

આ પ્રમાણે શુકરાજે ફરીથી પ્રાર્થના કરી ત્યારે રાજર્ષિ મૃગધ્વજ મુનિ ભગવંતે કહ્યું, "તારા પૂર્વજન્મનાં પાપકર્મોનાં ઉદય થવાથી આ બન્યું છે." કહી શુકરાજને તેમનો પૂર્વભવ કહેવા માંડયો.

## મૃગધ્વજ રાજર્ષિદ્વારા પૂર્વ ભવ વૃન્તાન્ત

શુકરાજનો જિતારિ રાજાના ભવથી પૂર્વ ભવમાં શ્રી ગ્રામ નામના ગામમાં તું સ્વભાવથી ભદ્રક અને ન્યાયી ઠાકોર હતો. પિતાએ ભાગ પાડી આપેલા ગ્રામને ભોગવનારો તારો એક ઓરમાન ભાઈ હતો, તે સ્વભાવથી કાયર હતો. એક વખત શ્રીગ્રામે તને મળવા આવ્યો હતો. તમે બન્ને ભાઈઓએ પરસ્પર વાતો કરી, જયારે તે પોતાના સ્થાને

પાછો જતો હતો, ત્યારે તેં તેણે હાસ્ય મશ્કરીમાં કબજે રાખીને અને કહ્યું: 'તું અહીં જ સુખે રહે તારે ગામની ચિંતા કરીને શું કરવું છે ? હું મોટો ભાઈ હોવા છતાં નાનો ભાઈ ફોગટ કલેશ ઉપજાવનારી ચિંતા શું કરવા કરે છે ?' એક તો ઓરમાન ભાઈ થયેલો અને તેમાં વળી સ્વભાવનો કાયર આ બન્ને સંયોગ મળી આવ્યાથી તેણે મનમાં એવો તર્ક-વિચાર કર્યો: 'હાય હાય ! નિશ્ચય કરી મારું રાજ્ય ગયું ! હું અહીં શું કરવા આવ્યો ? હવે શું કરું ?' કાયર સ્વભાવના કારણે અનેક વિચારો કરી ઘણો આકુળવ્યાકુળ થયો. થોડા સમય પછી તેણે તેં છોડયો, ત્યારે તેણે પોતાને જીવતો માન્યો.

તે વખતે હાસ્ય-મશ્કરીમાં પણ તેં ઘણું દારુણ કર્મ બાંધ્યું. તે કર્મના ઉદયથી હમણાં તને અતિ દુષ્કર રાજ્યવિયોગ થયો આ સંસારમાં જીવો અહંકારમાં સંસારવહેવાર સંબધી ઘણી ક્રિયાઓ કરે છે, પણ તેથી બંધાયેલા કર્મનો ઉદય જ્યારે આવે અને દુઃખ આવી પડે ત્યારે તેઓ આકુળવ્યાકુળ થાય છે. જેમ વાંદરો એક ઝાડથી બીજા ઝાડ ઉપર ફાળ, કુદકો મારતા ચૂકી જાય ત્યારે તે દીન થઈ જાય છે, તેમ જીવો કર્મ ઉદયે દીન થઈ જાય છે."

પૂર્વભવ કહ્યા પછી મુનિરાજે કહ્યું, "આ સૌરાષ્ટ્ર દેશમાં શ્રી વિમલાચલ નામનું મહાપ્રભાવવાળું જગતમાં સૌથી મોટું તીર્થ




તેમણે (શુકરાજે) નવકાર મહામંત્રનો જાપ શરૂ કર્યો. છ મહિનાને અન્તે તેમણે ગુફાની અંદર મોટું તેજ મંડળ પ્રગટ થયેલું જોયું. શુકરાજ કથા... પેઇજ નં. ૨૨૧

છે. તે મહાતીર્થની ગુફામાં રહીને જો તું છ મહિના સુધી પંચ પરમેષ્ઠી મહામંત્રનું સ્મરણ કરીશ તો ગુફાની અંદર મોટું તેજ પ્રગટ થશે અને તેથી તારો શત્રુ યુદ્ધ કર્યા વિના જ પોતાના સ્થાનમાં ચાલ્યો જશે. **ત્રણ ભુવનમાં પંચ પરમેષ્ઠી નમસ્કાર સરખો મહામંત્ર નથી અને શ્રી વિમલાચલ મહાતીર્થ જેવું કોઇ તીર્થ નથી** માટે ત્યાં રહીને નવકાર મહામંત્રના જાપથી તારું કાર્ય સિદ્ધ થશે."

પૂ. રાજર્ષિનાં વચન સાંભળીને હર્ષિત થયેલ તે શુકરાજ જ્ઞાની પિતાને વંદન કરીને રાજ્યપ્રાપ્તિનો ઉપાય કરવા માટે વિમલાચલ તરફ વિમાનમાં બેસીને પત્નીઓ સાથે ત્યાંથી ચાલ્યા અનુક્રમે વિમલાચલ ઉપર આવીને એક ગુફાની અંદર રહીને કેવલી ભગવંતે બતાવેલ વિધિ પ્રમાણે તેમણે નવકાર મહામંત્રનો જાપ શરૂ કર્યો. છ મહિનાને અંતે તેમણે ગુફાની અંદર મોટું તેજમંડળ પ્રગટ થયેલું જોયું.

( જૂઓ ચિત્રમાં )

તીર્થાધિરાજને વંદન કરી, શ્રી આદીશ્વર દાદાની પૂજા કરી આંગી રચાવી ખૂબ ઉત્તમ ભાવથી યાત્રા કરીને શુકરાજ પ્રસન્ન થયા.

પછી શુકરાજ બંને પત્નીઓને વિમાનમાં બેસાડી હર્ષપૂર્વક પોતાના નગર તરફ ચાલ્યા.

ત વખતે રાજય અધિષ્ટાયિકા યક્ષિણીએ ચંદ્રશેખર પાસે આવીને કહ્યું : " હે ચંદ્રશેખર ! હવે તારું શુકરાજનું રૂપ ચાલ્યુ ગયું છે, અને મૂળ ચંદ્રશેખરનું રૂપ પ્રગટ થયું છે, હવે શુકરાજ આગળ મારું કાંઈ ચાલી શકે તેમ નથી."

આ સાંભળી ભય પામેલો તે ચંદ્રશેખર તરત જ ગુપ્ત રીતે ત્યાંથી ચાલ્યો ગયો અને વનમાં જઇને કોઈક સ્થાનમાં રહ્યો.

શ્રી વિમલાચલથી વિમાનમાં બેસીને નીકળેલા શુકરાજ થોડીવારમાં પોતાની બંને પત્નીઓ સાથે પોતાના નગરમાં આવી પહોંચ્યા. પછી તેમણે પોતાનું રાજ્ય સંભાળી લીધું. ત્યારપછી મંત્રીઓએ પૂછયું : " તમારી સ્રીઓ તમને કેવી રીતે પાછી મળી ?" તે વખતે શુકરાજે પોતાની સઘળી હકીકત તેમણે વિસ્તારથી જણાવી. આ સાંભળી મંત્રીઓ પણ ઘણું આશ્ચર્ય પામ્યા.

હવે ચંદ્રશેખરનું શું થયું તે જોઇએ:—ચંદ્રશેખરનું મૂળ રૂપ જ્યારે પ્રગટ થઈ ગયું ત્યારે તે ભય પામીને વનમાં જઈ રહ્યો. પોતાના રાજ્યમાં પણ તે ઘણા વખતથી ગયો ન હતો તેથી ત્યાં જવાની પણ તેની હિંમત ચાલી નહિ. આથી તે ફરતો ફરતો શ્રી વિમલાચલ પાસે આવી પહોંચ્યો. તીર્થક્ષેત્રનો મહિમા એવો છે કે ત્યાં આવેલા માણસના પરિણામમાં મોટા ભાગે પલટો થયા વિના રહેતો



અનેક વિદ્યાધરો વગેરેને સાથે લઇને છ'રિ' પાળતો ચતુર્વિધ સંઘ કાઢીને સંઘપતિ બનીને શુકરાજ ગિરિરાજનાં દર્શન માટે નિકળ્યા. શુકરાજ કથા... પેઇજ નં. ૧૨૩

નથી. ચંદ્રશેખરે ગિરિરાજ ઉપર જઈને આદીશ્વર પ્રભુને ભાવ અને ભક્તિથી પ્રણામ કર્યા. ને વિચાર કર્યો, "મેં ઘણાં અકાર્યો કર્યાં છે. પોતાની પત્નીનો ત્યાગ કર્યો છે. પોતાની જ બહેન સાથે વિષયસુખ ભોગવ્યું છે, મૃગધ્વજ રાજાને છેતર્યા છે, શુકરાજનું રાજ પચાવી પાડયું છે, મંત્રીઓ તથા પ્રજાને પોતે શુકરાજ છે એમ કહીને છેતર્યાં છે. આવાં અકાર્યો કરવાથી હું નિશ્ચય નરકમાં જઇશ."

આ પ્રમાણે વિચાર કરતાં તેને વૈરાગ્ય ભાવના જાગ્રત થઇ, તેથી ત્યાં રહેલા શ્રી મહોદય નામના જ્ઞાની મુનિભગવંત પાસે તે ચંદ્રશેખરે ભાવથી ભાગવતી દીક્ષા લીધી.

હવે શુકરાજને પોતાનું રાજ્ય પાછું મળ્યું તેથી તેણે વિચાર્યું. 'શ્રી વિમલાચલ મહાતીર્થના પ્રભાવથી મને રાજ્ય પાછું મળ્યું છે. તેથી અનેક વિદ્યાધરો વગેરેને સાથે લઈને છ'રિ' પાળતો ચતુર્વિધ સંઘ કાઢીને સંઘપતિ બનીને શુકરાજ ગિરિરાજનાં દર્શન માટે નીકળ્યા. ત્યાં જઈને આડંબરપૂર્વક સ્નાત્રપૂજા, મન્દિરના શિખર પર ધ્વજારોપણ વગેરે ભાવપૂર્વક કર્યાં. પછી મંત્રીઓ વગેરેને બોલાવીને શુકરાજે કહ્યું: "આ ગિરિરાજના પ્રભાવથી મારા શત્રુનો પરાભવ થયો છે માટે હવેથી આ ગિરિરાજનું 'શત્રુંજય' શત્રુ ઉપરનો જય પમાડનાર એવું નામ થાઓ." ત્યારથી આ ગિરિરાજનું શત્રુંજય નામ જગતમાં પ્રસિદ્ધ થયું.

# પ્રકરણ–૧૬ | શત્રુંજય નામ શાથી પડયું ? તે જણાવતી શુકરાજ–કથા

મહારાજા શુકરાજ પછી ત્યાં રહેલા પૂ. મહોદયમુનિભગવંતને વંદન કરવા ગયા. શુકરાજે મુનિરાજની આગળ બેસીને ધર્મદેશના સાંભળી. દેશનાને અંતે શુકરાજે પૂછયું, "હે મુનિભગવંત ! કપટ કરીને કોણે મારું રાજ્ય પચાવી પાડયું હતું ?"

તે વખતે જ્ઞાની મુનિભગવંતે જણાવ્યું, "હે શુકરાજ ! આ ભવથી પૂર્વે બાવનમા ભવને વિષે તમે જેનું રાજ્ય છળથી લઈ લીધું હતું તેણે આ ભવમાં તમારું રાજ્ય છળ કરીને લઇ લીધું હતું."

શુકરાજે ફરીથી પૂછયું, "મેં પૂર્વે કોનું રાજ્ય લઈ લીધું હતું તે કૃપા કરી જણાવશો ?" તે વખતે મુનિરાજે કહ્યુઃ "સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી ચારિત્ર લઇને બેઠેલા આ ચંદ્રશેખરે તમારું રાજ્ય ગ્રહણ કર્યું હતું. આ જીવના બાંધેલા કર્મોને ભોગવ્યા સિવાય છૂટકો થતો નથી."

પોતાને જેની કલ્પના પણ નહોતી તે નામ સાંભળીને શુકરાજ ઘણી નવાઈ પામ્યા. ત્યારપછી શુકરાજે ઊઠીને સાધુ થયેલા તે શ્રી ચંદ્રશેખર મુનિરાજને ખમાવ્યા.

તે વખતે ચંદ્રશેખર મુનિ પણ પોતે કરેલાં કર્મોની વારંવાર નિંદા કરવા લાગ્યા. શુભ ધ્યાનમાં ક્ષપકશ્રેણિનો આરંભ કરી ઘાતી કર્મોનો ક્ષય કરી તે ચંદ્રશેખર મુનિ ગિરિરાજની પાવન છાયામાં કેવલજ્ઞાન પામ્યા. આ પ્રમાણે

આ તીર્થના મહિમાથી મહાપાપી એવા તે ચંદ્રશેખર મુનિનો ઉદ્ધાર થયો. તીર્થનો મહિમા અચિન્ત્ય છે. —અનન્ય છે.

શ્રીશત્રુંજય તીર્થની મોટા ઉત્સવપૂર્વક યાત્રા કરીને શુકરાજ અનુક્રમે પોતાના રાજ્યની રાજધાનીમાં આવી પહોંચ્યા અને ન્યાયથી પ્રજાનું પાલન કરવા લાગ્યા. પ્રજા પણ તેમના રાજ્યમાં ઘણી સુખી થઈ.

## : ૧૭ : રાજા શુકરાજની દીક્ષા અને મોક્ષગમન.

હવે મહારાજા શુકરાજને શાંતિથી રાજ્ય કરતાં કેટલોક વખત ચાલ્યો ગયો. એકવાર તેમની પ્રથમ પટરાણી પદ્માવતી રાત્રિએ સુખે સૂતેલી હતી, ત્યારે પોતાના મુખમાં પ્રવેશ કરતા ચંદ્રને જોયો. પછી જાગેલી પદ્માવતીએ ચિત્તમાં હર્ષિત થઈ પ્રભાતના સમયે શુકરાજને તે હકીકત જણાવી. શુકરાજે પણ કહ્યું, “હે દેવી! તમારી કૂખને વિષે



ચંદ્ર સરખા ઉજ્વલ ગુણવાળો ઉત્તમ પુત્ર ઉત્પન્ન થશે."

તે વખતે ગર્ભના પ્રભાવથી રાણીને જે જે દોહદ થયા તે તે મહારાજા શુકરાજે પૂર્ણ કર્યા. અનુક્રમે ગર્ભકાળ પૂર્ણ થયો ત્યારે રાણીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. તે વખતે શુકરાજે પુત્રનો જન્મોત્સવ મોટી ધામધૂમથી કર્યો. સ્વજનોનો અન્નપાન, વસ્ત્રાદિક વડે સત્કાર કર્યો. ને રાજાએ સ્વપ્ન અનુસારે તેનું "ચન્દ્રકુમાર" નામ પાડ્યું. તેનું બીજું નામ પદ્માકર થયું. વાયુવેગા રાણીને પણ એક પુત્ર થયો તે વાયુસાર નામે પ્રસિદ્ધ થયો. બંને ભાઈઓ સ્નેહપૂર્વક સાથે રમતા રમતા આનંદવિનોદમાં દિવસો પસાર કરે છે.



માતાપિતા બંને પુત્રોને વૃદ્ધિ પામતા જોઈ ઘણાં રાજી થયાં. લાલનપાલન કરાતા પુત્રો પણ બીજના ચંદ્રની જેમ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા. જ્યારે અભ્યાસ કરવા લાયક થયા ત્યારે રાજાએ યોગ્ય વિદ્યાગુરુ પાસે મોકલી રાજપુત્રોને યોગ્ય સર્વ કલાઓ શીખવી.

ચંદ્રકુમાર અને વાયુસાર પણ થોડા વખતમાં સર્વ કળાના જાણકાર થયા. ચંદ્રકુમાર અનુક્રમે યુવાવસ્થાને પામ્યા ત્યારે શુકરાજરાજાએ ચંદ્રકુમારને સૂર રાજાની પુત્રી **લક્ષ્મીવતી** સાથે મોટા મહોત્સવપૂર્વક પરણાવ્યો. તે ચંદ્રકુમાર રાજનીતિમાં પણ પ્રવીણ થયો અને રાજ્યકાર-ભારમાં ભાગ લેવા લાગ્યો.

એક વાર પૂજ્યપાદ શ્રી કમલાચાર્ય નામના ગુરુ ભગવંત પૃથ્વીને વિષે વિહાર કરતા કરતા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના ઉદ્યાનમાં આવ્યા. ગુરુ મહારાજનું આગમન સાંભળીને શુકરાજ પોતાની બંને પત્નીઓ તથા પુત્ર વગેરે પરિવાર સાથે તેમને વંદન કરવા ગયા. વિધિપૂર્વક ગુરુ મહારાજને વંદન કરીને શુકરાજ વગેરે ગુરુની આગળ બેઠા. તે વખતે ગુરુ મહારાજે તેમને નીચે પ્રમાણે ધર્મદેશના સંભળાવી:–

"ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણ વર્ગની સાધના નહિ કરી શકવાથી જેમ પશુનું આયુષ્ય ફોગટ જાય છે તેમ મનુષ્ય પણ જો આ ત્રણ વર્ગની સાધના કરે નહિ તો તેનું આયુષ્ય પણ ફોગટ ચાલ્યું જાય છે. આ ત્રણમાં પણ ધર્મને શ્રેષ્ઠ કહેલ છે, કારણ કે ધર્મ વિના અર્થ અને કામની સિદ્ધિ થતી નથી. માટે ક્રોડો ભવોમાં દુઃખે પ્રાપ્ત કરી શકાય તેવો મનુષ્યભવ ઉત્તમકુળ ધર્મની આરા-ધના વગેરે સઘળી સામગ્રી કર્મયોગે પ્રાપ્ત થવા છતાં આ સંસારરૂપી સમુદ્રનો પાર પમાડનાર ધર્મને વિષે હમેશાં ઉદ્યમ

કરવો જોઈએ. ધર્મ સાધનાની સઘળી સામગ્રી મળ્યા છતાં પણ જો ઉદ્યમ કરવામાં આવે નહિ તો કાર્યસિદ્ધિ થતી નથી.”

ઉપર પ્રમાણેનો ગુરુનો ઉપદેશ સાંભળીને મહારાજા શુકરાજને પણ સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો. તેમણે વિચાર્યું, “ધર્મના પ્રભાવથી અત્યારે મારે કોઇ પ્રકારની ખામી નથી. હવે મારો પુત્ર ચંદ્રકુમાર પણ રાજ્યનો ભાર ઉપાડવાને લાયક થયેલો છે. મારા પિતાશ્રીએ જેમ ચારિત્ર લઈને આત્મકલ્યાણ સાધ્યું છે. તેમ મારે પણ પિતાની જેમ મોટી ઉંમરનો થયો હોવાથી ચારિત્ર લઇને આત્મકલ્યાણ કરવું જોઇએ.”

આ પ્રમાણે વિચાર કરી શુકરાજે ગુરુ મહારાજને સંસારસમુદ્ર તારનારી પોતાની દીક્ષા લેવાની ઇચ્છા જણાવી. ગુરુ મહારાજે કહ્યું: “ધર્મકાર્યમાં ઢીલ કરવી નહિ, કારણ કે આયુષ્ય ચંચળ છે, મરણ કયારે આવશે તે જાણી શકાતું નથી, માટે આ નાશવંત શરીર વડે જેટલી ધર્મ સાધના કરી શકાય તેટલી કરવી જોઈ એ.”

પૂ. ગુરુ દેવનો ઉપદેશ સાંભળી શુકરાજે કહ્યું, “હું પુત્રને રાજ્યગાદી ઉપર સ્થાપન કરીને આપની પાસે ચારિત્ર ગ્રહણ કરીશ માટે ત્યાંસુધી આપશ્રી સહ પરિવારે અહીં સ્થિરતા કરશો.”

મહારાજા શુકરાજ પૂજ્ય ગુરુભગવંતને વંદન કરી પોતાને મહેલે આવ્યા. પછી પોતાના પુત્ર ચંદ્રકુમારને રાજ્યા-

ભિષેક કરી—તેને રાજ્યસિંહાસન ઉપર બેસાડી બીજા પુત્ર વાયુસારને તેમણે યુવરાજપદ આપ્યું. પછી ધામધૂમપૂર્વક



અઠ્ઠાઈ મહોત્સવ સહિત સાતે ક્ષેત્રોમાં લક્ષ્મીનો સદ્વ્યય કરી તરત જ પરમતારક પૂજ્ય શ્રી કમલાચાર્ય મહારાજા પાસે જઇને દીક્ષા લીધી.

કર્મ શત્રુને જીતવાને અર્થે બન્ને સ્ત્રીઓની સાથે ઘણા ઉત્સાહપૂર્વક દીક્ષા લઇને અનુક્રમે વિહાર કરતાં તે શ્રી શત્રુંજય મહાતીર્થે ગયા. ત્યાં શુભ ધ્યાને તીર્થાધિરાજ શત્રુંજય ઉપર ચઢતા અને શુકલ ધ્યાનમાં આગળ વધતા તે ગિરિરાજની પાવનભૂમિ ઉપર તેમણે શિઘ્ર સઘળાં કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

"પર પરિણતિ પોતાણી, માને તેહી ગમાર;
પર પરિણતિ દૂરે કરે, તે પામે ભવપાર.
આંખ થકી જે દેખતાં, તે તો પુદ્દગલ ભાવ;
અંતર દૃષ્ટિ જો કરે, પરમાતમ દેખાય
સમજુ સમજે સત્યને, કર્મ મર્મ કરે દૂર;
કર્મ મર્મના નાશથી, હોવે શિવસુખ પૂર."

મહાત્મા પુરુષોની લબ્ધિ અદ્દભુત હોય છે! મોહરૂપ અંધકાર નષ્ટ થતાં ત્રણે લોકના ભાવોને નિહાળતા શુકરાજ રાજર્ષિ શત્રુંજય મહાગિરિની સ્પર્શના કરી નીચે ઉતરી વિવિધ પ્રદેશોમાં વિચરતા વિચરતા કેવલજ્ઞાનરૂપ સૂર્યથી ભવ્ય જીવોનો મોહરૂપી અંધકારને દૂર કરતા હતા.

અનુક્રમે શુકરાજર્ષિ અને સાધ્વી શ્રી પદ્માવતીજી તથા સાધ્વી શ્રી વાયુવેગાજી પણ સઘળાં કર્મો ક્ષય કરી કેવલજ્ઞાન મેળવીને મોક્ષ સ્થાનને પામ્યાં.



## :૧૮: શત્રુંજય મહિમા અને ઇતિહાસ

શ્રી શત્રુંજય મહાતીર્થનો મહિમા અદ્ભુત છે. કર્મભૂમિના પંદર ક્ષેત્રોમાં આ ભરતક્ષેત્ર એકલું જ ભાગ્યશાળી છે, કે જ્યાં આવો શાશ્વત ગિરિરાજ દીપી રહ્યો છે.

### આ મહાતીર્થને વિષે આ અવસર્પિણી કાળમાં મુખ્ય કોણ કોણ કેટલાની સાથે મોક્ષે ગયા ?

ચક્રવર્તી ભરત મહારાજાની પાટે આવેલા અસંખ્યાતા રાજાઓ શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર સિદ્ધિપદને પામેલા છે. શ્રી અજીતનાથ ભગવાન અહીં ચાતુર્માસ રહ્યા હતા. શ્રી સાગરમુનિ એક ક્રોડ મુનિવરની સાથે શ્રી શત્રુંજય ગિરિ ઉપર મુક્તિપદને પામ્યા હતા. શ્રી ભરતમુનિ પાંચ ક્રોડની સાથે, શ્રી પુંડરિકસ્વામીજી પણ પાંચ ક્રોડની સાથે, શ્રી અજીતસેન સત્તર ક્રોડ સાધુઓની સાથે, શ્રી અજીતનાથ પ્રભુના દશ હજાર મુનિપુંગવો ચૈત્રીપુનમે એક લાખ અણગારની સાથે, શ્રી આદિત્યયશા અને શ્રી સોમજશા તેર ક્રોડ મુનિ સાથે, શ્રી નારદ એકાણું લાખની સાથે, શ્રી વાસુદેવની પત્ની પાંત્રીસ હજાર સાધ્વીઓની સાથે મોક્ષે ગયેલ છે. શ્રી શાન્તિનાથ ભગવાને એક ક્રોડ બાવન લાખ પંચાવન હજાર સાતસે સીત્યોતેર સાધુઓ સાથે અહીં ચોમાસું કર્યું હતું.

શ્રી થાવચ્ચા પુત્રે એક હજાર સાથે, સેલગમુનિ પાંચસોની સાથે, સુભદ્રમુનિ સાતસોની સાથે, નમિ અને વિનમિ વિદ્યાધરો બે ક્રોડની સાથે, દ્રાવિડ ને વારિખિલ્લજી

દશક્રોડ મુનિ સાથે, દશરથપુત્ર રામચંદ્રજી અને ભરતજી ત્રણ ક્રોડ મુનિ સાથે, શ્રી કૃષ્ણ વાસુદેવના સાંબ–પ્રદ્યુમ્ન કુમારો સાડાઆઠ ક્રોડની સાથે, શ્રીસાર મુનિ એક ક્રોડની સાથે, આ શત્રુંજય ગિરિવર પર પાંચ પાંડવો પણ વીસ ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા છે.

શ્રી કદંબ ગણધર એક ક્રોડની સાથે મુક્તિ પદ પામ્યા. તેમજ ગઈ ચોવીસીના છેલ્લા તીર્થંકર શ્રી સંપ્રતિ જિનના થાવચ્ચા ગણધર એક હજાર મુનિઓની સાથે સિદ્ધિ પદને પામ્યા હતા.

આ રીતે ક્રોડોની સંખ્યામાં આ જ અવસર્પિણી કાળમાં અસંખ્ય આત્માઓ પરમ પાવન આ ગિરિરાજ ઉપર સિદ્ધિપદને પામેલા છે. તેવા અપૂર્વ માહાત્મ્યવાળા શાશ્વત ગિરિ શ્રી શત્રુંજયનું એકાગ્ર મને ધ્યાન કરનાર આત્મા શાશ્વત સુખનો ભોક્તા બને છે.×

---

× "ચૈત્રી પૂનમ દિન, શત્રુંજયગિરિ અહિઠાણ,
પુંડરીક વર ગણધર, તિહાં પામ્યા પદ નિર્વાણ;
આદીશ્વર કેરા શિષ્ય પ્રથમ જયકાર,
કેવલ કમલાવર નાભિ નરિંદ મલ્હાર"

અડસઠ તીરથ ન્હાવતાં, અંગરંગ ઘડી એક;
તુંબી–જલ–સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલ ધામ;
અચલપદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ. ૧૧

આ સિવાય ભરતના પુત્ર બ્રહ્મર્ષિ. ચાર પુત્રો સાથે રાજા શાન્તનુ, ચન્દ્રશેખર રાજા, દેવકીના છ પુત્રો, વસુદેવના પુત્રો જાલી, મવાલી, ઉવયાલી, સુવ્રત શેઠ, મંડકમુનિ, આણંદઋષિ, સાત નારદ, અંધકવિષ્ણુ, ધારણી તેના ૧૮ પુત્રો, વિગેરે અનંતા આત્માઓ આ પરમ પાવન શ્રી શત્રુંજય ગિરિવર ઉપર મોક્ષે ગયા છે. ખરેખર કહીએ તો કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે. ભવિષ્ય કાળમાં પણ અનંતા આત્માઓ આ ગિરિવર ઉપર મોક્ષે જશે.

પ્રથમ શ્રી શત્રુંજય તીર્થ, તીર્થાધિરાજ શાથી કહેવાય છે, તે જાણવા જેવું છે. આ તીર્થનાં ૧૦૮ નામો છે. તેમાં **શ્રીસિદ્ધાચલ, શ્રીશત્રુંજય, શ્રીવિમલગિરિ, શ્રી પુંડરીકગિરિ** વગેરે વગેરે નામો ખાસ પ્રસિદ્ધ છે. આ શાશ્વત તીર્થને વિષે અનેક પૂજ્ય શ્રી તીર્થંકરદેવો, વિદ્યાધરો, ચક્રવર્તીઓ વગેરે મહાપુરુષો મોક્ષે ગયા છે.

ચૈત્રી પૂનમના દિવસે કયું કયું કાર્ય કરવાથી કેટલું પુણ્ય ફળ પ્રાપ્ત થાય?

આ અતિ પવિત્ર **ચૈત્રી પૂનમના દિવસે ઉપવાસ કરીને જે શ્રી શત્રુંજયની યાત્રા કરે તેની નરક ગતિ તથા તિર્યંચ ગતિનો નાશ થાય છે.** આ દિવસે મંત્રાક્ષરે પવિત્ર સ્નાન જલ લઈને ઘરની અંદર

છાંટે તેના ઘરમાં મરકી વગેરે ઉપદ્રવ થતા નથી. હંમેશા છાંટે તે પ્રાણી સુખસંપત્તિ પામે; શુભભાવથી આરાધના કરતાં મંગલની માળા પામે તથા મોક્ષનાં સુખ પામે છે. **શ્રી નંદીશ્વરદ્વીપને** વિષે શાશ્વતા શ્રી જિનેશ્વર દેવોની પૂજા કરવાથી જેટલું પુણ્ય થાય છે, તેનાથી પણ **અધિક પુણ્ય ચૈત્ર સુદ પુનમ કે કાર્તિક સુદ પૂનમના દિવસે શ્રી સિદ્ધાચલ મહાતીર્થને વિષે ભગવાનની પૂજા કરવાથી થાય છે.** તે દિવસે અન્ય સ્થાનકમાં રહ્યા છતાં પણ શ્રી ઋષભદેવની તથા શ્રી પુંડરીક ગૈણધરની પૂજા કરે, તે દેવતાની પદવી પામે છે. ઉપરાંત વર્ષમાં કાર્તિક સુદી **પુનમ**, ફાગણ સુદી **આઠમ** અને ફાગણ સુદી ૧૩ વિગેરે દિવસો વિશેષ મહત્ત્વના ગણાય છે.

વળી તીર્થાધિરાજનું વર્ણન શું કરીએ ! આપણા તીર્થનાયક શ્રી મહાવીર સ્વામીજીના પ્રથણ ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીજી જ્યારે પૂર્વના ત્રીજા ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં **વેગવાન** નામના વિદ્યાધર હતા, ત્યારે વિદ્યાની સાધના કરવા પ્રયત્ન કરવા છતાં તે વિદ્યાઓ કોઇ રીતે સિદ્ધ થઈ નહિ; એટલે મહાવિદેહ ક્ષેત્રમાંથી આ શત્રુંજય ગિરિરાજ ઉપર આવીને તે વિદ્યાની સાધનાં કરતાં તે બધી વિદ્યાઓ બે મહિનાના ટૂંકા ગાળામાં સિદ્ધ થઈ એવો આ ગિરિરાજનો અદ્ભુત મહિમા છે તે આ નિર્જીવ લેખની શું વર્ણવી શકે ?

**આ શત્રુંજય મહાતીર્થના થયેલા ઉદ્ધારોની મળતી નોંધ આ પ્રમાણે છે.**

શ્રી શત્રુંજય તીર્થાધિરાજ પ્રાયઃ શાશ્વતો છે. આ તીર્થના અસંખ્ય ઉદ્ધારો સમયે સમયે થયા છે. આ અવસર્પિણીકાળમાં ૧૬ મોટા ઉદ્ધારો થયા છે. (૧) ભ. શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર શ્રી **ભરતચક્રવર્તિએ પહેલો** ઉદ્ધાર કરાવ્યો. (૨) **ભરતચક્રવર્તિના** વંશમાં આઠમી પાટે થયેલ દંડ**વીર્યરાજાએ બીજો** ઉદ્ધાર કરાવ્યો. (૩) પહેલા અને બીજા શ્રી તીર્થંકરપ્રભુના વચલા કાળમાં બીજા દેવલોકના ઈન્દ્ર–**ઈશાન**-ઇન્દ્રનો થયો તેણે ત્રીજો ઉદ્ધાર કરાવ્યો. (૪) ત્યાર બાદ **નવ** ક્રોડ સાગરોપમ પછી ચોથા દેવલોકના ઈન્દ્ર-**માહેન્દ્ર**–ઇન્દ્રે-ચોથો ઉદ્ધાર કરાવ્યો. (૫) દશ ક્રોડ સાગરોપમ પછી પાંચમા દેવલોકના ઇન્દ્ર, **બ્રહ્મેન્દ્ર** ઈન્દ્રે **પાંચમો** ઉદ્ધાર કરાવ્યો. (૬) એક લાખ ક્રોડ વર્ષ બાદ ભવનપતિના ઈન્દ્ર–ચમરેન્દ્રે છઠ્ઠો ઉદ્ધાર કરાવ્યો. (૭) **શ્રી અજિતનાથ** ભગવાનના સમયમાં **સગર–ચક્રવર્તિએ** સાતમો ઉદ્ધાર કરાવ્યો. (૮) શ્રી અભિનંદન સ્વામિના સમયમાં આઠમો ઉદ્ધાર વ્યંતરેન્દ્રે કરાવ્યો. (૯) શ્રી ચન્દ્ર-**પ્રભસ્વામિના** સમયમાં નવમો ઉદ્ધાર **ચંદ્રયશા** રાજાએ કરાવ્યો. (૧૦) **શ્રી શાન્તિનાથ પ્રભુએ** આ તીર્થ ઉપર ચાતુર્માસ કર્યો તે સમયમાં તેમના પુત્ર **ચક્રાયુધે** દશમો ઉદ્ધાર કરાવ્યો. (૧૧) **શ્રી મુનિસુવ્રતસ્વામિના શાસનમાં**

દશરથરાજાના પુત્ર **શ્રી રામચન્દ્રજીએ** અગિયારમો ઉદ્ધાર કરાવ્યો. તેને લગભગ બાર લાખ વર્ષ થયાં. (૧૨) શ્રી **નેમિનાથ ભ.ના શાસનમાં પાંચ પાડવોએ બારમો** ઉદ્ધાર કરાવ્યો. તેને લગભગ ૮૭ હજાર વર્ષ થયા. (૧૩) **ભ. શ્રીમહાવીરપ્રભુના** શાસનમાં પાંચમા આરે વિ. સં. ૧૦૮ ની સાલમાં શ્રી **વજ્રસ્વામીજી**ના સદુપદેશથી **જાવડશાહે તેરમો** ઉદ્ધાર કરાવ્યો. (૧૪) પરમાર્હત્ **શ્રી કુમારપાલ રાજાના** વખતે ઉદયન મહામંત્રીના પુત્ર* બાહડમંત્રીએ વિ. સં. ૧૨૧૩માં ચૌદમો ઉદ્ધાર કરાવ્યો. (૧૫) વિ. સં. ૧૪૪૧ની સાલમાં **સમરાશાહે** પંદરમો ઉદ્ધાર કરાવ્યો. (૧૬) **વર્તમાનમાં** જે ચાલુ છે તે છેલ્લો વિ. સં. ૧૫૮૭ની સાલમાં ચિત્તોડના **કરમાશાહે** સોળમો ઉદ્ધાર કરાવ્યો છે. તેની પ્રતિષ્ઠા તિથિ **વૈશાખ વદી ૬ની** છે, તે આજ સુધી વર્ષગાંઠ તરીકે **દર** વર્ષે ઉજવાય છે. (૧૭) હવે **પાંચમા આરાના** અન્તમાં પૂ. આ. **શ્રી દુપ્પસહસૂરીશ્વરજી** મહારાજના સદુપદેશથી **વિમલવાહન** રાજા સત્તરમો ઉદ્ધાર કરાવશે.

ખરેખર આમ વિચારીએ તો આ શ્રી શત્રુંજય ગિરિરાજ મહાતીર્થના અસંખ્ય ઉદ્ધારો થયેલા છે, અને

---

* પૂ. શ્રી **ધનેશ્વરસૂરીશ્વરજીના** સમયે **શિલાદિત્યરાજાએ** ઉદ્ધાર કરાવ્યાનો પણ ઉલ્લેખ કોઈ સ્થળે મળે છે. નવાણું પ્રકારી પૂજામાં તો બાહડમંત્રીનો જ ઉલ્લેખ છે.

અનેક ઉદ્ધારો નાના મોટા થવાના છે, અહીં બહુ મોટી સંખ્યામાં શ્રી જિનમન્દિરો અને જિનપ્રતિમાજી ભગવાન



છે અને ભવિષ્યકાળમાં થશે. આજે પણ તે **મન્દિરોનાં નગર** તરીકે જગત-વિશ્વમાં પ્રસિદ્ધ પામેલ છે.

## શ્રી શત્રુંજય ગિરિરાજની ઊંચાઈ અને પહોળાઈ

પ્રથમ આરે ૮૦ યોજન લાંબો-પહોળો ૨૬ યોજન ઊંચો, બીજે આરે ૭૦ યોજન લાંબો અને ૨૦ યોજન ઊંચો, ત્રીજે આરે ૬૦ યોજન લાંબો અને ૧૬ યોજન ઊંચો. ચોથે આરે ૫૦ યોજન લાંબો અને ૧૦ યોજન ઊંચો. પાંચમે આરે ૧૨ યોજન લાંબો અને ૨ યોજન ઊંચો પ્રમાણનો છે. છેવટે છઠા આરાના અન્તે ૭ હાથ ઊંચોને સો ધનુષ્ય લાંબો-પહોળો રહેશે.×

× પહોળો એંશી યો-જન પ્રથમ આરે જ ગિરિએ,
અને ઊંચો ભાખ્યો,-વિમલગિરિ છવ્વીશ શુભએ;
દ્વિતીયારે સિત્તે,-૨ ગિરિવર વિસ્તાર જ થયો,

જ્યારે જ્યારે આ પાવનકારી તીર્થાધિરાજની છાયામાં આપણે જઈએ ત્યારે ત્યારે ભાવનાનો ઉલ્લાસ વધી જાય છે તેનું શું કારણ હશે ?

આનો ઉત્તર આ છે કે, આ શાશ્વત શત્રુંજયગિરિ-રાજ ઉપર અનેક શ્રી તીર્થંકર પરમાત્માઓ, અનેકાનેક શ્રી ગણધર ભગવંતો અને અનંતા તપસ્વી મુનિભગવંતોએ પધારી અહીં તપસ્યાઓ કરીને તથા અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપી તાર્યા છે, કાંકરે કાંકરે અનંતા આત્માઓ મુક્તિને વર્યા છે. તેથી આ ભૂમિ તીર્થ સ્વરૂપ થઈ, કારણ કે તે મહાત્માઓની તે મનોવર્ગણાઓ અને ભાષાવર્ગ-ણાઓ આદિતા શુભ પુદ્ગલ સ્કંધોથી પરમ પવિત્ર થયેલ અતિ શુભ પુદ્ગલોનો ભંડાર અહીં છે. અહીં આવનાર

---

અને ઊંચો એ યો,-જન ગિરિતણો વીંશ જ ભયો. ૩૪
વળી લાંબો ત્રીજે, વિમલગિરિએ સાઠ જ થયો,
અને તે ઊંચો યો,-જન ગિરિતણો સોળ જ ભયો;
થયો પંચાશદ યો,-જન ચઉજ આરે સુગિરિએ,
તથા રહ્યો એ યો,-જન દશ જ ઊંચો જગસુએ. ૩૫
પહોળો રહ્યો દ્વા,-દશ જ દુષમારે ગિરિજએ,
અને ઊંચો બે યો,-જન જ ગિરિ રહ્યો શુભ જએ,
થશે છઠે આરે, સુગિરિ પણ એ સપ્ત કર એ,
અને હોશે વિશ્વે, શત ધનુષ ઊંચો જ શુભ એ. ૩૬

—તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિ પંચાશિકામાંથી
કર્તા—પૂ. આ. શ્રી. વિજય સુશીલસૂરિજી મ. સા.

યાત્રિકોના અંતઃકરણ ઉપર તેની અસર થાય છે. તેથી જ અહીંનું વાતાવરણ અત્યન્ત ભાવોલ્લાસવાળું બની જાય છે. માટે અહીં નિંદા-કુથલીથી દૂર રહી દરેક યાત્રિકોએ સાવધાનપૂર્વક વર્તવું. નહિ તો અન્ય સ્થાનમાં કરેલ પાપો અહીં છૂટે છે, અહીં અવિવેકથી પાપ બાંધનાર આત્માનો પાપ વજ્રલેપ જેવું થઈ જાય. માટે દરેક ભવ્ય-આત્માઓએ તીર્થભૂમિમાં વિવેકથી વર્તવું જોઈએ.

આ પ્રમાણે શ્રી શુકરાજનું બોધદાયક સુંદર ચિત્રો સાથેનું અદ્ભુત ચરિત્ર વાંચીને બીજા ભવ્ય જીવો પણ પોતાનું આત્મકલ્યાણ સાધવામાં ઉદ્યમવાળા થાય એવી ભાવના સાથે વિરમું છું.

## જૈન ધર્મની પ્રાચીનતા

જૈનધર્મ અનાદિ હૈ. ચૌવીસ તીર્થંકરોં મેં શ્રી મહાવીર અંતિમ તીર્થંકર થે. વે યહ જૈનધર્મ કો પુનઃ પ્રકાશનમેં લાયે,–સ્થાપક નહિ, અહિંસા ધર્મ વ્યાપક હુઆ. આજકલ યજ્ઞો મેં પશુહિંસા નહીં હોતી–બ્રાહ્મણ ઔર હિન્દુ ધર્મ મેં માંસ ભક્ષણ, ઓર મદિરા–પાન બન્દ હો ગયા સો યહ ભી જૈનધર્મ કા હી પ્રતાપ હૈ. જૈનધર્મ કી છાપ બ્રાહ્મણ ધર્મપર પડી.

—લોકમાન્ય બાળગંગાધર તિલક

## બાળકોને ખાસ વંચાવો.

### બાળકોને આનંદ સાથે જ્ઞાન–બોધ આપતી

અત્યાર સુધી આ ગ્રંથાવલિના આઠ સોપાનો બહાર પડયાં છે.

**શાસનપ્રભાવક:-સાહિત્યપ્રેમી પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી મ.**

તેમની લેખન શૈલી નાના મોટા સૌને હોંસે હોંસે વાંચતા ગમી જાય તેવી સરળ છે અને પુસ્તકો ભાવવાહી સુંદર ચિત્રોથી ભરપૂર છે.

(૧) **અવન્તિપતિ વિક્રમાદિત્ય:**–પરદુઃખભંજન વિક્રમરાજાનો ટૂંક ધાર્મિક જીવન પરિચય કિં. ૫૦ પૈસા પેજ ૮૮ સચિત્ર

(૨) **સુપાત્ર દાનનો મહિમા યાને શ્રેષ્ઠિ ગુણસાર:**–૧૧ સુંદર ચિત્રો સહિત પ્રેરક જીવનકથા પેજ ૬૪ કિં. ૭૫ પૈસા ૩જી આવૃત્તિ

(૩) **જ્ઞાનપંચમીનો મહિમા યાને વરદત્ત ગુણમંજરી:**–દશ સુંદર ચિત્રો સહિત બોધદાયક બે જીવનકથા. પેજ ૫૬ કિં. ૭૫ પૈસા. ત્રીજી આવૃત્તિ.

(૪) **અખાત્રીજનો મહિમા:**–ભાવવાહી ૧૯ સુંદર ચિત્રો સાથે શ્રી રૂષભદેવ પ્રભુનું સરળ અને ટૂંકુ જીવનચરિત્ર. પેજ ૧૧૨ કિં. એક રૂપિયો.

(૫) **મૌન એકાદશીનો મહિમા યાને સુવ્રત શેઠ:**–ટૂંકમાં શ્રી નેમિનાથ પ્રભુનું અને સુવ્રત શેઠનું ચરિત્ર. ૧૪ ચિત્રો સાથે પેજ ૬૪ કિં. ૫૮ પૈસા

(૬) **પોષ દશમીનો મહિમા યાને શ્રી પાર્શ્વનાથ** અને **સુરદત્ત ચરિત્ર:**–૧૧ ભાવવાહી સુંદર ચિત્રો સાથે પેજ ૬૪ કિં. ૭૫ પૈસા બીજી આવૃત્તિ.

(૭) **મંગલકલશ:**– ભાવવાહી સુંદર ચિત્રો સહિત પેજ ૭૨ કિં. ૭૫ પૈસા

(૮) **રોહિણી તપનો મહિમા:**– ભાવવાહી ૧૧ ચિત્રો સહિત પેજ ૬૪ કિં. ૭૫ પૈસા

**પ્રાપ્તિસ્થાન:** રસિકલાલ અમૃતલાલ શાહ. ઠે. જ્યોતિ હાઈસ્કૂલ સામે, નગર શેઠનો વંડો. ઘીકાંટારોડ, અમદાવાદ—૧ **ટે. ૨૩૧૪૨**

(પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાંથી તથા પ્રકાશકને ત્યાંથી મળશે.)

બાળકોને આનંદ સાથે જ્ઞાન-બોધ આપતી

વાંચો ! અને વંચાવો **શિશુ-બોધ સોપાન ગ્રંથાવલિ**

**શાસનપ્રભાવક:-સાહિત્યપ્રેમી પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી** ની પ્રેરણાથી આ **ગ્રંથાવલિના** આઠ સોપાનો બહાર પડયા છે.

**તે બાળકોને ખાસ વંચાવો.**

તેની લેખન શૈલી નાના મોટા સૌને હોંસે હોંસે વાંચતા ગમી જાય તેવી સરળ છે અને ભાવવાહી સુંદર ચિત્રોથી પુસ્તકો ભરપૂર છે.

(૧) **અવન્તિપતિ વિક્રમાદિત્ય:**-પરદુ:ખભંજન વિક્રમરાજાનો ટૂંક ધાર્મિક જીવનપરિચય સચિત્ર. કિં. ૫૦ પૈસા પેજ ૮૮

(૨) **સુપાત્ર દાનનો મહિમા યાને શ્રેષ્ઠિ ગુણસાર:**-૧૧ સુંદર ચિત્રો સહિત પ્રેરક જીવનકથા પેજ ૭૨ કિં. ૭૫ પૈસા. ૩ આવૃત્તિ.

(૩) **જ્ઞાનપંચમીનો મહિમા યાને વરદત્ત ગુણમંજરી:**- દશ સુંદર ચિત્રો સહિત બોધદાયક બે જીવન કથા. કિં. ૭૫ પૈસા. ત્રીજી આવૃત્તિ.

(૪) **અખાત્રીજનો મહિમા :**- ભાવવાહી ૧૯ સુંદર ચિત્રો સાથે શ્રી ઋષભદેવ પ્રભુનું સરળ અને ટૂંકુ જીવનચરિત્ર. પેજ ૧૧૨ કિં. એક રૂપિયા.

(૫) **મૌન એકાદશીનો મહિમા યાને સુવ્રત શેઠ :**- ટૂંકમાં શ્રી નેમિનાથ પ્રભુનું અને સુવ્રત શેઠનું ચરિત્ર. ૧૪ ચિત્રો સાથે પેજ ૬૪ કિં. ૫૬ પૈસા.

(૬) **પોષ દશમીનો મહિમા યાને શ્રી પાર્શ્વનાથ અને સુરદત્ત ચરિત્ર :**- ૧૩ ભાવવાહી સુંદર ચિત્રો સાથે પેજ ૬૪ કિં. ૭૫ પૈસા બીજી આવૃત્તિ.

(૭) **મંગલકલશ :** ભાવવાહી ૧૨ ચિત્રો સહિત બીજી બે વાર્તાઓ પેજ ૭૨ કિં. ૭૫ પૈસા.

(૮) **રોહિણી તપનો મહિમા :**- ભાવવાહી ૧૧ ચિત્રો સહિત પેજ ૬૪ કિં. ૭૫ પૈસા

**પ્રાપ્તિસ્થાન-શ્રી રસિકલાલ અમૃતલાલ શાહ** ઠે. નગરશેઠનો વંડો જ્યોતિ હાઈસ્કૂલ સામે, ઘીકાંટા રોડ, **અમદાવાદ-૧** ટે. નં. ૨૩૧૪૨

પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાંથી તથા પ્રકાશકને ત્યાંથી પણ મલશે.

## ભગવાન શ્રી નેમિનાથ અને શ્રી કૃષ્ણ :-




આ પુસ્તકમાં ત્રિકાળજ્ઞાની કથિત
સાહિત્યની દૃષ્ટિએ આજથી છયાસી
વર્ષ પૂર્વે થયેલ ભગવાન શ્રી નેમિ
શ્રી કૃષ્ણવાસુદેવ, બલદેવજી તથા વસુદે
યાદવો, પાંડવો અને કૌરવો તેમજ સત્યભ
રુક્ષ્મણી, શાંબ, પ્રદ્યુમ્ન, જરાસંધ,
વિગેરેનો જીવન પરિચય તથા દ્વારિક
તેમજ શ્રીકૃષ્ણના આગામી ભવ સં
વૃત્તાંત બોધક, સરળ અને સુંદર શૈ
આલેખાયેલ છે. ભાવવાહી અને પ્રાસ
૩૪ સુંદર ચિત્રો તથા ૨૦૮ પૃષ્ઠનું દ
પુસ્તક હોવા છતાં પ્રચાર માટે કિ
માત્ર બે રૂપિઆ. પોષ્ટ ખર્ચ અલગ

### સુસંસ્કારોને પોષણ આપતી અને આનંદ સાથે જ્ઞાન-બોધ આ

## શિશુ—બોધ—સોપાન—ગ્રન્થાવલી




[ સોપાન ત્રીજું ]

### જ્ઞાનપંચમીનો મહિમા ય
### વરદત્ત-ગુણમંજરી

જ્ઞાનપંચમીના મહાન પર્વ નિ
વર્ણન આ પુસ્તકમાં કરવામાં આ
છે. તેમાં જ્ઞાનની મહત્તા, જ્ઞાનથી
લાભો અને જ્ઞાનની આશાતનાથી
ગેરલાભો સુંદર રીતિએ આલેખ્યાં
એ જીવનકથાના ભાવવાહી સાત
પણ આપવામાં આવ્યાં છે. આ
કના વાચનથી બાળકો જ્ઞાનપં
પર્વની વિશિષ્ટતા સ્પષ્ટ સમજી
ઘણા સુધારા વધારા સાથે ત્રીજી આ

**એક નકલના ૭૫ પૈસા**

ોષણ આપતી અને આનંદ સાથે જ્ઞાન-બોધ આપતી

## શુ—બોધ—સોપાન—ગ્રન્થાવલી

### ા પાંચમું) મૌન એકાદશીનો મહિમા યાને
### સુવ્રત શેઠ-સચિત્ર.

ાથ પ્રભુએ મૌન એકાદશી પર્વનું સ્વરૂપ વર્ણવેલ તે તેમજ
ુનો ટૂંક જીવન પરિચય અને આ મૌન એકાદશી પર્વનું
ી કરનાર સુવ્રત શેઠનું બોધદાયક કથાનક આ પુસ્તિકામાં
આપવામાં આવેલું છે. આ પ્રસંગને ઉચિત ૧૪ સુંદર
ાપ્યાં છે એક નકલની કિંમત માત્ર **નવ આના.** પૃ. ૬૪




### [ સોપાન છઠું ]
### પોષદશમીનો મહિમા યાને
### શ્રી પાર્શ્વનાથ અને સુરદત્તચરિત્ર

આ પુસ્તકમાં શ્રીમહાવીરપ્રભુએ શ્રેણિક મહારાજાને પોષદશમીનું સ્વરૂપ કહેલ તે તેમજ શ્રીપાર્શ્વનાથ પ્રભુનો ટૂંક જીવન પરિચય અને પોષદશમી પર્વની આરાધના કરનાર સુરદત્ત શેઠની વાર્તા સરળ અને બોધક શૈલીએ સુંદર ભાવાહી ૧૪ ચિત્રો સાથે આલેખાયેલ છે. પૃષ્ઠ ૬૪

**૭૫ પૈસા** પોસ્ટેજ અલગ

ાન : **શ્રી. રસિકલાલ અમૃતલાલ શાહ**
હાઇસ્કૂલ સામે, નગરશેઠનો વંડો, ઘીકાંટા રોડ,
**અમદાવાદ-૧.**

ે આઠમું સોપાન "મંગલકલશ તથા રોહીણી તપનો
વવાહી ચિત્રો સાથે સમયમાં બહાર પડી ગયા છે.

**કિં. ૭૫ પૈસા**

બાળકોને આનંદ સાથે જ્ઞાન-બોધ આપતી

વાંચો! અને વંચાવો

# શિશુ-બોધ સોપાન ગ્રંથાવલિ

શાસનપ્રભાવકઃ-સાહિત્યપ્રેમી પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી ની પ્રેરણાથી આ ગ્રંથાવલિના આઠ સોપાનો બહાર પડયા છે.

તે બાળકોને ખાસ વંચાવો.

તેની લેખન શૈલી નાના મોટા સૌને હોંસે હોંસે વાંચતા ગમી જાય તેવી સરળ છે અને ભાવવાહી સુંદર ચિત્રોથી પુસ્તકો ભરપૂર છે.

(૧) અવન્તિપતિ વિક્રમાદિત્ય:-પરદુઃખભંજન વિક્રમરાજાનો ટૂંક ધાર્મિક જીવનપરિચય સચિત્ર. કિં. ૫૦ પૈસા પેજ ૮૮

(૨) સુપાત્ર દાનનો મહિમા યાને શ્રેષ્ઠિ ગુણસારઃ-૧૧ સુંદર ચિત્રો સહિત પ્રેરક જીવનકથા પેજ ૭૨ કિં. ૭૫ પૈસા. ૩ આવૃત્તિ

(૩) જ્ઞાનપંચમીનો મહિમા યાને વરદત્ત ગુણમંજરી:- દશ સુંદર ચિત્રો સહિત બોધદાયક બે જીવન કથા. કિં. ૭૫ પૈસા. ત્રીજી આવૃત્તિ.

(૪) અખાત્રીજનો મહિમા :- ભાવવાહી ૧૯ સુંદર ચિત્રો સાથે શ્રી ઋષભદેવ પ્રભુનું સરળ અને ટૂંકુ જીવનચરિત્ર. પેજ ૧૧૨ કિં. એક રૂપિયા.

(૫) મૌન એકાદશીનો મહિમા યાને સુવ્રત શેઠ :- ટૂંકમાં શ્રી નેમિનાથ પ્રભુનું અને સુવ્રત શેઠનું ચરિત્ર. ૧૪ ચિત્રો સાથે પેજ ૬૪ કિં. ૫૬ પૈસા.

(૬) પોષ દશમીનો મહિમા યાને શ્રી પાર્શ્વનાથ અને સુરદત્ત ચરિત્ર :- ૧૩ ભાવવાહી સુંદર ચિત્રો સાથે પેજ ૬૪ કિં. ૭૫ પૈસા બીજી આવૃત્તિ.

(૭) મંગલકલશ : ભાવવાહી ૧૨ ચિત્રો સહિત બીજી બે વાર્તાઓ પેજ ૭૨ કિં. ૭૫ પૈસા.

(૮) રોહિણી તપનો મહિમા :- ભાવવાહી ૧૧ ચિત્રો સહિત પેજ ૬૪ કિં. ૭૫ પૈસા

પ્રાપ્તિસ્થાન-શ્રી રસિકલાલ અમૃતલાલ શાહ ઠે. નગરશેઠનો વંડો જ્યોતિ હાર્ડવેર સામે, ઘીકાંટા રોડ, અમદાવાદ-૧ ટે. નં. ૨૩૧૪૨

પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાંથી તથા પ્રકાશકને ત્યાંથી પણ મળશે.